RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 23-10-2026 I VOL : 12 I Issue : 218 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

તમારું ભવિષ્ય તમારા આજના નિર્ણયોથી બને છે.

3  આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના કડક માર્ગદર્શન હેઠળ 6 લાખથી વધુ...

4  મારો સ્વભાવ જ આવો છે! - એવું કહીને આપણે છટકી જઈએ છીએ...

6  અભિનેત્રી મલાઈકા અરોરા ફરી સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી

7  ભારતે પહેલી T20માં ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું

## SIR વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટેની સખત ટિપ્પણી

# ચૂંટણીમાં ગરબડ થશે તો ચૂપચાપ નહીં બેસીએ: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી

આંધ્રપ્રદેશમાં શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન થયેલી હિંસા અને નામાંકનમાં અવરોધો વચ્ચે સુપ્રીમ કોર્ટે રાજ્ય ચૂંટણી પંચને સખત નિર્દેશ આપ્યા છે.

જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચે આંધ્રપ્રદેશ ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો છે કે, તે વિપક્ષી પાર્ટી 'યુવજન શ્રમિક રાયથુ કોંગ્રેસ પાર્ટી' (YSRCP)ની નામાંકનની સમયસીમા વધારવાની માંગ પર વિચાર કરે અને ઉમેદવારોની અંતિમ યાદીનું પ્રકાશન 23 ઓક્ટોબર સુધી મોકૂફ રાખે YSRCP એ આરોપ લગાવ્યો હતો કે, હિંસા અને કાયદો-વ્યવસ્થાની ખરાબ સ્થિતિના કારણે તેના અંદાજે બે-તૃતીયાંશ ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભરતા રોકવામાં આવ્યા હતા. હાઈકોર્ટમાંથી રાહત ન મળ્યા બાદ પાર્ટીએ સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા.



સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ સંવિધાનનું મૂળ માળખું છે. જોકે બંધારણીય અદાલતો સામાન્ય રીતે ચૂંટણી પ્રક્રિયામાં દખલગીરી કરતી નથી, પરંતુ જ્યારે ચૂંટણી પ્રક્રિયાને ગેરબંધારણીય કે ગેરકાયદેસર રીતે દૂષિત કરવાનો પ્રયાસ થાય, ત્યારે કોર્ટના હાથ બંધાયેલા હોતા નથી. ચૂંટણી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ જાળવી રાખવો એ લોકશાહીના અસ્તિત્વ માટે અનિવાર્ય છે અને વિપક્ષ દ્વારા રજૂ કરાયેલા વીડિયો પુરાવાઓને આધારે કોર્ટ આંખ આડા કાન કરી શકે નહીં.

આંધ્રપ્રદેશમાં શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં હિંસા અને નામાંકન અવરોધો મુદ્દે સુપ્રીમ કોર્ટે રાજ્ય ચૂંટણી પંચને કડક નિર્દેશ આપ્યા.

YSRCPના 2/3 ઉમેદવારોને રોકાયાના આરોપ બાદ SCએ નામાંકન સમયમર્યાદા વધારવા વિચારણા કરવા અને ઉમેદવારોની અંતિમ યાદી 23 ઓક્ટોબર સુધી મોકૂફ રાખવા જણાવ્યું. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, મુક્ત ચૂંટણી બંધારણનો મૂળભૂત ભાગ છે.

## એક નજર...

### ઝારા યાસ્મિને ઈટલીમાં આપ્યા ગ્લેમરસ પોઝ



ઝારા યાસ્મીનની ઘણી બોલ્ડ તસવીરો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જે બાદ દરેકના મનમાં એક જ સવાલ છે કે આ ઝારા યાસ્મીન કોણ છે અને તે ક્યાંની છે. 8 જાન્યુઆરી 1994ના રોજ આસામમાં જન્મેલી ઝારા યાસ્મીન એક મોડલ અને બિઝનેસવુમન પણ છે. હાલ તે સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે.

## NEWS TRACK

### દાઉદ ત્યાં જ છુપાયો છે જ્યાં લાદેન મળ્યો હતો: ડી-કંપની રિપોર્ટ મામલે સંયુક્ત રાષ્ટ્ર પર ભડક્યું ભારત

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમ અને તેની D-Companyને ભારત આધારિત ગુનાહિત સંગઠન ગણાવતા એક અહેવાલ સામે સખત વાંધો ઉઠાવ્યો છે. ભારતે અહેવાલમાં તથ્યાત્મક ભૂલો હોવાનો ઉલ્લેખ કરીને કહ્યું કે આવી બેદરકારી સંયુક્ત રાષ્ટ્ર જેવી વૈશ્વિક સંસ્થાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડે છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનના પ્રથમ સચિવ રઘુ પુરીએ બુધવારે મહાસભાની ત્રીજી સમિતિમાં આ મુદ્દે ભારતનો પક્ષ રજૂ કર્યો હતો. આતંકવાદનો સામનો કરતી વખતે માનવાધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે નિયુક્ત વિશેષ અહેવાલકર્તા બેન સૉલના અહેવાલના સંદર્ભમાં ભારતે આ વાંધો ઉઠાવ્યો હતો. રઘુ પુરીએ કહ્યું કે વિશેષ અહેવાલકર્તા દ્વારા તથ્યાત્મક ભૂલો ધરાવતા અહેવાલો રજૂ કરવામાં આવે અને તેના માટે જવાબદારી નક્કી ન થાય, તે અસ્વીકાર્ય છે. તેમણે ઉમેર્યું કે આવી સ્થિતિ સંયુક્ત રાષ્ટ્ર જેવી સંસ્થા માટે દુર્ભાગ્યપૂર્ણ છે, જે પહેલેથી જ તેની વિશ્વસનીયતા અંગેના પડકારોનો સામનો કરી રહી છે.

### લાલ સમુદ્રમાં 14 ભારતીયો સવાર બોટ પર સાઉદીની એરસ્ટ્રાઇક: હુથી બળવાખોરોનો ચોંકાવનારો દાવો

યમનના હુથી બળવાખોરોએ દાવો કર્યો છે કે લાલ સમુદ્રમાં 14 ભારતીય નાગરિકોને લઈ જઈ રહેલી એક બોટ પર સાઉદી અરેબિયાએ એરસ્ટ્રાઈક કરી છે. આ ઘટના બાદ હુથી બળવાખોરોએ જણાવ્યું કે તેઓ બોટમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહ્યા છે. હાલમાં આ સમગ્ર મામલે માત્ર હુથીઓ તરફથી જ નિવેદન આવ્યું છે, જ્યારે સાઉદી અરેબિયા તરફથી હજી સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી હુથી બળવાખોરોના સૈન્ય પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહ્યા સરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપતાં જણાવ્યું કે સાઉદી અરેબિયાએ લાલ સમુદ્રમાં આવેલા ઝુકર ટાપુ નજીક ભારતીય બોટને નિશાન બનાવી હતી. પ્રાથમિક વિગતો અનુસાર આ બોટમાં 14 ભારતીય નાગરિકો સવાર હતા. પ્રવક્તાના જણાવ્યા મુજબ તેમની ટીમે નાગરિકોને સુરક્ષિત બહાર કાઢવાની કામગીરી હાથ ધરી છે અને આ વિશે વધુ વિગતો ટૂંક સમયમાં આપવામાં આવશે.

## મોદી કેબિનેટમાં મોટા ફેરબદલના એંધાણ! સીમાંકન બિલ અંગે અટકળો વચ્ચે રાજ્યસભામાં પેટાચૂંટણી જાહેર

નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રી એલ. મુરુગનના રાજીનામા બાદ ખાલી પડેલી મધ્ય પ્રદેશની રાજ્યસભા બેઠક માટે 12 નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે. 26 ઑક્ટોબરથી ઉમેદવારી પ્રક્રિયા શરૂ થશે. મુરુગને તમિલનાડુમાં પક્ષને મજબૂત કરવા રાજીનામું આપ્યું. સીમાંકન બિલની અટકળો વચ્ચે ભાજપ ડીએમકેનો સહયોગ મેળવી રહ્યું છે. 163 ધારાસભ્યો સાથે ભાજપ મધ્ય પ્રદેશમાં આ બેઠક સરળતાથી જીતી શકે છે. સંસદમાં સીમાંકન સુધારા બિલ લાવવાની અટકળો અને કેન્દ્ર સરકારના બે તૃતીયાંશ બહુમતીના ગણિત વચ્ચે રાજ્યસભામાં વધુ એક પેટાચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા એલ. મુરુગને મંત્રી પરિષદ અને રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપી દેતાં ખાલી પડેલી બેઠક માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર ચૂંટણી કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. મધ્ય પ્રદેશમાંથી આવતી આ રાજ્યસભા બેઠક માટે 26 ઑક્ટોબરથી ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થશે, જ્યારે 12 નવેમ્બરે મતદાન અને મતગણતરી યોજાશે.

## સોનિયા ગાંધીનું ઇન્સ્ટાગ્રામ પર ડેબ્યૂ: નવા પુસ્તકનો વીડિયો શેર કર્યો

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ ગુરુવારે પહેલી વાર પોતાનું ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવ્યું. તેમણે પોતાની પહેલી પોસ્ટમાં આવનારી પુસ્તક 'Belonging: A Journey of Love'નો વીડિયો શેર કર્યો. આ પુસ્તક 10 નવેમ્બરે પબ્લિશ થશે. સોનિયાએ ગુરુવારે સવારે લગભગ 9 વાગ્યે પહેલી પોસ્ટ કરી હતી. બપોરે 12 વાગ્યા સુધીમાં 59 હજાર લોકોએ તેને લાઈક કરી હતી. તેમના 13 હજાર ફોલોઅર્સ છે. બીજી તરફ, સોનિયા ગાંધી પોતાના અકાઉન્ટ પરથી રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસને ફોલો કરી રહ્યાં છે. સોનિયાએ પોસ્ટમાં લખ્યું કે નમસ્કાર, હું મારી પુસ્તક આપ સૌ સાથે શેર કરીને ખુશ છું. આ પ્રેમ, કર્તવ્ય, પોતાના લોકોને ગુમાવવાની અને પોતાના માટેની જગ્યા શોધવાની વાર્તા છે. હું તેને આપ સૌ સાથે શેર કરવા માટે ઉત્સુક છું.

## છત્તીસગઢમાં બેકાબૂ બસ ઝાડ સાથે અથડાતાં 6ના મોત

રાયપુર

છત્તીસગઢના મનેન્દ્રગઢ-કેલ્હારી માર્ગ પર પહાડહંસવાહી નજીક એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. મુસાફરોથી ભરેલી એક પેસેન્જર બસ અચાનક કાબૂ ગુમાવી દેતાં રસ્તાની બાજુમાં આવેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર દુર્ઘટનામાં 6 મુસાફરોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે 15 મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. ટક્કર એટલી જોરદાર હતી કે ઘટનાસ્થળે જ અફરાતફરી અને મુસાફરોની ચીસાચીસ મચી ગઈ હતી. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. આ સાથે જ પોલીસ અને આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રાહતકર્મીઓએ એમ્બ્યુલન્સ મારફતે તમામ 15 ઘાયલ મુસાફરોને સારવાર માટે મનેન્દ્રગઢની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માત બાદ તરત જ બસ ડ્રાઈવર સહિત 2 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, પરંતુ બાદમાં મૃત્યુઆંક વધીને 6 પર પહોંચ્યો હતો.

# ટીવી ડિબેટ્સમાં ઝઘડતા નેતાઓ પર હવે કેન્દ્ર સરકારની તવાઈ

## ચેનલોને આદેશ- માઈક મ્યૂટ કરો અથવા લાઈવ ફીડ કાપી નાખો!

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ટીવી ચેનલોને ન્યૂઝ ચર્ચાઓમાં સંપાદકીય નિયંત્રણ કડક બનાવવા આદેશ આપ્યો છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે બુધવારે જણાવ્યું કે, પેનલિસ્ટ અપમાનજનક કે ભડકાઉ નિવેદન આપે તો અવાજ બંધ કરવા, કાર્યક્રમ અટકાવવા અથવા પ્રસારણ બંધ કરવા જેવા પગલાં લેવા પડશે. આતંકવાદ વિરોધી કાર્યવાહીના લાઈવ કવરેજથી દૂર રહેવા અને સમાચારની ચોકસાઈ જાળવવા પણ સૂચના અપાઈ છે. કેન્દ્ર સરકારે ટીવી ચેનલોને સમાચાર ચર્ચા અને પેનલ ચર્ચા દરમિયાન સંપાદકીય નિયંત્રણ વધુ કડક રાખવા સૂચના આપી છે. ચર્ચામાં કોઈ પેનલિસ્ટ અપમાનજનક, અભદ્ર, કોમી અથવા ભડકાઉ નિવેદન આપે તો તેનો અવાજ બંધ કરવા, કાર્યક્રમ અટકાવવા અથવા પ્રસારણ બંધ કરવા જેવા પગલાં લેવા જણાવાયું છે.

### ચર્ચામાં અભદ્ર ભાષા વાપરે તો તાત્કાલિક પગલાં લો

મંત્રાલયે જણાવ્યું કે ટીવી ચેનલોએ ચર્ચામાં ભાગ લેનારા પેનલિસ્ટ અને અન્ય વ્યક્તિઓની પસંદગી કરતી વખતે પૂરતી કાળજી રાખવી જોઈએ. કાર્યક્રમ દરમિયાન કોઈ વ્યક્તિ અભદ્ર, અપમાનજનક કે ભડકાઉ ભાષાનો ઉપયોગ કરે તો તેને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાં જોઈએ. તેમાં માઈક મ્યૂટ કરવો, ડિસ્ક્લેમર દર્શાવવો, ચર્ચા અટકાવવી અથવા પ્રસારણ બંધ કરવું સામેલ છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેટલીક ખાનગી સેટેલાઈટ ટીવી ચેનલો કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (રેગ્યુલેશન) એક્ટ, 1995 અને કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ રૂલ્સ, 1994 હેઠળના પ્રોગ્રામ કોડનું પાલન કરતી ન હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

### ગુના અને હિંસાના અહેવાલોમાં ચકાસેલા તથ્યો જરૂરી

મંત્રાલયે ગુના અને હિંસા સંબંધિત અહેવાલો ચકાસેલા તથ્યો પર આધારિત અને સંતુલિત રાખવા સૂચના આપી છે. અડધી-અધૂરી માહિતી અથવા ખોટા સંકેતોના આધારે અહેવાલ રજૂ ન કરવા પણ જણાવાયું છે. હિંસક, ભયાનક અથવા અસ્વસ્થ કરી શકે તેવા દૃશ્યો દર્શાવતી વખતે યોગ્ય સાવચેતી રાખવા, આવા દૃશ્યો વારંવાર ન બતાવવા અને જરૂર જણાય ત્યાં બ્લરિંગ અથવા માસ્કિંગનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે. ગુનાનું મહિમામંડન કરતી અથવા ગેરકાયદેસર વર્તનને સામાન્ય બનાવતી સનસનાટીભરી રજૂઆત ટાળવા પણ કહેવાયું છે.

# આઇકેડીઆરસીમાં 'નિવૃત્તોનું રાજ' અને વહીવટ ખાડે: સર્જન ડાયરેક્ટરની મજબૂરી કે મનમાની?

અમદાવાદ

અમદાવાદના સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી અને સમગ્ર એશિયામાં કિડનીની સારવાર માટે નામના ધરાવતી 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર' (IKDRC) એટલે કે કિડની હોસ્પિટલ હાલ તબીબી ક્ષેત્રની સફળતાઓને કારણે નહીં, પરંતુ તેના તળિયાઝાટક કથળેલા વહીવટ અને અંદરોઅંદર ધગધગતા આક્રોશને કારણે અખબારોની સુર્ખીઓ બની છે. ડાયરેક્ટર તરીકે ડો. પ્રાંજલ મોદીએ હોદ્દો સંભાળ્યા બાદ હોસ્પિટલની ગરિમા સુધરવાને બદલે ચારેય તરફથી ફરિયાદોનો અંબાર ખડકાઈ ગયો છે. હોસ્પિટલમાં એવું તો શું ચાલી રહ્યું છે કે દર્દીઓથી લઈને વર્ષોથી કામ કરતા નીચલા અને કાયમી કર્મચારીઓમાં ભારે રોષ અને અસંતોષની લાગણી જન્મી છે? આ સમગ્ર પરિસ્થિતિ પાછળ આખરે કયા સમીકરણો અને કયા કાળા કરતુતો જવાબદાર છે? ઊંડાણપૂર્વક અને ઝીણવટભરી તપાસ કરતા જે સત્ય બહાર આવ્યું છે તે અત્યંત ચોંકાવનારૂં અને આઘાતજનક છે. હોસ્પિટલમાં સર્જાયેલી આ અરાજકતા અને ગેરવહીવટના મૂળમાં ડાયરેક્ટર ડો. પ્રાંજલ મોદી દ્વારા સરકારી નિયમોની ધજાગરા ઉડાડીને મનસ્વી રીતે કરવામાં આવેલી વય-નિવૃત્ત કર્મચારીઓની પુનઃનિમણૂકો (રી-એમ્પ્લોયમેન્ટ) છે.

### તબીબી ક્ષેત્રના સર્જન પરંતુ વહીવટમાં સદંતર નિષ્ફળ: 6-6 હોદ્દાનો મોહજાળ!

ડો. પ્રાંજલ મોદી તબીબી ક્ષેત્રે એક કુશળ અને નામાંકિત સર્જન ચોક્કસ હોઈ શકે, પરંતુ સંસ્થાના મુખ્ય વહીવટકર્તા તરીકે તેઓ તદ્દન નિષ્ફળ નીવડ્યા છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, ડો. પ્રાંજલ મોદી પોતાની પાસે તબીબી સેવાઓ ઉપરાંત લગભગ છ જેટલી અલગ-અલગ ઉચ્ચ વહીવટી જવાબદારીઓ અને ચાવીરૂપ હોદ્દાઓ જાળવી રાખીને બેઠા છે. હવે સવાલ એ ઊભો થાય છે કે, એક જ વ્યક્તિ દરરોજ જટિલ સર્જરીઓ પણ કરે અને સાથે સાથે છ-છ વિભાગોનો વહીવટ પણ સંભાળે તે વ્યવહારિક રીતે કેવી રીતે શક્ય બને? સર્જરીના ઓપરેશન થિયેટર અને વહીવટી ખુરશી વચ્ચે તાલમેલ જાળવવામાં ડો. મોદી સાવ સરિયામ નિષ્ફળ નીવડ્યા છે.



બધી જવાબદારીઓ પર પહોંચી વળવાની તેમની ક્ષમતા ન હોવા છતાં, હોદ્દાઓ છોડવાને બદલે તેમણે એક નવો જ આડકતરો રસ્તો અપનાવ્યો છે. તેમણે સરકારી નીતિ-નિયમો, મર્યાદાઓ અને નૈતિકતાને બાજુએ મૂકીને ઉચ્ચ વહીવટી હોદ્દાઓ પર નિવૃત્ત થઈ ચૂકેલા કર્મચારીઓને મનસ્વી રીતે બેસાડી દીધા છે.

### CAG જેના પર સવાલો ઉઠાવી ચૂકી છે તેવા 'નિવૃત્તો'ના હાથમાં હોસ્પિટલની કમાન!

કિડની હોસ્પિટલમાં અત્યારે 'ઓ.એસ.ડી. ટુ ડાયરેક્ટર' (OSD to Director), 'વહીવટી અધિકારી' (Administrative Officer) અને 'હિસાબી અધિકારી' (Account Officer) જેવા સંસ્થાના અત્યંત મહત્વના અને સંવેદનશીલ હોદ્દાઓ પર વય-નિવૃત્ત કર્મચારીઓ અડિંગો જમાવીને બેઠા છે.

અહીં સૌથી ગંભીર બાબત તો એ છે કે, આ તમામ એવા કર્મચારીઓ છે કે જેમના ભૂતકાળના કામકાજ અને વહીવટી નિર્ણયો સામે કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) દ્વારા પણ સત્તાવાર રીતે ગંભીર સવાલો અને શંકાઓ વ્યક્ત કરવામાં આવી ચૂકી છે! જે કર્મચારીઓની ભૂતકાળની ભૂમિકા સામે ઓડિટ શંકાના દાયરામાં હોય, તેવા જ લોકોને ફરીથી હોસ્પિટલનો આખો વહીવટ ચલાવવા માટે લાલ જાંપામંથરાઈ રહ્યા છે.

### "કંઇ ગુમાવવાનો ડર નથી" – બેફામ ગેરરીતિ અને તાનાશાહીનું મુખ્ય કારણ!

આવા વય-નિવૃત્ત કર્મચારીઓને શા માટે આટલો મોટો છૂટો દોર મળી ગયો છે? તેની પાછળનું ગણિત સાવ સાદું પરંતુ ભયાનક છે:

કોઈ નુકસાન કે પેન્શન અટકવાનો ડર નથી: આ તમામ કર્મચારીઓ સરકારી નિયમ મુજબ પોતાની વય-નિવૃત્તિ વટાવી ચૂક્યા છે અને સરકાર પાસેથી નિવૃત્તિના તમામ નાણાકીય લાભો (જેવા કે ગ્રેચ્યુઈટી, પ્રોવિડન્ટ ફંડ, પેન્શન) મેળવી ચૂક્યા છે.

કોન્ટ્રાક્ટ આધારિત નોકરી: તેઓ હાલ તદ્દન કોન્ટ્રાક્ટ બેઝ (કરાર આધારિત) પર કામ કરી રહ્યા છે.

શૂન્ય જવાબદારી: જો હોસ્પિટલના વહીવટમાં કોઈ મોટો ભ્રષ્ટાચાર થાય, નાણાકીય ગેરરીતિ આચરવામાં આવે કે સંસ્થાને કરોડોનું નુકસાન થાય, તો પણ તેમની સામે કાનૂની રીતે કોઈ મોટી કાર્યવાહી કરવાનો કે તેમના સરકારી લાભો અટકાવવાનો કોઈ ભય રહેતો નથી.

'હવે અમારું કંઈ જ બગડવાનું નથી' તેવી બેફામ અને બેફિકર માનસિકતાને કારણે આ નિવૃત્ત અધિકારીઓ કિડની હોસ્પિટલમાં પોતાની મનસ્વી નીતિઓ ચલાવી રહ્યા છે, નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને તાનાશાહની જેમ વહીવટ ચલાવી રહ્યા છે.

### કર્મચારીઓમાં રોષ અને શોષણ: સંસ્થાનો વહીવટ સંપૂર્ણપણે ખાડે ગયો

બીજી તરફ, ડાયરેક્ટર ડો. પ્રાંજલ મોદી પોતે મોટાભાગનો સમય સર્જરીઓમાં અને તબીબી કામગીરીમાં વ્યસ્ત રહેતા હોવાથી હોસ્પિટલના રોજબરોજના વહીવટ પરથી તેમનો અંકુશ સાવ છૂટી ગયો છે. ડાયરેક્ટરની ગેરહાજરી અને અજ્ઞાનતાનો સીધો ફાયદો ઉઠાવીને આ 'નિવૃત્ત મંડળી' પોતાની મનમાની ચલાવી રહી છે. નાના કર્મચારીઓની બદલીઓ કરવી, કાયમી સ્ટાફની ન્યાયી માગણીઓને દબાવી દેવી, નાણાકીય નિર્ણયોમાં પોતાની મરજી ચલાવવી અને સ્ટાફ સાથે ઉદ્ધત વર્તન કરવું - આ બધું જ રોજનું બની ગયું છે. હોસ્પિટલમાં વર્ષોથી ઈમાનદારીથી સેવા આપતા કાયમી કર્મચારીઓ, જુનિયર ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફમાં આ વય-નિવૃત્ત અધિકારીઓના વલણથી ઘોર નિરાશા, માનસિક તણાવ અને તીવ્ર આક્રોશ વ્યાપી ગયો છે. ટૂંકમાં કહીએ તો, એશિયાની નામાંકિત કિડની હોસ્પિટલનો વહીવટ આજે સંપૂર્ણપણે ખાડે ગયો છે.

### 'પાક્કો ગુજરાત'નો આકરો સવાલ

આજે કિડની હોસ્પિટલ જેવા સંવેદનશીલ ધામને નિષ્ણાત ડોક્ટરોની અને દર્દીઓની સંવેદના સમજી શકે તેવા વહીવટદારોની જરૂર છે, નહીં કે પોતાના સ્વાર્થ માટે અડિંગો જમાવીને બેઠેલા નિવૃત્તોના તાનાશાહી શાસનની.

હવે સવાલ એ થાય છે કે, શું આરોગ્ય વિભાગ અને રાજ્ય સરકાર આ સમગ્ર ખેલ જોઈને મૌન રહેશે? શું CAGના અહેવાલો અને કર્મચારીઓના આક્રોશને ધ્યાને લઈને આ 'નિવૃત્ત ગુંગળામણ'માંથી કિડની હોસ્પિટલને મુક્ત કરાવવામાં આવશે? કે પછી ડો. પ્રાંજલ મોદી અને તેમના નિવૃત્ત અધિકારીઓની મનમાની હેઠળ એશિયાની આ મહાન સંસ્થાને વધુ બરબાદ થવા દેવાશે?

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સુરતમાં શર્મસાર ઘટના: 8 વર્ષની કૂમળી બાળકી પર 35 વર્ષના નરાધમનું દુષ્કર્મ

સુરત

માસુમ બાળકીઓ અને મહિલાઓ સુરક્ષિત ક્યારે બનશે? તે સવાલ ફરી એકવાર સુરતના સચિન GIDC વિસ્તારમાં બનેલી શર્મસાર ઘટનાથી ઊભો થયો છે. સચિન જીઆઈડીસી વિસ્તારમાં માત્ર ૮ વર્ષની કૂમળી વયની બાળકી પર ૩૫ વર્ષના નરાધમે આચરેલા દુષ્કર્મને પગલે સમગ્ર શહેરમાં અરેરાટી સાથે ભારે રોષ વ્યાપી ગયો છે.

ઘટનાની મળતી વિગતો અનુસાર, સચિન જીઆઈડીસી વિસ્તારમાં રહેતી ૮ વર્ષની બાળકીને ૩૫ વર્ષના શખ્સે પોતાની હવસનો શિકાર બનાવી હતી. બાળકી એકલી હોવાનો લાભ ઉઠાવી અથવા ફોસલાવીને આ નરાધમે આચરેલું કૃત્ય અત્યંત ઘાતક છે. ઘટના બન્યા બાદ બાળકીની શારીરિક અને માનસિક સ્થિતિ બગડતા પરિવારજનોને શંકા ગઈ હતી. પરિવારે પૂછપરછ કરતા માસુમે પોતાની સાથે થયેલી આપવીતી વર્ણવી હતી, જેનાથી પરિવારના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. પરિવારજનો તુરંત જ બાળકીને લઈને સ્થાનિક પોલીસ મથકે પહોંચ્યા હતા અને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બાળકીને તાત્કાલિક તબીબી પરીક્ષણ (મેડિકલ ચેકઅપ) માટે હોસ્પિટલ ખસેડી હતી અને પોક્સો એક્ટ તેમજ દુષ્કર્મની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કઠલાલ આશીર્વાદ હોસ્પિટલના પાર્કિંગમાંથી બાઇક ઉઠાવનાર કુખ્યાત ચોર ગણતરીના કલાકમાં જ જેલના સળિયા પાછળ

કઠલાલ

કઠલાલ શહેરમાં અને આસપાસના વિસ્તારોમાં વાહન ચોરીના વધતા જતા બનાવો સામે કઠલાલ પોલીસે લોખંડી કાર્યવાહી હાથ ધરીને એક મોટો પર્દાફાશ કર્યો છે. કઠલાલની જાણીતી આશીર્વાદ હોસ્પિટલના પાર્કિંગ વિસ્તારમાંથી અજાણ્યા તસ્કરો દ્વારા બેખોફ થઈને બાઈક ચોરી કરી લેવાની ઘટના સામે આવી હતી. જો કે, કઠલાલ પોલીસ સ્ટેશનની સુંઘ શક્તિ અને બાજ નજરે આ ગુનાના આરોપીને માત્ર ગણતરીના કલાકમાં જ ચોરાયેલા વાહન સાથે ઝડપી પાડીને વાહન ચોરીના વણઉકેલાયેલા ભેદને સાર્થક રીતે ઉકેલી નાખ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કઠલાલ સ્થિત આશીર્વાદ હોસ્પિટલ ખાતે આવતા દર્દીઓ અને સગા-સંબંધીઓ પોતાના વાહનો હોસ્પિટલના પાર્કિંગમાં મૂકતા હોય છે. દરમિયાન, કોઈ અજાણો અને ચાલાક ચોર આ વિસ્તારમાંથી એક મોટરસાઇકલને ટાર્ગેટ કરીને બેફામ બનીને બાઈક ચોરી કરી નાસી છૂટ્યો હતો. હોસ્પિટલ જેવા પવિત્ર અને અતિ મહત્વના સ્થળેથી વાહનની ચોરી થઈ જવાથી વાહનમાલિક ચિંતિત બની ગયા હતા અને તાત્કાલિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## વડોદરામાં યુસુફ પઠાણને 20.53 કરોડનો પ્લૉટ 'ગિફ્ટ' આપવાના કાંડ પર મહાધડાકો

વડોદરા

વડોદરાના તાંદલજા વિસ્તારમાં ભારતીય ક્રિકેટર અને પૂર્વ સાંસદ યુસુફ પઠાણને કરોડો રૂપિયાની કિંમતી જમીન પ્લોટ તરીકે ફાળવવાના મામલે ગુજરાતનું રાજકારણ અત્યારે ઉકળતા ચરૂ જેવું બની ગયું છે. આ ગરમાગરમ વિવાદ વચ્ચે હવે ગુજરાતના કૃષિમંત્રી જીતુ વાઘાણીએ મેદાને આવીને સરકારનો પક્ષ રજૂ કર્યો છે અને નીતિનિયમો મુજબ જ પ્લોટ અપાયો હોવાની સ્પષ્ટતા કરી છે.

બુધવારે ગાંધીનગરમાં મળેલી કેબિનેટ બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જીતુ વાઘાણીએ આ મામલે ફેલાયેલા વિવાદ પર આક્રમક વલણ અપનાવ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ, વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલા પોતાના બંગલાની નજીક જ યુસુફ પઠાણ એક સરકારી પ્લોટ મેળવવા માટે લાંબા સમયથી પ્રયાસ કરી રહ્યા હતા. અગાઉ સરકાર આ પ્લોટ ફાળવવા માટે જરાય રાજી નહોતી અને પ્રસ્તાવ પેન્ડિંગ રાખવામાં આવ્યો હતો.

પરંતુ હવે અચાનક જ સરકારે મોટો યુ-ટર્ન લઈને યુસુફ પઠાણને આ ૯૭૮ ચોરસ મીટરનો અને આશરે ૨૦.૫૩ કરોડની તોતિંગ બજાર કિંમત ધરાવતો પ્લૉટ ગિફ્ટમાં આપવા અને અડધો પ્લૉટ ડિસ્કાઉન્ટ ભાવે આપવા માટે લીલી ઝંડી આપી દીધી છે, જેના કારણે સવાલોનો વંટોળ ઊભો થયો છે. જ્યારે પત્રકારો દ્વારા કૃષિમંત્રી જીતુ વાઘાણીને એવો સવાલ પૂછવામાં આવ્યો કે, કૉંગ્રેસ એવો ગંભીર આક્ષેપ કરી રહી છે કે યુસુફ પઠાણે કેન્દ્ર સરકારમાં કે સત્તા સાથે જોડાણ કર્યા પછી જ રાજ્ય સરકારે રાતોરાત પોતાનો નિર્ણય બદલી નાખ્યો છે અને જમીન ફાળવી છે?

## જના સ્મોલ ફાઈનાન્સ બેંકના લોકરની સુરક્ષા પર સવાલ:મેનેજર અને કેશિયરે મળીને 23.39 લાખ ચાંઉ કર્યાં

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના સોનારડા ગામની જના સ્મોલ ફાઈનાન્સ બેંક શાખામાં બ્રાંચ ઓપરેશન મેનેજર અને કેશિયરે મળીને બેંકની તિજોરીમાંથી લાખો રૂપિયા ઉપાડી અંગત ઉપયોગમાં વાપરી નાખ્યા હોવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. બેંકની તિજોરી બે અલગ-અલગ ચાવીથી જ ખૂલતી હોવા છતાં મેનેજર અને કેશિયર દ્વારા મેળાપીપણું કરી 23.39 લાખની ઉચાપત કરીને તિજોરી સફાચટ કરી દેવાતા ડભોડા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. ગાંધીનગરના સોનારડા ગામની જના સ્મોલ ફાઈનાન્સ બેંક શાખામાં બ્રાંચ ઓપરેશન મેનેજર અને કેશિયરે બેંકની તિજોરીમાંથી લાખો રૂપિયા ઉપાડી અંગત ઉપયોગમાં વાપરી નાખતા બેંકના લોકરની સુરક્ષા પર સવાલ ઊભા થયા છે.ન્યુ રાણીપ અમદાવાદ ખાતે રહેતા અને સોનારડાની જના સ્મોલ ફાઈનાન્સ બેંકમાં લીગલ મેનેજર તરીકે ફરજ બજાવતા યશસ્કર શર્માએ ડભોડા પોલીસ સ્ટેશનમાં વિજય બારોટ (રહે. બારીયા, તા. દહેગામ) અને નિકુંજ પટેલ (રહે. બાપુનગર, અમદાવાદ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. બેંકની પ્રક્રિયા મુજબ રોકડ નાણાં સુરક્ષિત રાખવા માટે ખાસ તિજોરી હોય છે. જેની એક ચાવી બ્રાંચ ઓપરેશન મેનેજર પાસે અને બીજી ચાવી કેશિયર પાસે રહે છે. આ ઘટના બાદ ફ્રોડ એન્ડ રિસ્ક મેનેજર કિશોર થારવાની દ્વારા સોનારડા બ્રાંચનું સ્પેશિયલ ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું.

### સાગરચંદ્ર સાગરની કામલીલાનો પર્દાફાશ!

# ધર્મ, આચાર અને શુદ્ધિની અગ્નિપરીક્ષા : શું ધર્મની આડમાં પનપી રહ્યા છે કુસાધુઓ?

### જીનાલયોના નામે કરોડોનું દાન લૂંટીને સાધ્વીઓની ઇજ્જત સાથે રમતા ઢોંગીઓ પર હવે આરપારની લડાઈ!





**સફેદ વસ્ત્રોની ઓટમાં બેઠેલા શૈતાની ચહેરાઓ સામે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની લાલ આંખ**

ગાંધીનગર

સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને ધર્મના પવિત્ર સિદ્ધાંતોથી આખી દુનિયાને માર્ગ બતાવનાર મહાન જૈન ધર્મ આજે એક એવા ગંભીર મોડ પર આવીને ઊભો છે, જ્યાં તેના કેટલાક સંરક્ષકો અને સાધુ વેશધારીઓના કાળા આચરણ પર મોટા સવાલો ખડા થયા છે. ગુજરાતથી લઈને મધ્યપ્રદેશ અને દેશના ખૂણે-ખૂણે આજે એક જ ચર્ચા આમ બની ગઈ છે કે શું સફેદ કપડાંની આડમાં કોઈ રાક્ષસ સમાજને દીમક ની જેમ ચાટી રહ્યો છે? હાલમાં જ તથાગત મુનિ સાગરચંદ્ર સાગર નામના શખ્સ અને તેની સાથે જોડાયેલા પ્રકરણોને લઈને જે સનસનીખેજ ખુલાસા સામે આવ્યા છે, તેણે જૈન સમાજની નીંવને હલાવીને મૂકી દીધી છે.

પ્રાપ્ત વિગતો અને સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા દાવાઓ અનુસાર, સાગરચંદ્ર સાગર નામના આ કથિત સાધુ પર અત્યંત ગંભીર આરોપો છે કે તે પોતાની હવસ અને વિલાસિતા સંતોષવા માટે માસૂમ સાધ્વીઓને પોતાના જાળમાં ફસાવતો હતો અને તેમની જિંદગી બરબાદ કરી રહ્યો હતો.

જ્યારે આવા પાખંડીઓની અશ્લીલ, આપત્તિજનક અને નગ્ન તસવીરો સાર્વજનિક પટલ પર આવી, ત્યારે ધર્મપ્રેમી જનતામાં ભારે રોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે.

એક તરફ ભગવાન મહાવીરે ત્યાગ અને તપસ્યાનો માર્ગ બતાવ્યો, તો બીજી તરફ આવા તથાકથિત મુનિઓ કરોડો રૂપિયાના દાનથી એશો-આરામની જિંદગી જીવીને ધર્મ પર કલંક લગાવી રહ્યા છે.

આ સવાલ માત્ર એક વ્યક્તિનો નથી, પરંતુ તે સમગ્ર વ્યવસ્થાનો છે જે આવા તત્વોને આશરો અને સંરક્ષણ આપે છે. ગુજરાત બાદ હવે મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોમાં પણ આવા ઢોંગિઓ દ્વારા પોતાના શિકાર શોધવાની ખબરો સામે આવી રહી છે, જે અત્યંત ચિંતાજનક છે.

#### જૈન સમાજ ખામોશ કેમ? કોણ બચાવી રહ્યું છે આ પાપીને?

સૌથી મોટો અને પીડાદાયક સવાલ એ છે કે આટલા પુખ્તા અને ગંદા પુરાવા સામે આવ્યા બાદ પણ જૈન સમાજના જવાબદાર અગ્રણીઓ, સંઘો અને સંસ્થાઓ મૂંગા બેસી કેમ રહ્યા છે?

શું કરોડો રૂપિયાના સામ્રાજ્ય અને દાનના મોહમાં સમાજની આંખો અંધ થઈ ગઈ છે?

શું જૈન સમાજ પાસે એવા સાચા સંતો અને આચાર્યોની અછત છે જે ધર્મનો સાચો પ્રચાર કરી શકે?

જ્યાં સુધી સમાજ જાતે આગળ આવીને આવા ભ્રષ્ટ તત્વોનો બહિષ્કાર નહીં કરે, ત્યાં સુધી જૈન સમાજની દીકરીઓ અને દીક્ષા લેનારી સાધ્વીઓ સુરક્ષિત નહીં રહી શકે. આ સમય મૂક દર્શક બનવાનો નથી, પરંતુ એક થઈને પોતાની અસ્મિતાની રક્ષા કરવાનો છે.

#### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ખુલ્લી ચેતવણી

'પાક્કો ગુજરાત' હંમેશાં બેધડક અને નિર્ભીક પત્રકારત્વનું પ્રતીક રહ્યું છે. અમે આ કુસાધુ સાગરચંદ્ર સાગર અને તેના કારનામાઓને ખુલ્લી ચેતવણી આપીએ છીએ

૧. હિમ્મત હોય તો સામે આવો: જો તમે કે તમારા પાલેલા ચમચા બેકસૂર છો, તો પડદા પાછળ છુપાઈને કે પત્રકો બહાર પાડીને નાટક કરવાનું બંધ કરો અને મીડિયા સામે આવીને સત્યનો સામનો કરો.

૨. દલાલો અને પેંતરેબાજો માટે ચેતવણી: જ્યારે પણ આવા ખુલાસા થાય ત્યારે તેના ઈશારે તરત ખંડન કે પોસ્ટરબાજી શરૂ કરી દેનારા દલાલોની હવે ખેર નથી!

૩. જાહેર વિરોધ: ભવિષ્યમાં દેશના કોઈપણ ખૂણે જો આ કુસાધુનું સ્વાગત થશે કે કોઈ ધાર્મિક અનુષ્ઠાન રખાશે, તો 'પાક્કો ગુજરાત' અને જનતા ત્યાં પહોંચીને તેનો ઉગ્ર વિરોધ કરશે.

અમારી પાસે સાગરચંદ્ર સાગરના એવા ગંદા અને આપત્તિજનક પ્રમાણો (ન્યૂડ ફોટોગ્રાફ્સ) મોજૂદ છે કે જેને અખબારમાં છાપતા પણ ઘૃણા આવે છે. પરંતુ સમાજની સોયેલી ચેતનાને જગાડવા માટે આ સડસડાટ બહાર લાવવો અનિવાર્ય બની ગયો છે.

સાગર સમુદાય કે અન્ય કોઈપણ નામની આડમાં ધર્મને કલંકિત કરનારા આવા તમામ કુસાધુઓની પોલ એક પછી એક ખોલવામાં આવશે. જીનાલયો અને ઉપાશ્રયોના પવિત્ર ધન પર એશો-આરામ કરનારાઓને હવે બક્ષવામાં નહીં આવે. જૈન સમાજને સમયસૂચક અપીલ: હવે સમય આવી ગયો છે કે તમારી આંખો ખોલો! આ કુસાધુ સામે તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર (FIR) નોંધાવો અને તેને સમાજમાંથી કાયમ માટે હાંકી કાઢો. 'પાક્કો ગુજરાત'ની આ ખોજી મુહીમ ત્યા સુધી નહીં અટકે જ્યાં સુધી આવા ઢોંગિઓ કાયદાના સકંજામાં નહીં આવે!

### 'દિનુ-શિવા સોલંકીના ત્રાસથી કોડીનારની જનતા નારાજ'

## પૂર્વ ધારાસભ્ય જેઠા સોલંકીની કોંગ્રેસમાં ઘરવાપસીથી ભાજપના ગઢમાં પ્રચંડ ભૂકંપ!

ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના અને ખાસ કરીને કોડીનાર પંથકના રાજકારણમાં આજે સૌથી મોટો ધડાકો થયો છે. વર્ષોથી ભાજપના દબાણ, દાદાગીરી અને આંતરિક કલેશ વચ્ચે મૌન રહેલા પૂર્વ ધારાસભ્ય જેઠાભાઈ સોલંકીએ આજે સત્તાધારી પક્ષ ભાજપને રામ-રામ કરીને ફરી એકવાર કોંગ્રેસમાં વિધિવત 'ઘરવાપસી' કરી લીધી છે. વિધિવત રીતે કોંગ્રેસનો ખેસ ધારણ કરતાની સાથે જ જેઠા સોલંકીએ દિનુ સોલંકી અને શિવા સોલંકી જૂથ સામે સીધો આક્રમક મોરચો માંડી દીધો છે. તેમના આ આકરા પ્રહારથી ગીર સોમનાથ ભાજપના સંગઠનમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કોંગ્રેસમાં જોડાયા બાદ જેઠા સોલંકીએ 'પાક્કો ગુજરાત'



સામે પોતાની ભડાશ કાઢતાં અને સત્તાધીશોની પોલ ખોલતાં કડાકાભેર નિવેદન આપ્યું હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કર્યો હતો કે: 'કોડીનારની ગરીબ અને સામાન્ય જનતા આજે દિનુ સોલંકી અને શિવા સોલંકીના ત્રાસ, દાદાગીરી અને ભયના ઓછાયા હેઠળ જીવી રહી છે. સત્તાના જોરે પંથકમાં ભયનું સામ્રાજ્ય ઊભું કરવામાં આવ્યું છે. ભાજપમાં રહીને પ્રજાના હક અને વિકાસના કામો કરવા અશક્ય બની ગયા હતા. જનતા આ ત્રાસથી આજીજી પોકારી ચૂકી છે અને તેમને આ ગુંડાશાસનમાંથી મુક્તિ અપાવવા માટે જ મેં કોંગ્રેસનો હાથ પકડ્યો છે.'

જેઠા સોલંકીના આ આકરા પ્રહારે સાબિત કરી દીધું છે કે કોડીનારમાં ભાજપનું આંતરિક જૂથવાદ હવે ચરમસીમાએ પહોંચી ચૂક્યું છે અને સત્તાની મલાઈ ખાતા જૂથ સામે સ્થાનિક નેતાઓમાં ભારે રોષ વ્યાપેલો છે. જેઠા સોલંકી માત્ર એક નેતા નથી પરંતુ કોડીનાર અને ગીર સોમનાથ પંથકમાં બહુજન અને આહીર/સોલંકી સમાજ વચ્ચે મોટું જનાધાર ધરાવે છે. અગાઉ ધારાસભ્ય રહી ચૂકેલા જેઠા સોલંકીની કોંગ્રેસમાં વાપસી થતાં જ સ્થાનિક ભાજપના સમીકરણો સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે.

## કાઠી સમાજના યુવાનો માટે આધુનિક 'કાઠિયાવાડ ભવન' તૈયાર

### GPSCથી લઈને કોન્સ્ટેબલની ભરતીની તૈયારી માટે સ્માર્ટ ક્લાસ, લાઈબ્રેરી-હોસ્ટેલ, મુખ્યમંત્રીએ કર્યું ઈ-લોકાર્પણ

ગાંધીનગર

કાઠી દરબાર સમાજના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સુવિધા પૂરી પાડવાના હેતુથી ગાંધીનગરમાં તૈયાર કરાયેલા 'કાઠિયાવાડ ભવન'નું આજે 22 ઓક્ટોબરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સંતો-મહંતોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું. કાઠી દરબાર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાયેલા આ ભવનમાં યુવાનોને રહેવા, જમવા અને ગુણવત્તાયુક્ત કોચિંગની સુવિધા મળશે. ટ્રસ્ટના ટ્રસ્ટી અને ગુજરાત એનર્જી લિમિટેડમાં કાર્યરત રણજીતભાઈ ધાધલના જણાવ્યા અનુસાર, આ ભવન પાછળ આશરે 7થી 8 કરોડનો ખર્ચ થયો છે. અહીં એકસાથે 80 વિદ્યાર્થીઓ કોચિંગ મેળવી શકશે. કાઠિયાવાડ ભવનમાં આધુનિક સ્માર્ટ ક્લાસરૂમ, લાઈબ્રેરી, હોસ્ટેલ, ભોજનાલય અને અન્ય જરૂરી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. કોચિંગ માટે નિષ્ણાત શિક્ષકોને જોડવાની સાથે ઓનલાઈન શિક્ષણની સુવિધા પણ રાખવામાં આવી છે. કોઈ નિષ્ણાત શિક્ષક પ્રત્યક્ષ હાજર રહી ન શકે તો પોતાના સ્ટુડિયોમાંથી લાઈવ ક્લાસ લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સુવિધાનો લાભ રાજકોટ અને બોટાદની બોર્ડિંગમાં રહેતા વિદ્યાર્થીઓને પણ મળે તેવો ટ્રસ્ટનો પ્રયાસ છે.

### સરકારી શિક્ષણની પોલ છુપાવવા ભાજપ સરકારનું 'કાળું નોટિફિકેશન'

## તાનાશાહીના જોરે વાલીઓ અને યુવાનોનો અવાજ દબાવવાનો કાળો ખેલ!

### 30 વર્ષના શાસનમાં શિક્ષણ વ્યવસ્થાનો વિનિપાત કર્યા પછી હવે પ્રતિબંધોની પટ્ટી? શાળાઓની બદહાલી ઉજાગર કરનારાઓ સામે POCSO જેવા કાયદાની ધમકી આપતી સરકાર સામે જન આક્રોશ!

ગાંધીનગર

ગુજરાતમાં શિક્ષણના મોડેલના મોટા-મોટા દાવાઓ અને સરકારી જાહેરાતોની પાછળ છુપાયેલી કડવી વાસ્તવિકતા હવે સપાટી પર આવવા લાગી છે. છેલ્લા ૩૦ વર્ષથી સત્તા પર કાબિજ ભાજપ સરકારે રાજ્યની સરકારી શાળાઓની દયનીય સ્થિતિ સુધારવાને બદલે, તેની પોલ પ્રજા સમક્ષ ન ખૂલે તે માટે એક સનસનીખેજ અને વિવાદાસ્પદ 'કાળું નોટિફિકેશન' બહાર પાડ્યું છે. સરકારી શિક્ષણ વ્યવસ્થાના ધજાગરા ઉડતા અટકાવવા માટે સુધારા કરવાના બદલે, સત્ય ઉજાગર કરનારાઓ પર આકરા પ્રતિબંધો લાદવાની આ નીતિ સામે સમગ્ર રાજ્યના વાલીઓ, શિક્ષકો અને યુવાનોમાં ભારે રોષની જ્વાળા ભભૂકી ઊઠી છે.

ગુજરાતની હજારો સરકારી શાળાઓમાં જર્જરિત ઓરડા, પીવાના ચોખ્ખા પાણીની અછત, શૌચાલયોની દુર્દશા અને પૂરતા શિક્ષકોનો અભાવ એ નગ્ન સત્ય છે. જ્યારે સ્થાનિક વાલીઓ, જાગૃત નાગરિકો કે સોશિયલ મીડિયા પર સક્રિય યુવાનો આ ભયાનક વાસ્તવિકતાનો વીડિયો બનાવીને કે તસવીરો શેર કરીને તંત્રને જગાડવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેમને સહયોગ આપવાને બદલે સરકારી તંત્ર ધમકીઓ પર ઉતરી આવ્યું છે.

સૌથી વધુ ચોંકાવનારી અને શરમજનક બાબત એ સામે આવી છે કે શાળાઓની નબળી ગુણવત્તા, ક્ષતિગ્રસ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે તંત્રની નાકામી ઉજાગર કરનાર વાલીઓ અને યુવાનોને POCSO (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ) જેવા અતિ ગંભીર કાયદાની ધમકીઓ આપીને ડરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

શાળાની સમસ્યાઓ બતાવવી એ બાળકોના રક્ષણ માટેનો અવાજ છે, પરંતુ તંત્ર પોતાની ભૂલો છુપાવવા માટે જ કાયદાનો દુરુપયોગ કરીને આ અવાજને કચડી નાખવા માંગે છે. શું લોકશાહીમાં શિક્ષણની બદહાલી સામે સવાલ પૂછવો એ ગુનો બની ગયો છે? વાલીઓ પોતાના બાળકોના ભવિષ્ય માટે અવાજ ઉઠાવે તો તેમને જેલના સળિયા પાછળ ધકેલવાની ધમકી આપવી એ શુદ્ધ તાનાશાહી સિવાય કંઈ નથી.

છેલ્લા ત્રણ દાયકાથી રાજ્યમાં શાસન કરતી ભાજપ સરકારે શિક્ષણ પાછળ કરોડો રૂપિયાના બજેટ ફાળવ્યા હોવાના દાવા કર્યા છે. પરંતુ જમીની હકીકત એ છે કે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ બાળકો યોગ્ય સુવિધાઓ વગર ભણવા મજબૂર છે.

### 'યોગ્ય વ્યક્તિ'ના નામે કયો છૂપો ખેલ?

## જનગણના નિયમોમાં મોટો સુધારો કે ગરીબ અને પછાત સમાજોના હક પર તરાપ

ગાંધીનગર

ભારતમાં દર ૧૦ વર્ષે યોજાતી વસ્તી ગણતરી (Census) માત્ર આંકડા એકઠા કરવાનો કાર્યક્રમ નથી, પરંતુ દેશના દરેક સમુદાય, જાતિ અને પછાત વર્ગને તેમની વસ્તીના પ્રમાણમાં સરકારી યોજનાઓ, બજેટ, અનામત અને રાષ્ટ્રીય-રાજકીય અસ્તિત્વનો હક અપાવવાનો મુખ્ય આધાર છે. પરંતુ, ગૃહ મંત્રાલયના ભારતના રજિસ્ટ્રાર જનરલના કાર્યાલય દ્વારા ૧૬ ઓક્ટોબરે જારી કરાયેલું વિવાદાસ્પદ નોટિફિકેશન G.S.R. 896(E) હવે ભારે શંકાના ઘેરામાં આવી ગયું છે. જનગણના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૧૮(૧) હેઠળ "જનગણના નિયમો, ૧૯૯૦"ના નિયમ ૩માં લાવવામાં આવેલા આ ફેરફારોથી ઠાકોર સમાજ સહિતના ગરીબ અને બહુજન વર્ગોના હક-અધિકાર છીનવાઈ જવાની ગંભીર આશંકાઓ વ્યક્ત થઈ રહી છે.

નવા નિયમો મુજબ ગણતરીકાર (Enumerator) બનવાની લાયકાત સંપૂર્ણપણે બદલી નાખવામાં આવી છે. અગાઉ માત્ર ચોક્કસ સરકારી કર્મચારીઓ કે શિક્ષકો જ આ જવાબદારી સંભાળતા હતા, પરંતુ નવી ઉમેરાયેલી જોગવાઈ મુજબ:

કાયદાની ભાષામાં આ 'યોગ્ય' (Fit) શબ્દની કોઈ જ સ્પષ્ટ વ્યાખ્યા કે માપદંડ આપવામાં આવ્યા નથી. ચોક્કસ પરીક્ષા કે ચકાસણી વગર અધિકારીઓને 'વિવેકાધીન સત્તા' આપી દેવાતા, પક્ષપાતી અને રાજકીય વગ ધરાવતા લોકોને ગણતરીકાર બનાવી મનમાની કરવાની કાનૂની બારીઓ ખુલ્લી થઈ ગઈ છે.

બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો અને SIRની કડવી યાદો : અગાઉ પણ અદાલતો વસ્તી ગણતરીમાં બિન-સરકારી કે ખાનગી વ્યક્તિઓની ઘૂસણખોરી સામે લાલ આંખ કરી ચૂકી છે. બોમ્બે હાઈકોર્ટે ૨૨ મે ૨૦૨૬ના રોજ Unaided Schools Forum વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય કેસમાં ખાનગી અસહાયિત શાળાઓના શિક્ષકોને ફરજિયાત જનગણના ફરજમાં મૂકવા સામે રોક લગાવી હતી. અદાલતે 'ejusdem generis' નિયમ ટાંકીને કહ્યું હતું કે 'શિક્ષકો' એટલે માત્ર સરકારી કે સહાયિત સંસ્થાઓના જ કર્મચારીઓ ગણાય. બીજી તરફ, તાજેતરના SIR (Special Intensive Revision)ના આંકડા દર્શાવે છે કે જ્યારે નોંધણી કે ગણતરીમાં જવાબદારી ઢીલી પડે છે ત્યારે મોટો અન્યાય થાય છે. પ્રથમ ત્રણ તબક્કામાં લાખો નામો કાઢી નાખવામાં આવ્યા હતા અને લગભગ ૩૨% – એટલે કે દર ત્રણમાંથી એક મતદાર – યાદીમાંથી બહાર થવાના કે જોખમમાં મુકાવાના આરે આવી ગયો હતો. સીપીઆઈ(એમ)ના મહાસચિવ એમ. એ. બેબીએ પણ રાષ્ટ્રપતિને પત્ર લખીને ચેતવણી આપી છે કે જનગણનાને બીજું SIR કે નાગરિકતા નિર્ધારણનું સાધન બનવા દેવાય નહીં.

પાક્કો ગુજરાત

શુક્રવાર | 23 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### રાજ્યની સરકારી હોસ્પિટલોમાં 'મહા સફાઈ અભિયાન'

# આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના કડક માર્ગદર્શન હેઠળ 6 લાખથી વધુ બિનઉપયોગી વસ્તુઓનો નિકાલ

ગાંધીનગર

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યભરની સરકારી હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો અને અન્ય સંસ્થાઓનો રોગજાળો અને અરાજકતા દૂર કરવા માટે એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક 'મહા સફાઈ અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના સીધા માર્ગદર્શન અને આકરા વલણ હેઠળ હાથ ધરાયેલા આ અભિયાનના પરિણામે વર્ષોથી



હોસ્પિટલોના ખૂણેખૂણામાં ધૂળ ખાતી અને જગ્યા રોકીને પડેલી ૬ લાખથી પણ વધુ બિનઉપયોગી વસ્તુઓનો કચરાપેટીમાં નિકાલ કરી દેવામાં આવ્યો છે. આ મહા-અભિયાનને કારણે સરકારી સંસ્થાઓમાં આશરે ૧,૮૦૦ રૂમ જેટલી વિશાળ જગ્યા મુક્ત થઈ છે, જેનો હવે સીધો લાભ દર્દીઓની સારવાર અને નવી સુવિધાઓ માટે લેવામાં આવશે. આ અભિયાનની સફળતા અને ભવિષ્યની યોજના અંગે માહિતી આપતાં રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આ વ્યાપક કામગીરી બાદ રાજ્યની સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો હવે ખાનગી સંસ્થાઓ જેટલાં જ સ્વચ્છ, સુઘડ અને સુવ્યવસ્થિત બની ગયાં છે. અમારો ઉદ્દેશ માત્ર એક વાર સફાઈ કરવાનો નથી, પરંતુ આ સ્વચ્છતા સતત જળવાઈ રહે તે માટે પણ કડક મોનિટરિંગ અને જરૂરી નીતિગત પગલાં લેવામાં આવશે." અહેવાલો અનુસાર, સરકારી હોસ્પિટલોમાં વર્ષોથી ખૂણામાં પડી રહેલા ભંગાર, તૂટેલા સાધનો અને નકામી સામગ્રીઓને શોધી શોધીને બહાર કાઢવામાં આવી છે. આ સફાઈ અભિયાનની સૌથી મોટી સિદ્ધિ એ છે કે આરોગ્ય વિભાગને અંદાજે ૧,૮૦૦ રૂમ જેટલી અતિ મૂલ્યવાન જગ્યા ઉપયોગ માટે પાછી મળી છે. ગણતરી કરીએ તો, ૧૦૦ રૂમ ધરાવતી ૧૮ નવી હોસ્પિટલો જેટલી જગ્યા માત્ર હોસ્પિટલોમાંથી કચરો સાફ કરીને મેળવી લેવામાં આવી છે! આ ખાલી થયેલી વિશાળ જગ્યાનો ઉપયોગ હવે દર્દીઓ માટે નવા વોર્ડ બનાવવામાં, આધુનિક તબીબી સાધનોની ગોઠવણી કરવામાં, વેઈટિંગ એરિયા બનાવવા તથા હોસ્પિટલના સંચાલનને વધુ સુદ્રઢ કરવા માટે કરવામાં આવશે.

### ગુજરાત હાઈકોર્ટનો ઐતિહાસિક સપાટો

## પોલીસ ભરતીમાં 'કલર બ્લાઈન્ડનેસ' બહાનું બનાવી ઉમેદવારોને અન્યાય નહીં કરી શકાય!

અમદાવાદ

ગુજરાત પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ્સ (લોકરક્ષક) અને સબ-ઈન્સ્પેક્ટર્સ (PSI) જેવા મહત્વના પદો પર ભરતી થવાનું સપ્નું સેવતા હજારો યુવાનો માટે હાઈકોર્ટમાંથી એક અત્યંત આશાસ્પદ અને મહત્ત્વપૂર્ણ ચુકાદો સામે આવ્યો છે. મેડિકલ ટેસ્ટના નામે 'કલર બ્લાઈન્ડનેસ' (રંગ અંધતા)નું બહાનું ધરીને લાયક ઉમેદવારોની નિમણૂક રદ કરી દેતી સરકારની મનસ્વી નીતિ સામે ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કરી છે.

કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ કરતાં હાઈકોર્ટે સફાચટ શબ્દોમાં ઠરાવ્યું છે કે પોલીસ ભરતીમાં કલર બ્લાઈન્ડનેસનો નિયમ ગેરલાયકાત તરીકે લાગુ પડતો જ નથી. મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને જસ્ટિસ અનિરૂદ્ધ પી. માયીની ખંડપીઠે વર્ષ ૨૦૧૮ના હાઈકોર્ટની ડિવિઝન બેંચ તેમજ દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)ના પૂર્વ ચુકાદાઓને ટાંકીને સ્પષ્ટ વલણ અપનાવ્યું હતું. અદાલતે ભારપૂર્વક નોંધ્યું હતું કે, રાજ્ય સરકાર કે ભરતી બોર્ડ સંબંધિત



પદ પર પસંદગી પામેલા અરજદારોની નિમણૂકને માત્ર આ તબીબી આધાર પર નકારી શકે નહીં. ભરતી માટેના પ્રવર્તમાન નિયમોમાં 'કલર વિઝન ડેફિસિયન્સી' (રંગ પારખવાની ક્ષમતામાં ખામી)ને સેવામાંથી ગેરલાયક ઠેરવવા માટેની કોઈ સ્પષ્ટ જોગવાઈ જ કરવામાં આવી નથી.

### ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો પર ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાનો સપાટો

## વાઘોડિયાથી આંકડિયાપુરાના નવનિર્મિત રોડમાં ધોળા દિવસે ભ્રષ્ટાચાર પકડાયો!!!

વાઘોડિયા

ગુજરાતમાં વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે રસ્તાઓના નિર્માણમાં ચાલતી ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચાર સામે હવે જમીની સ્તર પરથી આકરા અવાજો ઉઠવા લાગ્યા છે. વડોદરા જિલ્લાના વાઘોડિયા વિસ્તારમાં પ્રજાના કરોડો રૂપિયાના ટેક્સના નાણાંમાંથી બનતા રસ્તાઓની ગુણવત્તા કેટલી પોકળ છે તેની સનસનીખેજ પોલ ખુલી ગઈ છે. વાઘોડિયાથી આંકડિયાપુરા સુધીના નવનિર્મિત ડામર રોડની કામગીરીમાં વ્યાપક પાયે ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાની ફરિયાદો ઉઠતા જ વાઘોડિયાના જુસ્સાદાર અને આક્રમક ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા તાત્કાલિક એક્શન મોડમાં



આવી ગયા હતા અને લાલ આંખ કરીને સીધા મેદાને ઉતરી પડ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, સિદ્ધિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટથી આંકડિયાપુરા સુધીના નવા બનાવવામાં આવેલા રોડની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થતા અને સ્થાનિકો તરફથી ફરિયાદોનો ધોધ છૂટતા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા મોડી કે વહેલી તકે સીધા જ ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેમણે કોઈ જ પ્રકારની શેહશરમ રાખ્યા વગર પ્રત્યક્ષ સ્થળ પર જઈને રોડની કામગીરીની ચકાસણી કરી હતી અને તાત્કાલિક ધોરણે રોડનું સેમ્પલિંગ કરાવવાની સખત કાર્યવાહી હાથ ધરી હતી. ધારાસભ્યના આ અચાનક અને આક્રમક ઓચિંતા નિરીક્ષણથી ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને જવાબદાર સરકારી બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સ્થળ પરથી જ કડક વલણ દાખવતા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ સ્પષ્ટ શબ્દોમાં તંત્રને ચેતવણી આપી છે કે આ રોડની ગુણવત્તાની ઉચ્ચ સ્તરીય ચકાસણી માટે ત્વરિત લેબોરેટરી રિપોર્ટ કઢાવવામાં આવે. જો લેબોરેટરીના ટેસ્ટ રિપોર્ટમાં ડામર રોડના કામમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ, લોલાર લોલ કે ભ્રષ્ટાચાર સામે આવશે.

## ખાખીની મિલીભગત કે ખુલ્લી છૂટ? પાટણના ઊંટવાડામાં ઝેરી દારૂના વેચાણે લીધો નિર્દોષનો ભોગ!

પાટણ

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદાના દાવાઓ વચ્ચે પાટણ જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી નાખનારી ઘટના સામે આવી છે. પાટણ જિલ્લાના ઊંટવાડા ગામે દેશી દારૂના ખુલ્લેઆમ અને બેફામ વેચાણને કારણે એક વ્યક્તિનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. આ ગોઝારી ઘટના બાદ સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ ધમધમતા ગેરકાયદેસર દારૂના અડ્ડાઓનો કાળો ચહેરો ફરી એકવાર બેનકાબ થયો છે. સૌથી મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે શું પાટણની વાગડોદ પોલીસ આ ગેરકાયદેસર ધંધાઓથી અજાણ હતી કે પછી હપ્તાની હૂંફ આપીને ખુલ્લી છૂટ આપવામાં આવી હતી? ઊંટવાડા ગામમાં દેશી દારૂનું વેચાણ કરનારા બુટલેગરો એટલા બેફામ બન્યા છે કે તેમને કાયદાનો કે ખાખીનો કોઈ જ ખોફ રહ્યો નથી. સ્થાનિક સૂત્રો અને ગ્રામજનોના જણાવ્યા અનુસાર, વાગડોદ પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા આ દેશી દારૂના અડ્ડાઓ પોલીસની રહેમનજર વિના ચાલવા અશક્ય છે. પોલીસની નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારના કારણે આજે એક નાગરિકે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે.

## શિક્ષિકા મનિષા કોષ્ટી 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ-2026'થી સન્માનિત: પર્યાવરણ અને જીવદયા માટે પ્રેરણારૂપ કામગીરી!

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણાથી વાત્સલ્ય ધામ હડાદ ખાતે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં સુરત શાળા ક્રમાંક 247નાં શિક્ષિકાનું વિશેષ બહુમાન: 1000થી વધુ શાળાઓના મહાઅભિયાન વચ્ચે પર્યાવરણ પ્રેમની નવી મિસાલ!

સુરત/હડાદ

'પ્રકૃતિ બચાવો, વૃક્ષો વાવો'ના પવિત્ર સંદેશ અને જીવદયાના ઉત્તમ સંસ્કારો સાથે રાજ્યભરમાં પર્યાવરણ જાગૃતિની નવી અલખ જગાવતું એક ગૌરવપૂર્ણ સન્માન સુરતના આંગણે આવ્યું છે. ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણા અને આશીર્વાદથી પ્રકૃતિ મિત્ર ગ્રુપ ગુજરાત દ્વારા વાત્સલ્ય ધામ, હડાદ ખાતે 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ-2026'નું અત્યંત ભવ્ય અને પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી મંચ પરથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત શ્રી ગણપતદાસ ત્રિવેદી પ્રાથમિક શાળા ક્રમાંક 247નાં સમર્પિત શિક્ષિકા શ્રીમતી મનિષાબેન નારાયણભાઈ કોષ્ટીને તેમની પર્યાવરણ ક્ષેત્રે અપ્રતિમ અને નોંધપાત્ર કામગીરી બદલ 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ-2026' એનાયત કરી વિશેષરૂપે સન્માનિત






કરવામાં આવ્યાં હતાં.

આ એવોર્ડ સમારંભ માત્ર એક સન્માન પૂરતો મર્યાદિત ન રહેતા, પર્યાવરણ સંરક્ષણનો મોટો મહાકુંભ બની રહ્યો હતો. ગત 25 ઓગસ્ટના રોજ પ્રકૃતિ મિત્ર ગ્રુપ દ્વારા હાથ ધરાયેલા સામૂહિક વૃક્ષારોપણ અભિયાનમાં ગુજરાતની 1,000થી વધુ શાળાઓ ઉપરાંત પાડોશી રાજ્યો મહારાષ્ટ્ર અને રાજસ્થાનની શાળાઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ જમીની સ્તર પર વૃક્ષારોપણ, જીવદયા અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રજા અને વિદ્યાર્થીઓમાં જનજાગૃતિ ફેલાવવાનો રહ્યો છે.

અત્યારના સમયમાં જ્યારે પ્રકૃતિ સાથે ચેડાં થઈ રહ્યા છે, ત્યારે શિક્ષિકા મનિષાબેન કોષ્ટી જેવા નિષ્ઠાવાન શિક્ષણવિદો પોતાનો સમય અને શક્તિ પર્યાવરણની જાળવણી પાછળ ખર્ચી રહ્યા છે.

## રેલવે અને હાઇવેમાં જમીનો ગુમાવનારા બળતરા અનુભવતા ખેડૂતોનું આક્રમક આંદોલન: સંજયસિંહરાજે સત્તાધીશો સામે બ્યુગલ ફૂંક્યું!

"સૌથી વધારે શોષણ ખેડૂતોનું જ થાય છે; 2011થી ગયેલી જમીનોનું વળતર હજુ સુધી મળ્યું નથી અને મળ્યું છે તે અડધું-પડધું છે!

ગાંધીનગર

વિકાસના નામે ખેડૂતોની કિંમતી જમીનો છીનવી લીધા બાદ વર્ષો સુધી વળતર માટે ભટકાવતા તંત્ર સામે હવે અન્નદાતાઓએ આરપારની લડાઈનું બ્યુગલ ફૂંકી દીધું છે. રેલવે અને નેશનલ હાઈવે જેવા પ્રોજેક્ટ્સ માટે પોતાની રોજીરોટી સમાન જમીનો આપી દેનારા ખેડૂતોને વળતર આપવાના મામલે થઈ રહેલા અન્યાય સામે હવે ખેડૂત આંદોલનનો પાર્ટ-૨ શરૂ થઈ ગયો છે. પત્રકારો સાથેની ખાસ વાતચીતમાં કિસાન નેતા સંજયસિંહરાજે સરકાર અને તંત્રની આંખ ઉઘાડતા આક્રમક નિવેદનો આપ્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, વર્ષોથી થઈ રહેલા શોષણ સામેનો આ સંગ્રામ હવે કોઈપણ કાળે અટકશે નહીં.

પત્રકાર પરિષદને સંબોધતા સંજયસિંહરાજે ખેડૂતોની દયનીય અને કફોડી હાલતનો ચિતાર આપતા જણાવ્યું હતું કે, 'આ દેશ અને રાજ્યમાં જો સૌથી વધારે કોઈનું નિર્દયતાથી શોષણ થતું હોય તો તે માત્ર ને માત્ર ગરીબ ખેડૂતનું છે. ખેડૂત દિવસ-રાત કાળી મજૂરી કરે છે, લોહીનું પાણી કરીને પરસેવો પાડે છે, પાક ઉગાડવા માટે માથે દેવું કરે છે અને કમનસીબી એ છે કે તેના પાકની કિંમત સરકાર નક્કી કરે છે. સરકાર જે ભાવ નક્કી કરે છે તે પણ પૂરતા અને સમયસર મળતા નથી, જેના કારણે ખેડૂત દેવાના ડુંગર નીચે દબાતો જાય છે.' જમીન સંપાદનના મુદ્દે તંત્રની ઘોર બેદરકારી ઉઘાડી પાડતા સંજયસિંહરાજે સણસણતો આક્ષેપ કર્યો હતો કે, વર્ષ ૨૦૧૧થી રેલવે લાઈન કે હાઈવે પ્રોજેક્ટ્સ માટે ખેડૂતોની સુવર્ણ જેવી જમીનો એક્વાયર (સંપાદિત) કરી લેવામાં આવી છે. પરંતુ અત્યંત શરમજનક બાબત એ છે કે ૨૦૧૧થી આજદિન સુધી અનેક ખેડૂતોને તેમની જમીનનું વળતર મળ્યું જ નથી! અને જે કેટલાક લોકોને મળ્યું છે, તેમને પણ સાવ નજીવું અને અન્યાયી વળતર આપીને હાથ ઊંચા કરી દેવાયા છે. પોતાની જ જમીનના હકના નાણાં મેળવવા માટે ખેડૂતો છેલ્લા ૧૩-૧૪ વર્ષથી સરકારી કચેરીઓના ધક્કા ખાઈને થાકી ગયા છે. જમીન અને વળતરના મુદ્દે આરપારના મોરચાની જાહેરાત કરતા સંજયસિંહરાજે જણાવ્યું હતું કે, ખેડૂતોએ સહન કરવાની તમામ હદો વટાવી દીધી છે. હવે આ અન્યાય સામે લડવા સિવાય બીજો કોઈ માર્ગ બચ્યો નથી. આથી જ વળતરના કાયદેસરના હક માટે આ મહાઆંદોલનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેમણે સરકાર અને વહીવટી તંત્રને સણસણતી ચેતવણી આપતા કહ્યું હતું કે, 'જો ખેડૂતોને તેમની જમીનોનું યોગ્ય, પૂરેપૂરું અને પ્રવર્તમાન બજારભાવ મુજબનું વળતર ત્વરિત ધોરણે આપવામાં નહીં આવે તો આ આંદોલન વધુ ઉગ્ર અને આક્રમક બનશે.

### ભાજપ અગ્રણી અને પૂર્વ સરપંચ સહિત 73 પાપિયા જેલના સળિયા પાછળ!

## કૌભાંડીઓની ઊંઘ હરામ: મહીસાગરના 123 કરોડના 'નળ સે જળ' મહાકૌભાંડમાં સપાટો!!

મહીસાગર

સરકારની પ્રજાલક્ષી યોજનાઓમાંથી ટકાવારી અને કમિશન ખાવાની ગંદી આદત ધરાવતા કૌભાંડીઓ પર સીઆઈડી ક્રાઈમે (CID Crime) કાળ બનીને ત્રાટકવાનો આરંભ કરી દીધો છે. મહીસાગર જિલ્લામાં ચકચાર મચાવનારા અને સમગ્ર રાજ્યને હચમચાવી મુકનારા રૂ. 123 કરોડના બહુચર્ચિત 'નળ સે જળ' કૌભાંડમાં તપાસનો ધમધમાટ તેજ થતા એક પછી એક મોટા માથાઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ રહ્યા છે. આ મહાકૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે અત્યાર સુધીમાં કુલ 73 કૌભાંડીઓની ધરપકડ



કરીને ભ્રષ્ટાચારીઓના આકાઓને મોટો આંચકો આપ્યો છે.

સૌથી વધુ ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે, આ જળ કૌભાંડના તાર સીધા રાજકીય અને સ્થાનિક સહકારી ક્ષેત્રના મોટા ગજ્જાના નેતાઓ સુધી જોડાયેલા છે. લુણાવાડા APMCના પૂર્વ ચેરમેન, કોઠંબા ગામના પૂર્વ સરપંચ અને ભાજપના સ્થાનિક અગ્રણી ગોવિંદ રાણાની સીઆઈડી દ્વારા સત્તાવાર ધરપકડ કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે અને ભૂગર્ભમાં ઉતરી ગયેલા અન્ય કૌભાંડીઓની ઊંઘ હરામ થઈ ગઈ છે.

જે યોજના ગરીબ અને ગ્રામીણ જનતાના ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવા માટે બનાવવામાં આવી હતી, તે જ યોજનાને કૌભાંડીઓએ પોતાના ખિસ્સા ભરવાનું સાધન બનાવી દીધું હતું. વાસમો (WASMO) અને સરકારી તંત્રના મેળાપીપણામાં કાગળ પર કામો બતાવીને, નબળી ગુણવત્તાવાળા કામો કરીને અને મંજૂર થયેલા બજેટમાંથી કરોડો રૂપિયા બારોબાર ચાઉં કરી જવાનું ભયાનક કૌભાંડ આચરવામાં આવ્યું હતું. મહીસાગર જિલ્લાના ખૂણે-ખૂણેથી નાણાંનું બારોબાર વહણ કરીને પ્રજાના ૧૨૩ કરોડ રૂપિયાનું આચરેલું આ કૌભાંડ ગુજરાતના ઈતિહાસના સૌથી શરમજનક ભ્રષ્ટાચાર પૈકીનું એક સાબિત થયું છે.

આ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપાયા બાદ અધિકારીઓએ પુરાવાઓનો એક-એક તાંતણો જોડવાનું શરૂ કર્યું હતું. કૌભાંડ આચરનારા કોન્ટ્રાક્ટરો, વચેટિયાઓ, સરકારી બાબુઓ અને રાજકીય આકાઓની કાળી કમાણીનો ચિઠ્ઠો ફાટી ચૂક્યો છે.

## ગરીબ ખેડૂતોના હક અને ન્યાય માટે અવાજ ઉઠાવતા જગદીશ ઠાકોરને ન તો ડરાવી શકશો, ન ધમકાવી શકશો અને ન તો ઝુકાવી શકશો!

ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં અને ગરીબ ખેડૂતોના હકની લડાઈમાં ફરી એકવાર નવો ગરમાવો આવ્યો છે. સો કરોડ રૂપિયાથી વધુની અતિ કિંમતી જમીનના મુદ્દે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા બાદ સત્તાધીશો અને તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સત્યનો અવાજ દબાવવા માટે અને ખેડૂતોનો પક્ષ રાખનારા નેતાઓનો અવાજ બંધ કરવા માટે તંત્ર દ્વારા કાયદાકીય શસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોય તેવા સ્પષ્ટ એંધાણ દેખાઈ રહ્યા છે. અગાઉ આ જ જમીનના કૌભાંડ અને ગેરરીતિ સામે અવાજ ઉઠાવવા બદલ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સામે કેસ નોંધવામાં આવ્યો હતો. આટલેથી જ ન અટકતા, હવે નોંધાયેલી ફરિયાદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા જગદીશ ઠાકોરના નામનો પણ ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે. આ ઘટનાક્રમ બાદ રાજ્યભરમાં એ સવાલ જોરશોરથી પૂછાઈ રહ્યો છે કે, શું જમીનના આટલા મોટા અને ગંભીર મુદ્દે સવાલો પૂછવા એ જ ગુનો બની ગયો છે? શું ગરીબ ખેડૂતોના પક્ષે ઊભા રહેનારા નેતાઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે? જમીન સાથે જોડાયેલા આ વિવાદમાં સો કરોડથી વધુની મિલકતનો ખેલ રમાયો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. ખેડૂતોની કિંમતી જમીન અને તેમના અધિકારો ઉપર જ્યારે તરાપ મારવાનો પ્રયાસ થયો, ત્યારે સત્તા સામે સવાલ પૂછવો અનિવાર્ય બન્યો હતો. પરંતુ, જનતા અને ખેડૂતોના સવાલોના સીધા અને પારદર્શક જવાબો આપવાને બદલે નેતાઓ સામે કેસ દાખલ કરીને દબાણ ઊભું કરવાનો હીન પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના અહેવાલની સણસણતી અસર

## ડભોઇ પાલિકાની ઊંઘ ઊડી, મહિના જૂનો જોખમી ખાડો માત્ર 24 કલાકમાં પુરાયો!

- ડભોઇ આંબાવાડી વિસ્તારમાં પાઇપલાઇન ખોદીને બિનવારસી છોડી દેવાયેલા ખાડાથી ત્રાહિમામ પોકારી ઊઠેલા દર્દીઓ-સ્થાનિકોને મળી રાહત; અહેવાલ પ્રસિદ્ધ થતાં જ દોડતું થયેલું તંત્ર, તબીબો અને રહીશોએ મીડિયાનો આભાર માન્યો

ડભોઇ

લોકશાહીના ચોથા સ્તંભ તરીકે ઓળખાતા મીડિયાની તાકાત અને જનતાના અવાજની ધારનો વધુ એક જ્વલંત પરચો ડભોઇ નગરમાં જોવા મળ્યો છે. ડભોઈના અતિ વ્યસ્ત એવા આંબાવાડી વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઈન નાખ્યા બાદ છેલ્લા એક મહિનાથી બિનવારસી અને જોખમી હાલતમાં છોડી દેવાયેલા ખાડા અંગે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા સણસણતો અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ અહેવાલના પ્રકાશન સાથે જ કુંભકર્ણ નિંદ્રામાં પોઢેલું



ડભોઇ નગરપાલિકા તંત્ર સફાળું જાગી ગયું હતું. ઉચ્ચ અધિકારીઓથી લઈને ઈજનેરી શાખામાં મચેલી દોડધામ બાદ, પાલિકાએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને માત્ર ૨૪ જ કલાકમાં આ મોતના કૂવા સમાન ખાડાનું પુરાણ કરી માર્ગ પૂર્વવત કરી દીધો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ડભોઇ નગરપાલિકા દ્વારા આંબાવાડી વિસ્તારમાં પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનનું સમારકામ કરવા તેમજ નવી લાઈન નાખવા માટે માર્ગ વચ્ચે જ મોટો અને ઊંડો ખાડો ખોદવામાં આવ્યો હતો. કાગળ પર પાઈપલાઈનનું કામ પૂરું થઈ ગયું, પરંતુ પાલિકાના બેદરકાર તંત્રવાહકોએ આ જોખમી ખાડાને પુરવાની સાદી તસ્દી પણ લીધી ન હતી. છેલ્લા એક મહિનાથી મુખ્ય માર્ગ પર પડેલા આ વિશાળ ખાડાના કારણે સ્થાનિક રહીશો, રાહદારીઓ તેમજ વાહનચાલકો પારાવાર મુશ્કેલીઓ વેઠી રહ્યા હતા.

## ઢાઢર નદી બની 'મોતનો કૂવો': ડભોઇના કડોદરામાંથી ગુમ થયેલા આધેડનો અદલાપુરા પાસેથી છિન્ન-ભિન્ન મૃતદેહ મળ્યો!

ડભોઇ

ડભોઈ તાલુકામાંથી પસાર થતી અને પ્રચંડ મગરોના ભારે વસવાટ માટે જાણીતી ઢાઢર નદી કિનારેથી ત્રણ દિવસ અગાઉ રહસ્યમય સંજોગોમાં લાપતા થયેલા ૫૫ વર્ષીય આધેડનો મૃતદેહ આજે અત્યંત કરુણ હાલતમાં મળી આવતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે. નદીમાંથી બહાર કઢાયેલા મૃતકના શરીર પર રાક્ષસી મગરોના જીવલેણ બચકાં અને શરીરને ફાડી ખાધાના સ્પષ્ટ નિશાન મળી આવ્યા છે. આ દ્રશ્યો જોઈને ઘટનાસ્થળે ઉપસ્થિત તમામ લોકોના કાળજા કંપી ઊઠ્યા હતા. આ ઘટનાને પગલે નદીકાંઠાના તમામ ગામોમાં ભારે ખૌફ અને ભયનો માહોલ ફેલાઈ ગયો છે. ડભોઈ તાલુકાના કડોદરા ગામના બારીયા ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય મકબુલભાઈ મહંમદભાઈ ગરાસીયા ગત ત્રણ દિવસ પૂર્વે અચાનક પોતાના ઘરેથી ગુમ થઈ ગયા હતા. પરિવારજનો દ્વારા તેમની ચારેય તરફ શોધખોળ ચલાવવામાં આવી રહી હતી. તે દરમિયાન કડોદરા-ગોજાલી બ્રિજ નીચે નદી કિનારેથી



મકબુલભાઈના કપડાં બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા. બ્રિજ નીચેથી કપડાં મળતાં જ તેઓ નદીના ઊંડા પાણીમાં ગરકાવ થયા હોવાની કે પછી મગરોનો શિકાર બન્યા હોવાની પ્રબળ આશંકાઓ વ્યક્ત કરવામાં આવી હતી, જેનાથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો.

## તંત્રી લેખ...

# સેલેબ્સની 'મોદી ભક્તિ' કે મજબૂરીનો ખેલ? કરોડોપતિ ફિલ્મી સ્ટાર્સ કેમ ઝુકી રહ્યા છે સત્તાના ચરણોમાં!

### પહેલાં કોઈ રાજકારણીની ખુલ્લી સાઈડ ન લેનારા બોલિવૂડ કલાકારો આજે કેમ કેમેરા સામે પડાપડી કરે છે? પર્સનાલીટી કલ્ટ પાછળનો અસલી ખેલ કે અદ્રશ્ય દબાણ?

ગુજરાત કે દેશની રાજનીતિ પર નજર નાખીએ તો છેલ્લા કેટલાક વર્ષોમાં એક મોટું ચિત્ર બદલાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આસપાસ ઊભી થયેલી રાજકીય ઈમેજ અને તેમની પ્રોપેગેન્ડા મશીનરીએ દેશના દરેક ક્ષેત્રને પ્રભાવિત કર્યું છે. સામાન્ય જનતા તો ઠીક, પરંતુ જે અબજોપતિ ફિલ્મી સ્ટાર્સ ક્યારેય કોઈ રાજકારણીની ખુલ્લેઆમ સાઈડ લેવા તૈયાર નહોતા, તે જ કલાકારો આજે 'મોદી ભક્તિ'ના ઓડકાર ખાતા નજરે ચઢે છે. અમિતાભ બચ્ચનથી લઈને અક્ષય કુમાર, અજય દેવગણ, રણબીર સિંહ, અનુપમ ખેર અને પરેશ રાવલ જેવા દિગ્ગજોના ચહેરા પર આ 'પ્રેમ' ખરેખર કુદરતી છે કે પછી આની પાછળ કોઈ બીજા જ અદ્રશ્ય કારણો કે દબાણો કામ કરી રહ્યા છે?

## ભૂતકાળનો ડર: જ્યારે સ્ટાર્સ રાજકારણથી દૂર રહેતા હતા




એક સમય હતો જ્યારે બોલિવૂડના મોટા સ્ટાર્સ કોઈપણ રાજકારણી કે પક્ષના સમર્થનમાં જાહેરમાં આવવાનું ટાળતા હતા. કારણ સાફ હતું–જો કોઈ સ્ટાર એક પક્ષની તરફેણ કરે, તો વિરોધ પક્ષના ટેકેદારો જે તેના ફેન્સ હોય છે, તે નારાજ થઈ જાય અને તેની સીધી અસર ફિલ્મોના બોક્સઓફિસ કલેક્શન પર પડે. સ્ટાર્સ ક્યારેય પોતાના કરોડોના ફેનબેઝને ગુમાવવાનું જોખમ લેવા માંગતા નહોતા. તો પછી આજે એવો કયો ભૂકંપ આવ્યો છે કે આ કલાકારો પોતાના ફેનબેઝની ચિંતા કર્યા વગર ખુલ્લેઆમ એક નેતાના ગુણગાણ ગાવા લાગ્યા છે?

શું આ કલાકારો એટલા બધું સ્યોર થઈ ગયા છે કે મોદીનો ફેનબેઝ તેમના પોતાના ફેનબેઝ કરતા પણ લાખ્ખો ગણો મોટો છે? કે પછી મામલો કંઈક બીજો જ છે?

## અબજોપતિ સ્ટાર્સને ખરીદી ન શકાય, તો પછી ઝૂકવું કેમ પડે છે?

આ સવાલ સૌથી મોટો છે કે જેઓ ખુદ કરોડપતિ કે અબજોપતિ છે, તેમને કોઈ પૈસાથી તો ખરીદી શકે નહીં. તો પછી આ સેલેબ્સ શા માટે એવા પ્રસંગોમાં હાજરી આપે છે અને સોશિયલ મીડિયા પર એવી પ્રશંસા કરે છે જે તેમની કલાકાર તરીકેની તટસ્થ છબીને ડાઘદાર બનાવી શકે? આ પાછળના મુખ્ય કારણો કંઈક આ મુજબ છે:

૧. વ્યવસાયિક અસલામતી અને એજન્સીઓનો ડર: ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં થતા નાણાકીય વ્યવહારો જગજાહેર છે. સેન્ટ્રલ એજન્સીઓ (ED, IT) ની તલવાર કોના પર ક્યારે લટકી જાય તે કોઈ કહી શકતું નથી. જો સત્તા સામે અવાજ ઉઠાવવામાં આવે, તો ફિલ્મોના વિરોધ, બોયકોટ ટ્રેન્ડ અને આર્થિક તપાસનો ભય હંમેશાં અદ્રશ્ય રૂપે તોળાઈ રહ્યો હોય છે.

૨. સરકારી પ્રોજેક્ટ્સ અને છૂટછાટો: મોટા સ્ટાર્સ અને નિર્માતાઓને ફિલ્મોના શૂટિંગ માટે પરવાનગીઓ, રાજ્ય સરકારોના સપોર્ટ, પ્રવાસન પ્રચારો અને રાષ્ટ્રીય સન્માનો (પદ્મ પુરસ્કારો વગેરે) મેળવવામાં સરકારની ગુડ બુક્સમાં રહેવું અનિવાર્ય બની જાય છે. વિરોધ કરવાથી બિઝનેસને મોટું નુકસાન થઈ શકે છે.

૩. પબ્લિક રિલેશન્સ (PR) અને માર્કેટિંગ ટ્રેન્ડ: આજના યુગમાં 'રાષ્ટ્રવાદી' અથવા 'સત્તા તરફી' દેખાવું એ એક સેફ ગેમ બની ગઈ છે. પ્રોપેગેન્ડા મશીનરી દ્વારા એવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે કે જે મોદી સાથે છે તે જ સાચો દેશભક્ત છે, અને આ ભ્રમમાંથી બહાર નીકળવાનું જોખમ કોઈ લેવા માંગતું નથી.

## પ્રજા સમક્ષ સવાલ: ભક્તિ કે મજબૂરી?

આ ફોટાઓ અને પ્રસંગો ભલે કોઈ ખાસ પ્લાનિંગ હેઠળ પર્સનાલીટી કલ્ટ ઊભો કરવા માટે ગોઠવવામાં આવ્યા હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે બોલિવૂડ હવે સત્તાના ઈશારે નાચતું એક મંચ બનીને રહી ગયું છે. કલાકારોનો આ દેખાડો સાચો પ્રેમ છે કે પછી ભય અને ફાયદાનું સમીકરણ–તેનો જવાબ સમય જ આપશે.

પરંતુ એક વાત સાચી છે કે પ્રજા હવે બધું સમજે છે કે સિંહાસન સામે આંખ મિલાવવાની તાકાત હવે આ કરોડોપતિ સ્ટાર્સમાં પણ રહી નથી!

**- ગ્રુપ એડિટર પવન માકન**

શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય – 14 (ગુણત્રય વિભાગ યોગ)

# મારો સ્વભાવ જ આવો છે! - એવું કહીને આપણે છટકી જઈએ છીએ, પણ આ 'સ્વભાવ' બને છે શેનાથી?



પ્રકૃતિના ત્રણ ગુણોને ઓળખવા એ જ સ્વ-પરિવર્તનની ચાવી છે.

અધ્યાય ૧૩ માં આપણે સમજ્યા કે શરીર (ક્ષેત્ર) અને તેને જાણનારો આત્મા (ક્ષેત્રજ્ઞ) બંને તદ્દન અલગ છે. આત્મા જો શુદ્ધ અને નિર્મળ છે, તો પછી એક જ પ્રકૃતિમાંથી બનેલા આપણા સૌના સ્વભાવ આટલા અલગ કેમ હોય છે? શા માટે કોઈ વ્યક્તિ શાંતિથી વિચારીને નિર્ણય લે છે, કોઈ સતત સફળતાની આંધળી દોડમાં રહે છે, અને કોઈ પોતાની ક્ષમતા હોવા છતાં માત્ર આળસમાં સમય બગાડે છે?

આપણા વિચારો અને વર્તનનો આ અદ્રશ્ય સંચાલક કોણ છે? આ મહત્ત્વના પ્રશ્નનો ઉકેલ ભગવાન શ્રીકૃષ્ણ ૧૪ મા અધ્યાય 'ગુણત્રય વિભાગ યોગ'માં આપે છે.

પ્રકૃતિના ત્રણ દોરડાં (ગુણો) સત્ત્વ, રજસ અને તમસ

શ્રીકૃષ્ણ સમજાવે છે કે આખી પ્રકૃતિ ત્રણ ગુણોની બનેલી છે. આ ત્રણ ગુણો એવાં દોરડાં (બંધન) છે, જે મુક્ત આત્માને શરીર અને સંસાર સાથે બાંધી રાખે છે. દરેક મનુષ્યમાં આ ત્રણેય ગુણો રહેલા છે, માત્ર સમય અને સંજોગો પ્રમાણે તેની માત્રા અલગ-અલગ હોય છે.

૧. તમોગુણ  અજ્ઞાન અને આળસનું બંધન

આ ગુણ અજ્ઞાનમાંથી જન્મે છે. તે વ્યક્તિને આળસ, ઊંઘ, અંધશ્રદ્ધા અને પ્રમાદમાં ધકેલે છે.

ધાર્મિક દૃષ્ટિએ આ કુંભકર્ણ જેવી વૃત્તિ છે, જે માત્ર નિદ્રા અને અજ્ઞાનમાં જ રચ્યોપચ્યો રહે છે. વર્તમાન સંદર્ભમાં, આ એવો વ્યક્તિ છે જે સત્ય જાણવાની જિજ્ઞાસા વિના માત્ર ભય કે દેખાદેખીથી ધર્મનું પાલન કરે છે.

વ્યવહારિક દૃષ્ટિએ કોઈ વિદ્યાર્થી કે ખેલાડી જાણે છે કે મહેનત જરૂરી છે, છતાં સતત સમય બગાડે છે અને નિષ્ફળતા માટે નસીબને દોષ આપે છે. તમસ માણસનો આધ્યાત્મિક અને વ્યાવહારિક વિકાસ રોકી દે છે.

નિષ્ફળતા કરતાં પોતાની ભૂલમાંથી શીખવાનો ઈનકાર વધુ નુકસાનકારક છે.

૨. રજોગુણ  ઈચ્છા અને સ્પર્ધાની દોડ

આ ગુણ લોભ, અહંકાર અને અતિશય દુન્યવી ઈચ્છાઓમાંથી જન્મે છે. રજોગુણી વ્યક્તિ સતત કંઈક મેળવવાની દોડમાં હોય છે.

રાવણ કે હિરણ્ય કશ્યપજેવા પાત્રો, જેમણે કઠોર તપસ્યાઓ તો કરી પણ તેનો ઉદ્દેશ્ય સત્તા અને અહંકાર પોષવાનો હતો. આ સકામ ભક્તિ છે, જ્યાં ઈશ્વર પાસે પણ શરતો સાથે જવાય છે.

એક ખેલાડી મેડલ જીતવા માટે મહેનત કરે એ સારી વાત છે, પરંતુ જ્યારે તેનું સંપૂર્ણ સુખ માત્ર મેડલ પર જ આધારિત થઈ જાય, ત્યારે હાર તેને અંદરથી તોડી નાખે છે. રજસ માણસને કર્મના ફળની આસક્તિમાં બાંધે છે.

સફળતા મેળવવી પ્રગતિ છે, પરંતુ સફળતા વચ્ચે મનની શાંતિ જાળવવી એ સાચી સમૃદ્ધિ છે.'

૩. સત્ત્વગુણ  જ્ઞાન અને સંતુલનનો પ્રકાશ:

આ ગુણ પ્રકાશ, શાંતિ, વિવેક અને સમજદારી આપે છે. મુશ્કેલી આવે ત્યારે બીજાને દોષ આપવાને બદલે પોતાની ભૂલ ઓળખીને સુધારવાનો પ્રયત્ન કરવો એ સત્ત્વગુણની નિશાની છે.

યુધિષ્ઠિર કે વિભીષણ જેવી વૃત્તિ છે, જેઓ ધર્મ અને સત્યના માર્ગે ચાલ્યા. આ નિષ્કામ ભક્ત છે.

પરંતુ સત્ત્વગુણ પણ માણસને 'હું સૌથી મોટો ભક્ત છું', 'હું પુણ્યશાળી છું' કે 'હું જ્ઞાની છું' તેવા સૂક્ષ્મ અહંકારથી બાંધી શકે છે. (આ લોખંડની નહીં પણ સોનાની બેડી છે, પણ છે તો બેડી જ!)

ગુણાતીત કેવી રીતે બનવું? (ત્રણેય ગુણોથી પાર જવાની યાત્રા)

માત્ર તમસમાંથી રજસમાં અને રજસમાંથી સત્ત્વ ગુણ તરફ પ્રગતિ કરવી એ પૂરતું નથી. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે સાચો જ્ઞાની તે છે જે આ ત્રણેય ગુણોથી પર એટલે કે 'ગુણાતીત' થઈ જાય.

ગુણાતીત વ્યક્તિ કેવી હોય? જેમ કાદવમાં ખીલેલું કમળ પાણીમાં રહેવા છતાં તેનાથી ભીંજાતું નથી, અથવા રાજા જનક જેઓ સંસારમાં રહીને પણ રાજપાટ ચલાવતા હતા છતાં 'વિદેહી' હતા. કોઈ તમારી પ્રશંસા કરે ત્યારે અહંકારથી ફૂલી ન જવું અને કોઈ ટીકા કરે ત્યારે ગુસ્સામાં વિવેક ગુમાવી ન બેસવું  આ ગુણાતીત અવસ્થા છે.

તે જાણે છે કે જે કંઈ થઈ રહ્યું છે તે માત્ર પ્રકૃતિના ગુણોની જ રમત છે, મારો આત્મા તો આ બધાનો માત્ર સાક્ષી છે.

દરેક પરિસ્થિતિ તમારા નિયંત્રણમાં નથી, પરંતુ તમારી પ્રતિક્રિયાને સમજદારીથી ઘડવાનો પ્રયત્ન તમારા હાથમાં છે.

ગુણાતીત થવાનો માર્ગ: સમર્પણ અને ભક્તિ

અધ્યાયના અંતે શ્રીકૃષ્ણ આ ગુણોની માયામાંથી બહાર આવવાનો ચોક્કસ માર્ગ બતાવે છે

ભક્તિ એટલે માત્ર મંદિરમાં બેસી રહેવું નહીં; પરંતુ અહંકાર છોડવો, પોતાનું કર્તવ્ય પૂરી નિષ્ઠાથી નિભાવવું ('હું જ બધું કરું છું' એવો અહંકાર છોડીને), બીજાની સફળતાથી ઈર્ષ્યા ન કરવી અને દરેક પરિસ્થિતિમાં પરમાત્મા પર શ્રદ્ધા રાખવી.

ગીતાનો આ અધ્યાય આપણને બીજાને જજ કરવાને બદલે પોતાનું જ નિરીક્ષણ કરવાનું શીખવે છે. દરરોજ અરીસા સામે ઊભા રહીને પોતાને પૂછો આજે મારા નિર્ણયો પર કયા ગુણનો પ્રભાવ હતો? જ્યારે કારણ વગર ગુસ્સો આવ્યો ત્યારે શું રજસ ગુણ હાવી હતો? આળસ આવી ત્યારે તમસ હતો?

જીવનની સૌથી મોટી જીત મેદાનમાં બીજાને હરાવવામાં નથી, પરંતુ પોતાના જ મનના રણમેદાનમાં પોતાના અહંકાર, લોભ અને આળસને ઓળખીને તેના પર વિજય મેળવવામાં છે! જળકમળવત્ સંતુલન કેળવવો, એ જ સાચો યોગ છે.

ક્રમશઃ...

આગામી અધ્યાય ૧૫ (પુરુષોત્તમ યોગ) માં આપણે જાણીશું:

'સંસારરૂપી ઊંધા અશ્વત્થ વૃક્ષનું રહસ્ય શું છે? તેના મૂળિયાં ઉપર કેમ છે? અને ક્ષર, અક્ષર તથા પુરુષોત્તમનાં તત્ત્વોને સમજીને જીવનના પરમ સત્ય સુધી કેવી રીતે પહોંચી શકાય?'

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# મેરઠના બ્લૂ ડ્રમ કાંડની કાળઝાળ યાદો તાજી ત્યાં જ ઉન્નાવમાંથી આવ્યો 'બક્સા કાંડ': પત્ની જ નીકળી પતિની કાતિલ...!

ઉત્તર પ્રદેશના મેરઠમાં બનેલા ચકચારી 'બ્લૂ ડ્રમ કાંડ'ની સનસનાટી હજુ શમી નહોતી ત્યાં જ હવે યુપીના જ ઉન્નાવમાંથી વધુ એક રુંવાડા ઉભા કરી દેનારી અને હચમચાવી નાખનારી ધ્રુજારી ઉપજાવતી ઘટના સામે આવી છે. ઉન્નાવમાં હાઈવેના કિનારેથી એક લોખંડના ભારેખમ બક્સા (ટ્રંક)માંથી અંદર પૂરી દેવાયેલી હાલતમાં એક યુવકનો ક્ષતિગ્રસ્ત અને રહસ્યમય મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે હાહાકાર અને ચકચાર મચી ગઈ છે. નિર્દયતાની તમામ હદો વટાવી દેતી આ ઘટનાએ ઉત્તર પ્રદેશથી લઈને દેશભરના લોકોને હચમચાવી દીધા છે.

મૃતક યુવકના રહસ્યમય મોત બાદ પોલીસ માટે આ અંધારી કતલનું



રહસ્ય ઉકેલવું કોઈ પડકારથી કમ નહોતું. પરંતુ, ઉન્નાવ પોલીસની સક્રિયતા અને આધુનિક ટેક્નોલોજીના સચોટ ઉપયોગે માત્ર ૧૨ કલાકના ટૂંકા સમયમાં જ આ મર્ડર મિસ્ટ્રીની એવી ચોંકાવનારી પરતો ખોલી નાખી કે પોલીસ અધિકારીઓ પણ દંગ રહી ગયા. પોલીસે સીસીટીવી ફૂટેજ અને હાઈવે પર લગાડેલા એનપીઆર (NPR - નંબર પ્લેટ રેકગ્નિશન) કેમેરાની કડીઓ જોડીને આ કેસનો એવો સપાટો બોલાવ્યો કે કાતિલોના મુખર્જા ખુલ્લા પડી ગયા.

કોણે રચ્યું હતું આ ખૂની ખેલ? પતિ-પત્નીના પવિત્ર સંબંધોને કલંકિત કરતી જે વિગતો બહાર આવી છે તે હૃદય કંપાવનારી છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે મૃતક યુવકની પોતાની જ ધર્મપત્ની નેહા રાવતે પોતાના પાડોશી અને અન્ય એક શખ્સ સાથે મળીને આ ઘાતકી હત્યાકાંડને અંજામ આપ્યો હતો. પ્રેમસંબંધો કે અન્ય કોઈ અદાવતના ચક્કરમાં પત્ની જ પોતાના પતિની જાનની દુશ્મન બની બેઠી હતી.

ખૂન કર્યા પછી અપનાવી હતી ખતરનાક મોડેસ ઓપરેન્ડી: પત્ની અને તેના સહયોગીઓએ ઘરમાં જ યુવકની હત્યા કર્યા બાદ લાકડા કે કપડાં મુકવાના લોખંડના મોટા બક્સામાં લાશને ઠૂંસી-ઠૂંસીને ભરી દીધી હતી. લાશ કોઈને ખબર ન પડે તે રીતે ઠેકાણે પાડવા માટે એક લોડર વાહન (છોટા હાથી કે ગાડી) ભાડે કરવામાં આવ્યું હતું અને આ લોખંડનું ભરેલું બક્સુ વાહનમાં નાખીને ઉન્નાવના હાઈવે કિનારે બિનવારસી હાલતમાં ફેંકી દેવામાં આવ્યું હતું જેથી એમ માનવામાં આવે કે કોઈ અજાણ્યો શખ્સ લાશ ફેંકીને ફરાર થઈ ગયો છે.

પરંતુ, કાતિલો ગમે તેટલા શાતિર હોય, કાયદાના લાંબા હાથથી બચી શકતા નથી. પોલીસે ટેક્નોલોજીના આધારે લોડર વાહન અને આરોપીઓનો પતો લગાવી લીધો અને મુખ્ય સૂત્રધાર એવી મૃતકની પત્ની નેહા રાવત સહિત ત્રણેય આરોપીઓને ગણતરીની કલાકોમાં જ દબોચીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

આ ભયાનક ઘટનાએ સાબિત કરી દીધું છે કે આજકલ ઘરની ચાર દીવાલોની અંદર જ સૌથી મોટા શત્રુઓ છુપાયેલા હોય છે. 'પાક્કો ગુજરાત' આવા પાપ અને ક્રૂરતા આચરનારા નરાધમોને કડકમાં કડક સજા મળે તેવી માંગ સાથે ગુનાખોરીના આ કાળા ચહેરાને સતત બેનકાબ કરતું રહેશે!

# મંત્રીજી, પાણી વહી ગયા પછી પાળ બાંધવાનો શો અર્થ? ગુજરાતના હાડમારી ભોગવતા ખેડૂતો હવે માત્ર વાતો નહીં, નક્કર ન્યાય માંગે છે!

સરકારની પોકળ વાતો અને ખેડૂતોની દયનીય વાસ્તવિકતા વચ્ચે ખપ્પરમાં હોમાતો અન્નદાતા: આમ આદમી પાર્ટી કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામનું સરકાર પર આક્રમક પ્રહાર, તાત્કાલિક દુષ્કાળ જાહેર કરીને રાહત પેકેજ આપવા ગર્જના ગુજરાત આખામાં અન્નદાતા ગણાતા ખેડૂતોની હાલત આજે અત્યંત દયનીય, કંગાળ અને લાચાર બની ચૂકી છે. કુદરતી આફતો અને અનિયમિત વરસાદના કારણે ખેડૂતોના મોંઘા પાક નિષ્ફળ ગયા છે, છતાં સત્તાના નમાં ચૂર ભાજપ સરકાર જમીની હકીકત સ્વીકારવા તૈયાર નથી. ખેડૂતોના વિસ્તારને સત્તાવાર રીતે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાને બદલે માત્ર 'સરકાર ખેડૂતોની સાથે છે' તેવી પોકળ, દયહીન અને વાયદાઓથી ભરેલી વાતો કરીને સંતોષ માનવામાં આવી રહ્યો છે. પ્રજાના લોહી-પસીનાથી ચાલતી સરકારની આ ઉદાસીનતા સામે હવે પ્રચંડ રોષ ફાટી નીકળ્યો છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે આમ આદમી પાર્ટી કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામે સરકાર સામે મોરચો માંડતા સ્પષ્ટ અને તબક્કાવાર માંગ કરી છે કે હવે માત્ર ચર્ચાઓ અને બેઠકોના નાટક કરવાનું બંધ કરવામાં આવે. સરકારે સમય વેડફ્યા વગર તાત્કાલિક ધોરણે પ્રભાવિત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા જોઈએ અને ખેડૂતોને સીધી અને પૂરતી રાહત મળે તેવું માતબર પેકેજ જાહેર કરવું જોઈએ. ખેડૂતોનું પેટ કે તેમનું અસ્તિત્વ નેતાઓની માત્ર પોકળ વાતોથી નહીં, પરંતુ સમયસર મળતી નક્કર આર્થિક મદદથી જ બચી શકશે! ખેડૂતોની આ લાચારી અને સરકારની ઘોર બેદરકારી વચ્ચે સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે શું અન્નદાતાઓને માત્ર ચૂંટણી ટાણે જ યાદ કરવામાં આવે છે? જ્યારે કુદરતનો પ્રકોપ અને સંકટના વાદળો ઘેરાયેલા હોય, ત્યારે તંત્ર માત્ર કાગળ પરની સહાયની વાતો કરીને પોતાની જવાબદારીમાંથી કેમ છટકી જાય છે? ભૂતકાળમાં પણ અનેકવાર ખેડૂતોને પૂરતું વળતર મળવાના દાવાઓ પોકળ સાબિત થયા છે, જેના કારણે આજે ગુજરાતનો ખેડૂત દેવાના બોજ નીચે દબાઈને પાયમાલ થઈ રહ્યો છે. હવે સમય આવી ગયો છે કે સરકાર પોતાના લાંબા ભાષણો અને વાયદાઓની પોલી બંધ કરે અને તાત્કાલિક ધોરણે જમીન પર ઉતરીને ખેડૂતોના ખાતામાં સીધી રાહત પહોંચાડે. જો સમયસર અન્નદાતાને ન્યાય નહીં મળે, તો આ રોષ આગામી દિવસોમાં વધુ ઉગ્ર રૂપ ધારણ કરશે.

# ગરીબ ખેડૂતોના હક માટે લડતા નેતાઓને દબાવવાનો ખેલ? ₹100 કરોડથી વધુની જમીન કૌભાંડના મુદ્દે જિગ્નેશ મેવાણી બાદ જગદીશ ઠાકોર નિશાના પર!

### સવાલોના જવાબો આપવાને બદલે સત્તાનો પાવર બતાવી એફઆઈઆરનો ખેલ? કોંગ્રેસ નેતાઓની તસતસતી ચીમકી: "ન તો ડરાવી શકશો, ન તો ઝુકાવી શકશો – ન્યાયની લડાઈ અટકશે નહીં!"

પાક્કો ગુજરાત ન્યૂઝ / ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરીબ ખેડૂતોના હક, જમીનોના મુદ્દા અને સત્તાધીશોના દબાણની રાજનીતિ વચ્ચે મોટો સંગ્રામ શરૂ થયો છે. કરોડપતિઓ અને જમીન માફિયાઓના પક્ષમાં તંત્ર ઊભું છે કે ગરીબ ખેડૂતોના? આ સવાલ ફરી એકવાર બુલંદ બન્યો છે. 100 કરોડથી વધુ કિંમતની કીમતી જમીનના મુદ્દે અવાજ ઉઠાવનારા અને પ્રજાના અવાજને વાચા આપનારા કોંગ્રેસના અગ્રણી નેતાઓ સામે થઈ રહેલી કાર્યવાહીને લઈને સમગ્ર રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

પહેલાં આ જમીન મુદ્દે સવાલો ઉઠાવવા બદલ આક્રમક ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સામે કાયદાકીય કેસ નોંધવામાં આવ્યો હતો, અને હવે આ જ કડીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા જગદીશ ઠાકોરના નામનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવતાં વિરોધનો વંટોળ ઊભો થયો છે. સત્તાપક્ષ દ્વારા વિપક્ષી નેતાઓનો અવાજ દબાવવા માટે એફઆઈઆર અને પોલીસ તંત્રનો દુરુપયોગ કરાઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે કોંગ્રેસે આરપારની લડાઈનું એલાન કરી દીધું છે.

### ₹100 કરોડની જમીનનું રહસ્ય અને સત્તાધીશોની ચૂપકીદી

જે જમીનની કિંમત બજાર ભાવ મુજબ 100 કરોડથી પણ વધુ આંકવામાં આવી રહી છે, તે જમીનના મુદ્દે જ્યારે વિપક્ષી નેતાઓએ પુરાવા સાથે સવાલો પૂછ્યા અને ગરીબ ખેડૂતોને તેમનો ન્યાયી હક અપાવવાની માંગ કરી, ત્યારે સત્તાધીશો પાસે કોઈ સીધો જવાબ નહોતો. સવાલોના તાર્કિક જવાબો આપવાના બદલે અને જમીનની સાચી હકીકત પ્રજા સમક્ષ લાવવાના બદલે, અવાજ ઉઠાવનારા નેતાઓ સામે જ કેસ ઠોકી બેસાડવાની આ નીતિ સામે પ્રજામાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

શું જમીન કૌભાંડમાં સામેલ મોટા માથાઓને બચાવવા માટે આ સમગ્ર ખેલ રચવામાં આવી રહ્યો છે? શું ખેડૂતોના ન્યાય માટે લડવું હવે ગુનો બની ગયું છે? આ સવાલો અત્યારે ગુજરાતના ખૂણે-ખૂણામાં ચર્ચાઈ રહ્યા છે.

### "નહીં ડરીશું, નહીં ઝુકીશું" – વિપક્ષી નેતાઓની ગર્જના

જગદીશ ઠાકોરનું નામ ફરિયાદમાં ઘસડી લાવવામાં આવ્યા બાદ કોંગ્રેસ કેમ્પમાંથી અત્યંત આકરો પ્રત્યાઘાત આવ્યો છે. નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં સત્તાધીશોને ચેતવણી આપતાં જણાવ્યું છે કે, 'ગરીબ ખેડૂતોના હક અને ન્યાય માટે અવાજ ઉઠાવતા જગદીશ ઠાકોર કે જિગ્નેશ મેવાણીને ન તો તમે ડરાવી શકશો, ન ધમકાવી શકશો અને ન તો ઝુકાવી શકશો!'

સત્તાના બળે દબાણ ઊભું કરવાના અને પોલીસ કાર્યવાહીથી ડરાવવાના ગમે તેટલા પ્રયાસો કરવામાં આવે, તો પણ લોકશાહી ઢબે ખેડૂતોના હક માટે અવાજ ઉઠાવવાનું ક્યારેય બંધ નહીં થાય. આ લડાઈ માત્ર કોઈ એક નેતાની નથી પરંતુ કચડાયેલા અને અન્યાયનો ભોગ બનેલા ગરીબ ખેડૂતોના અસ્તિત્વની લડાઈ છે.

### પ્રજા સમક્ષ સત્ય આવવું જરૂરી: 'પાક્કો ગુજરાત'નો અવાજ

જમીનના આટલા મોટા અને ગંભીર મુદ્દે આખરે સત્ય શું છે તે પ્રજા સમક્ષ આવવું અત્યંત જરૂરી છે. જો સરકાર કે તંત્ર સાચું હોય તો તેમણે તપાસના નામે વિપક્ષી નેતાઓને નિશાન બનાવવાના બદલે પારદર્શક તપાસ કરાવવી જોઈએ. માત્ર કેસો કરીને કે ફરિયાદોમાં નામો ઉમેરીને સત્યને દબાવી શકાશે નહીં.

ગુજરાતના ગરીબ ખેડૂતોની જમીનો પર ડોળો માંડનારા અને તેમને રક્ષણ આપનારા ભ્રષ્ટ તત્વો સામે 'પાક્કો ગુજરાત' સતત અવાજ ઉઠાવતું રહેશે. ખેડૂતોના હક અને ન્યાય માટેની આ લડાઈ આવનારા દિવસોમાં વધુ ઉગ્ર બને તેવા સ્પષ્ટ એંધાણ દેખાઈ રહ્યા છે!

# જ્યારે માણસની કિંમત તેના સ્વભાવથી નહીં, પણ પૈસાથી થવા લાગે...

સમાજમાં એક સમય એવો હતો, જ્યારે માણસની ઓળખ તેના સંસ્કાર, વાણી, વ્યવહાર અને ચારિત્ર્યથી થતી હતી. કોઈ વ્યક્તિ કેટલી સંપત્તિ ધરાવે છે તેના કરતાં તે કેટલો સારો માણસ છે, તેને વધારે મહત્ત્વ આપવામાં આવતું હતું. પરંતુ સમયની સાથે જાણે માણસને માપવાના માપદંડો જ બદલાઈ ગયા છે. આજે ઘણી જગ્યાએ વ્યક્તિનું વ્યક્તિત્વ નહીં, પરંતુ તેની આર્થિક સ્થિતિ જોઈને તેને માન આપવામાં આવે છે. જેની પાસે પૈસા છે, તેની વાત ધ્યાનથી સાંભળવામાં આવે છે. જેની પાસે મોટું મકાન, મોંઘી ગાડી અને ઊંચો હોદ્દો છે, તેની આસપાસ લોકોની ભીડ જોવા મળે છે. બીજી તરફ, સામાન્ય જીવન જીવતી વ્યક્તિ પાસે અનુભવનો ખજાનો હોય, હૃદયમાં નિખાલસતા હોય અને સ્વભાવમાં માનવતા હોય, છતાં ઘણી વાર તેને જોઈએ એટલું મહત્ત્વ મળતું નથી. આ પરિસ્થિતિ સમાજની બદલાતી માનસિકતા સામે એક ગંભીર પ્રશ્ન ઊભો કરે છે. શું ખરેખર પૈસાથી જ માણસ મોટો બને છે? પૈસાનું મહત્ત્વ નકારી શકાય તેમ નથી. જીવન જીવવા માટે આર્થિક સધ્ધરતા જરૂરી છે. પરિવારની જરૂરિયાતો પૂરી કરવા, બાળકોને સારું શિક્ષણ આપવા અને મુશ્કેલ સમયમાં સ્વમાન સાથે ઊભા રહેવા માટે પૈસા ઉપયોગી છે. પરંતુ પૈસા જીવનનું સાધન છે, માણસાઈનું પ્રમાણપત્ર નહીં. કોઈ વ્યક્તિ ધનવાન હોય એટલે તે મહાન જ હોય એવું નથી, અને કોઈ ગરીબ હોય એટલે તે ઓછો મૂલ્યવાન હોય એવું પણ નથી. માણસની સાચી ઊંચાઈ તેના વિચારોમાં, બીજાને આપતા માનમાં અને મુશ્કેલીના સમયમાં બતાવેલી સંવેદનામાં રહેલી છે. દુર્ભાગ્યે, દેખાડાની હોડમાં આપણે ઘણી વાર આ સત્ય ભૂલી જઈએ છીએ. કપડાંની બ્રાન્ડ, વાહનની કિંમત, સામાજિક પ્રતિષ્ઠા અને પ્રસંગોમાં થતો ખર્ચ જાણે વ્યક્તિની ઓળખ બની ગયાં છે. પરિણામે સાદગીથી જીવતા માણસને ક્યારેક પોતાની કિંમત સાબિત કરવાની ફરજ પડે છે. સંબંધોમાં પણ હિસાબ શરૂ થઈ ગયો છે! સંબંધોની સુંદરતા ત્યારે જળવાય છે, જ્યારે તેમાં લાગણી, વિશ્વાસ અને નિઃસ્વાર્થતા હોય. પરંતુ જ્યારે સંબંધોમાં પૈસા, હોદ્દો અને લાભનું ગણિત પ્રવેશી જાય છે, ત્યારે લાગણીઓ ધીમે ધીમે નબળી પડવા લાગે છે. કેટલાક લોકો સુખના સમયમાં નજીક આવે છે, પરંતુ મુશ્કેલીના દિવસોમાં અંતર વધારવા લાગે છે. જ્યાં સુધી વ્યક્તિ પાસે આપવાની ક્ષમતા હોય ત્યાં સુધી તેની આસપાસ લોકો રહે છે; પરંતુ જ્યારે તેને પોતે સહારાની જરૂર પડે છે, ત્યારે ઓળખીતાં ચહેરાઓ પણ અજાણ્યા બની જાય છે. આવી પરિસ્થિતિ માણસને માત્ર દુઃખી જ નથી કરતી, પરંતુ સંબંધોની સાચી ઓળખ પણ કરાવે છે. કારણ કે જે વ્યક્તિ તમારી પાસે કશું ન હોવા છતાં તમારી સાથે ઊભી રહે છે, એ જ વ્યક્તિ તમારા જીવનની સાચી સંપત્તિ છે. માણસાઈની કિંમત બજારમાં નક્કી થતી નથી! સમાજમાં એવા અનેક લોકો હોય છે, જેઓ પાસે વિશાળ સંપત્તિ નથી, પરંતુ જરૂરિયાતમંદને મદદ કરવા માટે હંમેશાં તૈયાર રહે છે. કોઈ દુઃખી વ્યક્તિને આશ્વાસન આપે છે, કોઈ અજાણ્યા માણસની મુશ્કેલીમાં સાથ આપે છે, તો કોઈ પોતાના સ્વાર્થ કરતાં બીજાના સુખને મહત્ત્વ આપે છે.  આવા લોકો કદાચ અખબારોના મથાળે સ્થાન ન મેળવે, પરંતુ અનેક હૃદયોમાં સન્માનનું સ્થાન જરૂર મેળવે છે. તેમની મહાનતા તેમના બેંક ખાતામાં નહીં, પરંતુ તેમના કર્મોમાં જોવા મળે છે.

– રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ



પાક્કો ગુજરાત

શુક્રવાર | 23 ઓક્ટોબર 2026 | અમદાવાદ

ઉપપ્રમુખની આગેવાનીમાં ભાજપ સામે મોરચો માંડતા રાજકારણમાં ભૂકંપ

# છોટાઉદેપુર નગરપાલિકામાં ભાજપના નાક નીચે જબરદસ્ત ભડાકો: પ્રમુખની વર્ણીના માત્ર 3 કલાકમાં જ 17 સભ્યોનો ખુલ્લો બળવો!

છોટાઉદેપુર

ગુજરાતી રાજકારણમાં 'શિસ્તબદ્ધ' હોવાના મોટા દાવા કરતી ભારતીય જનતા પાર્ટીના આંતરિક કલેશ અને જૂથવાદનો વધુ એક અત્યંત શરમજનક અને ઘાતક અરીસો છોટાઉદેપુર નગરપાલિકામાંથી સામે આવ્યો છે. છોટાઉદેપુર નગરપાલિકામાં ભાજપનું બોર્ડ હોવા છતાં, પક્ષની અંદર જ એવો ઘમાસાણ મચ્યો છે કે નવા ચૂંટાયેલા પ્રમુખને સત્તા સંભાળતાની સાથે જ મોટો ઝટકો લાગ્યો છે. નવા પ્રમુખની વરણી થયાના માંડ ગણતરીના ત્રણ કલાકમાં જ ઉપપ્રમુખ સહિત ૧૭ સભ્યોએ ભાજપ સંગઠન સામે ખુલ્લો બળવો પોકારીને ચીફ ઓફિસરને ધડાધડ સહીઓ સાથેનો પત્ર ધરી દીધો છે. આ ઘટનાથી જિલ્લા ભાજપમાં ફફડાટ વ્યાપી ગયો છે અને સંગઠનની પકડ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, તા. ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ છોટાઉદેપુર નગરપાલિકાના નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી. વોર્ડ નંબર ચારના ભાજપના ઉમેદવાર રજનીબેન રાઠવાને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. જોકે, આ વરણી પહેલાંથી જ પાર્ટીની અંદર ભારે આંતરિક વિવાદ ચાલી રહ્યો હતો. ભાજપના જ કેટલાક સભ્યો અન્ય વ્યક્તિને પ્રમુખ બનાવવા માંગતા હતા, પરંતુ જિલ્લા સંગઠને હુકમ ચલાવીને રજનીબેન રાઠવાને ગદ્દી પર બેસાડી દીધા હતા. સ્થાનિક સભ્યોની આ નારાજગી ચૂંટણી ટાણે જ ભાજપ વિરુદ્ધ થયેલી કામગીરીમાં દેખાઈ ચૂકી હતી. અત્યાર સુધી ઈન્ચાર્જ ઉપપ્રમુખ દ્વારા વહીવટ ચલાવાતો હતો, પરંતુ જેવું નવું પ્રમુખપદ અસ્તિત્વમાં આવ્યું કે તરત જ અસંતુષ્ટ જૂથ પ્રમુખ સામે ખુલ્લેઆમ મેદાને આવી ગયું. ઉપપ્રમુખની આગેવાનીમાં ભેગા થયેલા ૧૭ નગરપાલિકાના સભ્યોએ એક થઈને ચીફ ઓફિસરને લેખિતમાં સ્પષ્ટ આદેશ આપી દીધો છે કે, નગરપાલિકામાં ચાલી રહેલા વિકાસના કામોના કોઈપણ બિલ કે પેમેન્ટ આ ૧૭ સભ્યોની સંમતિ કે બહુમતી વગર ચૂકવવા નહીં! એટલું જ નહીં, કોઈપણ કર્મચારીની ભરતી કરતા પહેલા પણ આ ૧૭ સભ્યોની મંજૂરી લેવી પડશે તેમ ફરમાન કરાયું છે. પ્રમુખની સત્તાને સીધી રીતે નબળી પાડતી આ હરકતે છોટાઉદેપુરના રાજકારણમાં ભારે હાહાકાર મચાવી દીધો છે.

ભાજપ માટે સૌથી મોટી શરમજનક વાત એ છે કે આ ૧૭ સભ્યોના બળવાખોર જૂથે સત્તાના સમીકરણો સંપૂર્ણ બદલી નાખ્યા છે. આ જૂથમાં સમાજવાદી પાર્ટીના ૬ સભ્યો, ભાજપના જ બળવાખોર ૬ સભ્યો, કોંગ્રેસનો ૧ અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલા ૩ અપક્ષ સભ્યો સહિત કુલ ૧૭ જણાએ એકસાથે સહીઓ કરીને સંગઠનને સીધો પડકાર ફેંક્યો છે. પ્રમુખ ભલે ભાજપના બેઠા હોય, પરંતુ વાસ્તવિક સત્તા આ ૧૭ સભ્યોના હાથમાં જતી રહેવાથી ભાજપના હાથ હેઠા પડી ગયા છે. આ મામલે છોટાઉદેપુર નગરપાલિકાના ચીફ ઓફિસર ભાવિકકુમાર બરજોડે જણાવ્યું છે કે, હાલ નગરપાલિકામાં આશરે ૮ કરોડ રૂપિયાના વિકાસના કામો શરૂ છે. પરંતુ ૧૭ સભ્યોએ સહી કરીને પત્ર આપ્યો હોવાથી અને તેમની પાસે બહુમતી હોવાથી, તેમની મંજૂરી વગર કોઈપણ પેમેન્ટ કે ચુકવણી કરી શકાશે નહીં. જો નવા પ્રમુખે પોતાની સત્તા જાળવી રાખવી હોય તો તેમણે પણ ૧૭ સભ્યોની સહી સાથેનો સમર્થન પત્ર લાવવો પડશે!

## દહેગામના રેલવે સ્ટેશન રોડ પર ગટર ઉભરાતા નગરજનો અને વેપારીઓ હાલાકીમાં મુકાયા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામના અતિ વ્યસ્ત ગણાતા રેલવે સ્ટેશન રોડ ઉપર છેલ્લા કેટલાક સમયથી ગટર ઉભરાવવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ, વાહનચાલકો અને વેપારીઓ અત્યંત પરેશાન થઈ ઉઠ્યા છે. ગટરનું ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી જાહેરમાં રોડ પર ફરી વળતા ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ વિસ્તારમાં કપડાં, ફૂટવેર,અનાજ-કરિયાણા તેમજ સૌંદર્ય પ્રસાધનો સહિતની અનેક નાની-મોટી દુકાનો આવેલી છે. હાલમાં દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે, જેના કારણે દૈનિક ધોરણે આ બજારમાં ખરીદી કરવા માટે ગ્રાહકોની ભારે ભીડ ઉમટી રહી છે. પરંતુ, માર્ગ પર પ્રવર્તતી ગટરના પાણીની સમસ્યા અને અસહ્ય દુર્ગંધને કારણે ગ્રાહકો અહીં આવવાનું ટાળી રહ્યા છે.

જેની સીધી અને માઠી અસર વેપારીઓના ધંધા-રોજગાર પર પડી રહી છે.ગંદા પાણી ભરાઈ રહેવાથી મચ્છરોનો ઉપદ્રવ અને



રોગચાળો ફેલાવાની દહેશત ઊભી થઈ છે, જેના કારણે અહીંથી પસાર થતા રાહદારીઓ તથા સ્થાનિકોના સ્વાસ્થ્ય સામે પણ મોટો ખતરો તોળાઈ રહ્યો છે.

તહેવારોની મોસમમાં વેપારીઓને આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિક લોકો અને વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

તીર્થધામ ચાણોદ માંડવા માર્ગ પર

## બેફામ દોડતા ડમ્પરો માંથી રેતી જાહેર માર્ગ પર વેરાતા માર્ગ જોખમી બન્યો..!!

ડભોઇ, મુકેશ ખત્રી

ડભોઇ તાલુકાના તીર્થધામ ચાણોદ નવા માંડવા ડભોઇ સેગવા માર્ગ પર રેતી કપચી ભરેલા મોટા ડમ્પરો ની ધમધમાટ જોવા મળે છે વહેલી સવારે વાહનો માંથી પાણી ટપકતા આખા રસ્તા ભીના થઈ જાય છે તો બીજી બાજુ આ માર્ગ પર ભારે વાહનો ચાલવાથી મોટા મોટા ખાડા પડી ગયા છે જે દુરસ્ત કરવા તંત્ર તરફથી ગંભીર ઉપેક્ષા સેવાય રહી છે કેટલાક વાહનોના નંબરો પણ હોતા નહીં નંબર પ્લેટ વગર ના વાહનો દોડતા હોવાનું લોકો માં ચર્ચાય રહ્યું છે ભૂતકાળ માં માંડવા હરસિધ્ધિ માતા પાસે મુખ્ય માર્ગ પર એક વાછરડાને ડમ્પરે અડફટે લેતાં



આખા વાછરડાનો ખુરદો બોલી ગયો હતો એક કિલોમીટર જેટલા માસના લોચા થી અરેરા થી ફેલાઈ હતી ત્યારે ગોપાલકો લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. થોડા સમય પછી ફરી પાછાં ડમ્પરોની અવર જવર ચાલુ થઈ જતા રેતી ભરેલા ડમ્પરો માંથી પાણી ટપકતા જોવા મળે છે રોડ ભીના થઈ જાય છે. હાલ દિવાળી સામે છે ત્યારે વાહન ચાલકોની યાત્રિકોની અવરજવર તહેવારોની સિઝન નવરાત્રી પૂરી થતાં જોવા મળે છે. ત્યારે રેતી ભરેલા ડમ્પર માંથી મોટેપાયે નવા-માંડવા પ્રાથમિક શાળા પાસેથી એમજીવીસીએલ વીજ કચેરી સુધી ના 90 ડિગ્રી ના વર્ણાંકો આવેલા છે ત્યાં બેફામ ચાલતા વાહનો માંથી મોટેપાયે રેતી વેરાતા ગફલત ભરી રીતે ચલાવતા હાલ રેતી વેરાયેલી જોવા મળે છે જે રાહદારી વાહન ચાલકો માટે જોખમી છે વાહનો રેતીમાં સ્લીપ થવાની સંભાવના વચ્ચે દોડતા જોવા મળી રહ્યા છે રાત્રિને અંધકારમાં ખાસ કરીને ટુવીલ તાલુકો સામેથી આવતા વાહનોની લાઈટમાં રોડ પર રેતી ઢોળાયેલ હોય તે નજરે ના પડતા ગંભીર અકસ્માત વાહન સ્લીપ થવાથી થવાની સંભાવના જોવાઈ રહી છે ત્યારે તંત્ર દ્વારા આવા બેફામ ચાલતા વાહનો સામે કાર્યવાહી આરંભે જરૂરી છે તેમજ રોડ પર વેરાયેલ રેતી સત્વરે સાફ-સફાઈ કરાઈ એ જરૂરી છે તેમ જ ચાણોદ ડભોઇ સતીશાળા માર્ગ પર પડેલા ખાડા નું દુરસ્તીકરણ કરાય એ જરૂરી છે રસ્તાની આજુબાજુ ઊગી નીકળેલા ઝાડી ઝાંખરા દૂર કરાય એ જરૂરી છે.

## શિનોર તાલુકાના અવાખલ ગામે બંધ મકાનમાંથી દાગીના અને રોકડ સાથે આશરે રૂ.19 લાખની ચોરી

તારીખ 17 નાના કરાળા ગામે રૂપિયા 5 થી 6 લાખના દાગીના તથા રોકડ રકમ ની ચોરીનો ગુનો નોંધાયો નથી

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના અવાખલ ગામે આજરોજ તારીખ 22 ઓક્ટોબર વહેલી સવારના મસ્જિદ ફળિયામાં આવેલા પટેલ સુભાષભાઈ મનહરભાઈ ના બંધ મકાનમાં નકુચો તોડી ઘરમાં ઘૂસી તિજોરી ખોલીને આશરે 10 થી 12 તોલા સોનાના દાગીના, એક કિલો ચાંદી તથા રૂપિયા 80 થી 90 હજાર રોકડા બાઈક પર આવેલા ત્રણ ચોરો ચોરી કરીને શિનોર પોલીસના નાઈટ પેટ્રોલિંગ ને તમાચો મારીને ભાગી ગયા છે. તારીખ 21 ઓક્ટોબર ના રોજ અવાખલ ના સુભાષભાઈ પટેલ મકાન બંધ કરી વડોદરા મુકામે ગયા હતા, અને તેનો લાભ લઈ



આજરોજ તારીખ 22 ઓક્ટોબર 2026 વહેલી સવારના પાંચ વાગ્યાના અરસામાં બાઈક પર આવેલા ત્રણ ચોરોએ આ બંધ મકાન નો નકુચો તોડી ઘરમાં ઘૂસી તિજોરી ને ખોલી આશરે રૂપિયા 80 થી 90 હજાર રોકડા ,એક કિલો ચાંદી અને આશરે 10 થી 12 તોલા સોનાના દાગીના ની ચોરી કરેલ છે. અને આ ચોરો બાઈક લઈને ત્રણ સવારી સેગવાથી રાજપીપળા તરફ ભાગી ગયા હતા. જે અવાખલના જીમમાં સેગવા જતા એક યુવાને જોયું હતું. શિનોર પોલીસને જાણ થતા સૌપ્રથમ સિવિલ ડ્રેસમાં પોલીસ આવ્યા હતા અને ત્યારબાદ પાછળથી ડ્રેસ વાળા પોલીસ પણ આવ્યા હતા, અને ચોરીનો ભેદ ઉકેલવા માટે સીસી કેમેરા ની તપાસ હાથ ધરેલ છે. શિનોર પોલીસ સ્ટેશનમાં તમામ પોલીસો બદલીથી નવા આવ્યા હોવાથી સાચી પોલીસ કે નકલી પોલીસ તેનો ભેદ મળતો નથી. સેગવા આઉટ પોસ્ટ ના તાબા હેઠળ તારીખ 17 ઓક્ટોબર નાના કરાડા ગામે પણ વહેલી સવારે ચોરી થઈ હતી અને આશરે 5 થી 6 લાખના દાગીના તથા રોકડ રકમની ચોરી કરી બાઈક પર આવેલા ત્રણ ચોરો ભાગી ગયા હતા. આ ચોરો સીસી કેમેરામાં કેદ થયેલા હતા. સેગવા પોલીસ સ્ટેશને આજ સુધી તેનો ગુનો નોંધાયો નથી. માત્ર અરજીના આધારે તપાસનું નાટક થાય છે. સેગવા આઉટ પોસ્ટ પોલીસ ની કામગીરી શંકાસ્પદ માલુમ પડે છે. તારીખ 7 ઓક્ટોબરના રોજ સાધલીથી સપ્લાયરને ત્યાંથી રેતી ભરીને મોટા કરાડા જતા ટ્રેક્ટર વાળા પાસે પોલીસનો દમ મારીને રૂપિયા 1,500 લેવામાં આવ્યા હતા.

## સુખી ડેમના પુલ ઉપર બાઈક, મોબાઈલ અને ચપ્પલ મળી આવતાં ચકચાર!

યુવક-યુવતી ગુમ હોવાની આશંકા વચ્ચે કદવાલ પોલીસ અને રેસ્ક્યુ ટીમ દ્વારા ડેમના પાણીમાં શોધખોળ શરૂ

કદવાલ, ઈરફાન મકરાણી

છોટાઉદેપુર જિલ્લાના કદવાલ તાલુકામાં બાર ચોકડીથી સટૂન તરફ જતા માર્ગ પર આવેલા સુખી ડેમના પુલ ઉપર બાઈક, મોબાઈલ ફોન તેમજ યુવક અને યુવતીનાં ચપ્પલ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ વસ્તુઓ મળી આવતાં યુવક અને યુવતી ગુમ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોનાં ટોળાં પુલ ઉપર એકત્ર થયાં હતાં.

પ્રાપ્ત માહિતી મુજબ, સુખી ડેમના પુલ ઉપર બાઈક, મોબાઈલ ફોન અને ચપ્પલ મળી આવ્યાં હતાં. આ અંગે જાણ થતાં જ કદવાલ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. પુલ ઉપરથી મળી આવેલી વસ્તુઓને ધ્યાનમાં રાખીને યુવક અને યુવતી ડેમના પાણીમાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ અંગે હજી સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા રેસ્ક્યુ ટીમને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી ડેમના પાણીમાં શોધખોળની કામગીરીમાં જોડાઈ હતી. બોટની મદદથી પાણીમાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં લોકોમાં ચિંતા જોવા મળી રહી છે. હાલમાં યુવક અને યુવતીની ઓળખ, તેઓ ક્યાંના રહેવાસી છે અને સમગ્ર ઘટના કેવી રીતે બની તે અંગેની વિગતો જાણવા તપાસ કરવામાં આવી રહી છે.

બોડેલી નજીક દારૂ ભરેલી કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

## વણીયાદ્રિ પાસે હાઈવે પર દારૂના ડબ્બા વેરવિખેર થતાં ચકચાર; દારૂની હેરાફેરી અંગે તપાસના સવાલો

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી પંથકમાં બોડેલી-રાજપીપળા હાઈવે પર વણીયાદ્રિ ગામ નજીક કેનાલ પાસે દારૂ ભરેલી કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં ચકચાર મચી ગઈ હતી. અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું હતું, જ્યારે કારમાં લઈ જવાતો હોવાનું જણાવાતો દારૂનો જથ્થો રસ્તા પર વેરવિખેર થઈ ગયો હતો. ઘટનાને પગલે ગેરકાયદેસર દારૂની હેરાફેરી અંગે અનેક સવાલો ઊભા થયા છે. પ્રાથમિક માહિતી અનુસાર,



કારચાલકે વાહન પરનો કાબૂ ગુમાવતાં ટ્રક સાથે અથડામણ થઈ હતી. અકસ્માતની અસર એટલી ગંભીર હતી કે કારને ભારે નુકસાન પહોંચ્યું હતું અને તેમાં રહેલા દારૂના ડબ્બાઓ રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. આ બનાવમાં કારચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હોવાનું જાણવા મળ્યું છે. ઈજાગ્રસ્તને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

ગુજરાતમાં દારૂબંધી અમલમાં હોવા છતાં કારમાં દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો, તેને ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો અને આ હેરાફેરી પાછળ કોણ જવાબદાર છે તેવા સવાલો ઊભા થયા છે. દારૂના જથ્થાના માલિક, તેના સ્ત્રોત અને પરિવહન અંગેની વિગતો સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

અકસમાતની જાણ થતાં ઘટનાસ્થળે સ્થાનિક લોકો એકત્રિત થઈ ગયા હતા. રસ્તા પર વાહનના કાટમાળ અને દારૂના ડબ્બાઓ વેરવિખેર થતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ટ્રાફિક વ્યવસ્થા સામાન્ય કરવા સાથે આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

## આદિપુર એમ.એમ. હોસ્પિટલ પાછળ માર્ગ અકસ્માત: બે યુવતીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત



ભચાઉ (કચ્છ), રૂપેશ સોલંકી

આદિપુરમાં આવેલી એમ. એમ. હોસ્પિટલની પાછળના રોડ પર એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના પ્રકાશમાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બે અલગ-અલગ એક્ટિવા સ્કૂટર પર પસાર થઈ રહેલી બે યુવતીઓને એક કાર ચાલકે બેફામ અને ગફલતભરી રીતે વાહન હંકારીને જોરદાર અડફેટે લીધી હતી.

કારની ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને એક્ટિવા સવાર યુવતીઓ રસ્તા પર પટકાઈ પડી હતી અને તેમને શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક રહીશો અને અન્ય વાહનચાલકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ એકઠા થઈને લોહીલુહાણ હાલતમાં રહેલી બંને ઈજાગ્રસ્ત યુવતીઓને તાકીદે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરી હતી.

## બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકની સો. મીડિયા રીલ બની સંકટ સમયની સાંકળ

બોટાદમાં મોડી રાત્રે વાહન નહી મળતાં દીકરીએ 181ને કર્યો ફોન, અભયમ્ ટીમે સુરક્ષિત ઘરે પહોંચાડી

બોટાદ, વિપુલ લુહાર

નવરાત્રિના પર્વ દરમિયાન મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા માટે બોટાદની 181 અભયમ્ મહિલા હેલ્પલાઇનની ટીમે સંવેદનશીલતા અને સતર્કતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગરબા પૂર્ણ થયા બાદ મોડી રાત્રે ઘરે પરત ફરવા માટે વાહન ન મળતાં મુશ્કેલીમાં મુકાયેલી એક દીકરી માટે 181 અભયમ્ હેલ્પલાઇન મદદરૂપ બની હતી અને ટીમે તેને સુરક્ષિત રીતે ઘરે પહોંચાડી હતી.બોટાદ શહેરમાં રાત્રિના આશરે ૨:૫૦ વાગ્યે ઘરે જવા માટે કોઈ વાહન ન મળતાં દીકરીએ 181 અભયમ્ હેલ્પલાઇનનો સંપર્ક કરીને મદદ માગી હતી.



જાણ થતાં જ કાઉન્સેલર જલ્પાબેન, પોલીસ કોન્સ્ટેબલ પ્રભાબેન અને ડ્રાઈવર નરેન્દ્રભાઈની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. દીકરીની પરિસ્થિતિને સમજી ટીમે તેને સુરક્ષિત રીતે ઘરે પહોંચાડી હતી. સમયસર મદદ મળતાં દીકરીએ અભયમ્ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર ઘટનામાં નોંધનીય બાબત એ છે કે દીકરીને બોટાદ પોલીસના 'botad sp' ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરની રીલ્સ દ્વારા 181 અભયમ્ મહિલા હેલ્પલાઈન અને 112 ઈમરજન્સી સેવાની જાણકારી મળી હતી. સોશિયલ મીડિયા મારફતે મેળવેલી આ જાણકારી મુશ્કેલીના સમયે તેના માટે મદદરૂપ સાબિત થઈ હતી.

સરકાર દ્વારા મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવા સોશિયલ મીડિયાનો અસરકારક ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને 181 અભયમ્ મહિલા હેલ્પલાઈન અને 112 ઈમરજન્સી સેવાની ઉપયોગિતા તથા તેની ઉપલબ્ધતા અંગેની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે.

## પૂર્વ કચ્છમાં ગાંજાના જથ્થા સાથે બિહારનો શખ્સ ઝડપાયો



ભચાઉ (કચ્છ), રૂપેશ સોલંકી

પૂર્વ કચ્છમાં નશાખોરી નાબૂદી અભિયાન અંતર્ગત ખાસ પોલીસ શાખાની ટીમે મોટી સફળતા મેળવી છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારની સૂચના તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.સી. વાળાના માર્ગદર્શન હેઠળ પોલીસે ઓમનગરથી મીઠીરોહર રોડ પર દરોડો પાડ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન અંજારના વર્ષામેડીમાં રહેતા અને મૂળ બિહારના રણજીત જાગરૂપ યાદવ (ઉં.વ. ૩૭) ને ઝડપી લેવાયો હતો. પોલીસ તપાસમાં તેની પાસેથી નીચે મુજબનો મુદ્દામાલ મળી આવ્યો છે: * ગાંજો: ૧.૯૬૩ કિલોગ્રામ (કિંમત ૯૮,૧૫૦) * અન્ય સાધન: ૨ મોબાઈલ ફોન અને ૩,૦૪૦ રોકડા * કુલ મુદ્દામાલ: ૧,૦૭,૧૯૦ પોલીસે આરોપી વિરૂદ્ધ માદક પદાર્થ વિરોધી કાયદા હેઠળ ગુનો નોંધી, વધુ તપાસ માટે તેને અંજાર પોલીસને સોંપ્યો છે.

પોલીસ સંભારણા દિવસ 2026

## તેરા તુજકો અર્પણ : સર્વેલન્સથી જનફરિયાદના નિકાલ સુધી, પોલીસ તંત્રની કામગીરીને સેલ્યુટ!

લેખક : સુનીલ રાજેન્દ્ર બર્મન (સંત સુરા), સુરત

સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિભાવતું પોલીસ તંત્ર માત્ર ગુનેગારો સામે કાર્યવાહી કરતું વિભાગ નથી, પરંતુ નાગરિકોની સુરક્ષા, મુશ્કેલીના સમયે મદદ અને જનફરિયાદોના નિવારણનું પણ મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. પોલીસ સંભારણા દિવસ 2026ના અવસરે શહીદ પોલીસ જવાનોને નમન અને ફરજ બજાવતા જવાનોને સેલ્યુટ અર્પણ કરતાં પોલીસની વિવિધ શાખાઓની કામગીરી સમજવી પણ એટલી જ જરૂરી છે. 'તેરા તુજકો અર્પણ'ના ભાવ સાથે પોલીસ તંત્ર પાસેથી મેળવેલી માહિતીના આધારે આ લેખ રજૂ કરવામાં આવે છે.

શહેરની સુરક્ષા વ્યવસ્થામાં સર્વેલન્સ સ્ક્વોડની કામગીરી વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. અસામાજિક તત્ત્વો અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર નજર રાખવાની સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં આ શાખાની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બને છે. પોલીસ પ્રત્યે નાગરિકોમાં વિશ્વાસ વધે અને પોલીસ પ્રજાની મિત્ર બને તે માટે જવાબદારી, સંવેદનશીલતા અને પારદર્શિતા જરૂરી છે. પોલીસ કર્મચારી સામે ખાતાકીય ફરિયાદ મળે તો લાગુ પડતા નિયમો અનુસાર તેની તપાસ અને કાર્યવાહી થવી જોઈએ.

લેખમાં જણાવ્યા મુજબ, વર્ષ 2000માં તત્કાલીન પોલીસ કમિશનર કુલદીપ શર્માના આદેશથી પોલીસ સ્ટેશનોમાં 'ટપોરી રજિસ્ટર' શરૂ કરવામાં આવ્યું હતું. હિંસા, ધાકધમકી, મારામારી, છેડતી અને દાદાગીરી જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્ત્વો પર નજર રાખવાનો તેનો હેતુ હતો. આવા તત્ત્વોને આર્થિક સહાય કે આશ્રય આપનારાઓની ભૂમિકા પણ તપાસનો વિષય બની શકે છે. સમયસર દેખરેખ અને કાયદેસરની કાર્યવાહીથી નાની ગુનાહિત પ્રવૃત્તિઓ મોટાં ગુનાઓમાં પરિવર્તિત થતી અટકાવવામાં મદદ મળી શકે છે.

ડીટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (DCB) ગુનાની શોધ અને સંબંધિત કાર્યવાહી માટે મહત્ત્વપૂર્ણ શાખા છે. લેખમાં જણાવ્યા પ્રમાણે, અરજીઓની નકલો સીધી DCBને મોકલવાથી દરેક કિસ્સામાં તપાસ શરૂ થાય એવું નથી; તપાસ માટે સક્ષમ અધિકારીની મંજૂરી અને લાગુ પડતી પ્રક્રિયાનું પાલન જરૂરી છે. તેથી નાગરિકોએ પોતાની ફરિયાદ યોગ્ય અધિકારી અથવા પોલીસ સ્ટેશન સમક્ષ રજૂ કરવી જોઈએ.



### સોશિયલ મીડિયા પર વાયરલ થયા પછી લોકોએ અજબગજબની પ્રતિક્રિયાઓ આપી

# અભિનેત્રી મલાઈકા અરોરા ફરી સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી

મુંબઈ

બોલીવુડની અભિનેત્રી મલાઈકા અરોરા ફરી સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી છે. આ વખતે ચર્ચાનું કારણ તેનો બોલ્ડ કે ગ્લેમરસ અંદાજ નહીં, પરંતુ તેણે લીધેલી અબુ ધાબીની પ્રખ્યાત શેખ જાયેદ ગ્રાન્ડ મસ્જિદની મુલાકાત છે. મલાઈકા બ્લેક કલરનો બુરખો પહેરીને મસ્જિદમાં પહોંચી હતી ત્યારે ત્યાંનો વીડિયો તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો હતો. વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા પછી લોકોએ અજબગજબની પ્રતિક્રિયાઓ આપી હતી. મલાઈકાએ વીડિયોમાં મસ્જિદની ભવ્યતા નિહાળતી જોવા મળે છે. તેણે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, "કેટલીક જગ્યાઓ તમને થોભી જવા મજબૂર કરે છે, તો કેટલીક જગ્યાઓ તમને કંઈક અનુભવ કરાવે છે. આ જગ્યાએ બંને અનુભવ થયા." તેની આ પોસ્ટને લઈને કેટલાક યુઝર્સે તેના લુકનાં વખાણ કર્યા, જ્યારે કેટલાકે અલગ-અલગ ટિપ્પણીઓ કરી. મલાઈકાના બુરખાવાળા લુકની સાથે તેના પગ તરફ પણ સોશિયલ મીડિયા યુઝર્સનું ધ્યાન ગયું હતું.

વીડિયોમાં તે શૂઝ પહેરેલી જોવા મળે છે. મસ્જિદમાં પ્રવેશતી વખતે સામાન્ય રીતે પગરખાં ઉતારવાના નિયમને ધ્યાનમાં રાખીને યુઝર્સે આ બાબતે સવાલો ઉઠાવ્યા હતા. મલાઈકાનો આ વીડિયો સામે આવ્યા બાદ તેના અને સર્વેશ શશિ વચ્ચેના સંબંધોને લઈને પણ ચર્ચા શરૂ થઈ છે. મીડિયા અહેવાલો અનુસાર, બંને અબુ ધાબીમાં સાથે ફરતાં જોવા મળ્યાં હતાં. શેખ જાયેદ ગ્રાન્ડ મસ્જિદમાં સર્વેશ મલાઈકાના ખભા પર હાથ રાખીને તસવીર પડાવતો જોવા મળ્યો હોવાનો પણ અહેવાલ છે. આ તસવીરો અને બંનેની સાથેની હાજરીને કારણે તેમના સંબંધોને લઈને અટકળો થઈ રહી છે. જોકે, મલાઈકાએ સર્વેશ સાથેના સંબંધો અંગે હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. તેથી બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાની વાતની પુષ્ટિ થઈ નથી. હાલ તો મસ્જિદની મુલાકાતનો વીડિયો, મલાઈકાનો નવા લુક અને સર્વેશ સાથેની તસવીરો ચર્ચાનું કેન્દ્ર બન્યાં છે. બોલીવુડની અભિનેત્રી મલાઈકા અરોરા ફરી સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી છે. આ વખતે ચર્ચાનું કારણ તેનો બોલ્ડ કે ગ્લેમરસ અંદાજ નહીં, પરંતુ તેણે લીધેલી અબુ ધાબીની પ્રખ્યાત શેખ જાયેદ ગ્રાન્ડ મસ્જિદની મુલાકાત છે.

**મલાઈકા અરોરા મસ્જિદમાં બુરખો પહેરી પહોંચી, પગમાં શૂઝ જોઈને યુઝર્સે ઉઠાવ્યા સવાલો**

# રણબીર કપૂરની જીભ લપસી, માફી માંગી

## 'સચ્ચાઈ અને ભલાઈનો અંત આવશે': સોશિયલ મીડિયા પર ટ્રોલ થયા બાદ રામાયણનાં 'રામે' માફી માગી

મુંબઈ

રણબીર કપૂરે સત્ય અને સદાચારના અંત અંગેના નિવેદન બદલ માફી માંગી. તેમણે કહ્યું કે અજાણતાં તેમની જીભ લપસી ગઈ હતી. આ નિવેદન તેમણે 20 ઑક્ટોબરે પશ્ચિમ બંગાળમાં દશેરાના કાર્યક્રમમાં આપ્યું હતું. તેમના નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ તેમને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. 21 ઑક્ટોબરે ચેન્નાઈમાં પોતાની ફિલ્મ 'રામાયણ'ના ગ્રાન્ડ મ્યુઝિકલ ઈવેન્ટ અને સંપૂર્ણ આલ્બમના લોન્ચિંગ દરમિયાન રણબીરે સ્પષ્ટતા કરી. રણબીરે ભૂલથી આ વાત કહી હતી. હકીકતમાં, મંગળવારે કોલકાતામાં એક કાર્યક્રમમાં રણબીરે દશેરાનું મહત્વ જણાવ્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું હતું, "દશેરા આપણને એક ખૂબ જ સુંદર વાત યાદ અપાવે છે કે બુરાઈ ભલે ગમે તેટલી શક્તિશાળી કેમ ન હોય, આખરે અંત સત્ય અને સદાચારનો જ થશે." નોંધનીય છે કે ફિલ્મ 'રામાયણ'માં રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકા ભજવવાના છે, પરંતુ દશેરા કાર્યક્રમમાં આપેલા તેમના નિવેદન બાદ સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલ કરવામાં આવ્યા. એક યુઝરે કમેન્ટ કરી, 'અને ભાઈ ભગવાન રામની ભૂમિકા ભજવી રહ્યો છે.' બીજા યુઝરે લખ્યું, 'હવે રામાયણ જોવામાં ડર લાગી રહ્યો છે.' ચેન્નાઈમાં આયોજિત 'રામાયણ'ના કાર્યક્રમમાં રણબીરે કહ્યું, "હું ગઈકાલે દશેરાના કાર્યક્રમમાં બનેલી ઘટના માટે માફી માગવા માગું છું. તે સમયે મારી જીભ લપસી ગઈ હતી." તેમણે આગળ કહ્યું, "હું કહેવા માગતો હતો કે બુરાઈ ભલે કેટલી પણ શક્તિશાળી કેમ ન હોય, અંતે જીત સત્ય અને સદાચારની જ થશે."



# ટાઇગર પર ફાયરિંગ બાદ મનોજ બાજપેયીએ કહ્યું- આ ભયાનક છે

## દિવ્યા દત્તાએ કહ્યું કે આવી ઘટનાઓથી લોકોમાં ડર પેદા થાય છે. દરેક વ્યક્તિને સુરક્ષિત અનુભવવાની જરૂર છે.

મુંબઈ

એક્ટર ટાઇગર શ્રોફ પર ગોળીબાર બાદ મનોજ બાજપેયી અને દિવ્યા દત્તાએ ઘટનાને લઈને ચિંતા વ્યક્ત કરી છે. ANI સાથેની વાતચીતમાં મનોજ બાજપેયીએ કહ્યું કે તેઓ આ ઘટનાને ગેંગવોર માનતા નથી, પરંતુ ગમે ત્યાંથી ગોળીઓ ચાલી રહી છે તે ખૂબ જ ભયાનક છે. મનોજે કહ્યું, "મને આ ગેંગવોર લાગતી નથી, પરંતુ ગમે ત્યાંથી ગોળીઓ ચાલી રહી છે. આ ખૂબ જ ડરામણું છે. ટાઇગર સાથે જે થયું તે દુઃખદ છે અને સૌથી સારી વાત એ છે કે તે સુરક્ષિત છે તથા તેમના ડ્રાઇવરની તબિયતમાં પણ ધીમે-ધીમે સુધારો થઈ રહ્યો છે." તેમણે કહ્યું કે સમાચારોથી જાણવા મળ્યું છે કે મામલાની તપાસ ચાલુ છે અને આરોપીઓની ધરપકડ કરીને તેમને મુંબઈ લાવવામાં આવ્યા છે. મનોજે આશા વ્યક્ત કરી કે તપાસ ટૂંક સમયમાં પૂર્ણ થશે અને દોષિતો વિરુદ્ધ એવી કાર્યવાહી કરવામાં આવશે, જેથી ભવિષ્યમાં કોઈ આવી ઘટના અંજામ આપતા પહેલાં વિચાર કરે. દિવ્યા દત્તાએ કહ્યું કે આવી ઘટનાઓથી લોકોમાં ડર પેદા થાય છે. દરેક વ્યક્તિને સુરક્ષિત અનુભવવાની જરૂર છે. તેમણે આશા વ્યક્ત કરી કે અધિકારીઓ મામલાની તપાસ કરી રહ્યા છે અને ટાઇગર સુરક્ષિત છે. 18 ઑક્ટોબરની સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં બોલિવૂડ અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર અજાણ્યા હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ટાઇગર શ્રોફ સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યા હતા, જોકે તેમની કારના કાચ તૂટી જવાથી અને ગનપાવડરના કારણે તેમના હાથ તથા છાતી પર નજીવી ઈજાઓ થઈ હતી. ઘટનામાં તેમના ડ્રાઇવર ફિરદૌસ અને નજીકમાં ઊભેલો એક રાહદારી પણ ઘાયલ થયા હતા. જણાવી દઈએ કે ટાઈગર પર ફાયરિંગની ઘટના અંગે અનેક સેલેબ્સે પ્રતિક્રિયા આપી હતી. સુનીલ શેટ્ટીએ ટાઈગર શ્રોફ પર થયેલી ફાયરિંગની ઘટના અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું, "આખી દુનિયા ટાઈગર અને જૅકી દાદાને પ્રેમ કરે છે. જો તેમની સાથે આવું થઈ શકે છે, તો કોઈની સાથે પણ આવું થઈ શકે છે. આવું બિલકુલ થવું જોઈતું નહોતું."





# રાજપાલ કેસ: સુપ્રીમ કોર્ટે વિવાદના ઉકેલ માટે મધ્યસ્થીની કરી નિમણૂક

## સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટિસ નજમી વઝીરીને મધ્યસ્થી તરીકે નિયુક્ત કર્યા છે

મુંબઈ

સુપ્રીમ કોર્ટે અભિનેતા રાજપાલ યાદવને સંડોવતા ચેક-બાઉન્સ વિવાદને ઉકેલવા માટે દિલ્હી હાઈ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટિસ નજમી વઝીરીને મધ્યસ્થી તરીકે નિયુક્ત કર્યા છે. કાનૂની વિવાદ ૨૦૧૦ના નાણાકીય કરારથી ઉદ્ભવે છે જેમાં યાદવને તેની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ 'અતા પતા લાપતા'ને ફાઈનાન્સ કરવા માટે મેસર્સ મુરલી પ્રોજેક્ટ્સ પ્રા. લિ. પાસેથી ૫ કરોડ મળ્યા હતા. ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે ૨૦૧૩માં, યાદવે ફિલ્મ માટે તેને મળેલી ૫ કરોડની નાણાકીય સહાયની પતાવટ માટે દરેક ૧.૦૫ કરોડના સાત ચેક આપ્યા હતા અને એ ચેક બાઉન્સ થઈ ગયા હતા. ફરિયાદીના જણાવ્યા અનુસાર ૨૦૧૨માં પક્ષો વચ્ચેના કરારમાં જણાવાયું હતું કે યાદવ, તેમની પત્ની અને તેમની કંપની વ્યાજ સહિત લગભગ ૧૧ કરોડ ચૂકવવા માટે સંમત થયા હતા. આ મામલાની સુનાવણી કરતી વખતે, સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે અભિનેતાએ તેની રજિસ્ટ્રીમાં ૨ કરોડ જમા કરાવ્યા છે. 'પક્ષકારો વતી ટૂંકમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને કારણે, અમને લાગે છે કે આ મામલો મધ્યસ્થી દ્વારા સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલી શકાય છે,' તેવું ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બેન્ચે કહ્યું હતું. 'મુદ્દાઓની જટિલતાને ધ્યાનમાં રાખીને, અમે દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટિસ નજમી વઝીરીને પક્ષકારો વચ્ચેના વિવાદને ઉકેલવા માટે એકમાત્ર મધ્યસ્થી તરીકે નિયુક્ત કરીએ છીએ,' એવું બેન્ચે તેના ૧૫ ઓક્ટોબરના આદેશમાં કહ્યું. તેણે પક્ષકારોને મધ્યસ્થીનો સંપર્ક કરવા અને હાજરી માટે તારીખ નક્કી કરવા નિર્દેશ આપ્યો છે. બેન્ચે કહ્યું કે મધ્યસ્થી પક્ષકારોને રૂબરૂ અથવા ઓનલાઈન હાજર થવા માટે કહી શકશે અને મધ્યસ્થી પક્ષકારો સાથે પરામર્શ કરીને પોતાની ફી નક્કી કરશે. ટોચની અદાલતે ટ્રાયલ કોર્ટને યાદવનો પાસપોર્ટ છોડવા માટે પણ નિર્દેશ આપ્યો જેથી તે પોતાનું વ્યાવસાયિક કાર્ય ચાલુ રાખી શકે.

# બોક્સ ઓફિસ પર રજનીકાંતનો સપાટો! 7 દિવસમાં કમાયા રૂપિયા 317.20 કરોડ

મુંબઈ

સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર અને થલાઈવા રજનીકાંતની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'Jailer 2' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. 15મી ઓક્ટોબરનારોજ વિશ્વભરના થિયેટર્સમાં રિલીઝ થયેલી આ એક્શન-પેક્ડ બ્લોકબસ્ટર ફિલ્મે રિલીઝના માત્ર 7 દિવસમાં જ ભારતીય બોક્સ ઓફિસ પર રૂપિયા 300 કરોડનો મેજિકલ આંકડો પાર કરી લીધો છે.

શરૂઆતના આંકડા મુજબ, ફિલ્મે ભારતમાં પહેલાં અઠવાડિયાના અંતે કુલ રૂપિયા 317.20 કરોડની શાનદાર નેટ કમાણી નોંધાવી છે. આ સાથે જ રજનીકાંતે ઈન્ડિયન ફિલ્મના ઈતિહાસમાં પોતાની સફળતાનો વધુ એક નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. સાતમા દિવસે વર્કિંગ ડે હોવાને કારણે ફિલ્મની દૈનિક કમાણીમાં ઘટાડો નોંધાયો હતો, છતાં પણ ફિલ્મે રૂપિયા 28.15 કરોડનો મજબૂત આંકડા સુધી પહોંચી ગઈ હતી. એક નજર ફિલ્મના કલેક્શન પર... Day 1 (ગુરુવાર): રૂપિયા 59.70 કરોડ Day 2 (શુક્રવાર): રૂપિયા 37.10 કરોડ Day 3 (શનિવાર): રૂપિયા 47.25 કરોડ Day 4 (રવિવાર): રૂપિયા 55.85 કરોડ Day 5 (સોમવાર): રૂપિયા 42.35 કરોડ Day 6 (મંગળવાર): રૂપિયા 46.80 કરોડ Day 7 (બુધવાર): રૂપિયા 28.15 કરોડ પહેલાં અઠવાડિયાનું કુલ ભારતીય નેટ કલેક્શન: રૂપિયા 317.20 કરોડ રજનીકાંતની કારકિર્દીની ત્રીજી 300 કરોડી ક્લબ ફિલ્મ સુપરસ્ટાર રજનીકાંતના ફિલ્મી કરિયરમાં પણ 'Jailer 2'એ નવો માઈલસ્ટોન સ્થાપ્યો છે. ભારતમાં રૂપિયા 300 કરોડથી વધુ નેટ કલેક્શન કરનારી આ તેમની ત્રીજી ફિલ્મ બની ગઈ છે: 2.0: રૂપિયા 407.05 કરોડ (ઓલ-ટાઈમ નેટ) જેલર: રૂપિયા 348.55 કરોડ (ઓલ-ટાઈમ નેટ) જેલર 2: રૂપિયા 317.20 કરોડ (માત્ર પહેલાં 7 દિવસમાં).



### ભારતે T20માં પોતાનો સૌથી મોટો રનચેઝ કર્યો, મને 15 બોલમાં 42 રન ફટકાર્યા, સેમસને 67 રનની ઈનિંગ રમી

# ભારતે પહેલી T20માં ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું

મુંબઈ

ભારતે ન્યૂઝીલેન્ડ સામે પહેલી T20 મેચ 4 વિકેટથી જીતી લીધી છે. આની સાથે જ ટીમ ઈન્ડિયા પાંચ મેચની સિરીઝમાં 1-0થી આગળ થઈ ગઈ છે.

ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે ભારત સામે પોતાના સૌથી મોટા સ્કોરની બરાબરી કરી. કિવી ટીમે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 225 રન બનાવ્યા. જવાબમાં ભારતે 19.4 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. સંજુ સેમસને 67 અને કેપ્ટન શ્રેયસ અય્યરે 42 રન બનાવ્યા. નમન ધીરે સિક્સ ફટકારીને જીત અપાવી. તે 15 બોલ પર 42 રન બનાવીને અણનમ રહ્યો. ભારતે




T20 ઈન્ટરનેશનલમાં પોતાનો સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કરીને રેકોર્ડ બનાવ્યો છે. આની પહેલાં ભારતે બે વાર 2023માં ઓસ્ટ્રેલિયાની વિરુદ્ધ અને 2026માં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ 209 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. નમન ધીરે છેલ્લી ઓવરમાં છગ્ગો ફટકારીને ભારતને રેકોર્ડ જીત અપાવી. મેટ હેનરીએ નાખેલી 20મી ઓવરમાં ધીરે પહેલા બોલે ચોગ્ગો માર્યો, પછીના બોલે એક રન લીધો. અને તેણે છેલ્લા બોલ પર સિક્સ ફટકારી દીધી.

નમને શૉર્ટ બોલ પર પુલ શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બેટના ઉપલા ભાગે વાગ્યો બોલ ફાઈન લેગ બાઉન્ડરીની પાર ચાલ્યો ગયો. ભારતે આ મેચ જીતીને T20 ઈન્ટરનેશનલમાં પોતાનો સૌથી મોટો રન ચેઝ પૂરો કર્યો. ભારતને 18મી ઓવરના પહેલા બોલ પર છઠ્ઠો ઝટકો લાગ્યો. એડમ મિલ્નેએ કેપ્ટન શ્રેયસ અય્યરને મિચેલ સેન્ટનરના હાથમાં કેચ આઉટ કરાવ્યો. અય્યર 28 બોલ પર 42 રન બનાવીને આઉટ થયો. તેણે 1 ચોગ્ગો અને 2 છગ્ગા લગાવ્યા. નમન ધીરે 18મી ઓવરમાં સતત બે ચોગ્ગા લગાવીને ભારતનો સ્કોર 210 રન સુધી પહોંચાડી દીધો.

## જાપાનમાં ભારતીય ખેલાડીની શરમજનક કરતૂત

નવી દિલ્હી

જાપાનના નાગોયા ખાતે આયોજિત એશિયન પેરા ગેમ્સ 2026માંથી ભારતીય રમત જગત માટે અત્યંત શરમજનક સમાચાર સામે આવ્યા છે. ભારતના અનુભવી અને ગોલ્ડ મેડલિસ્ટ પેરા સ્વિમર મોહમ્મદ શમ્સ આલમ શેખ પર હોટેલની એક મહિલા કર્મચારી સાથે જાતીય સતામણી અને છેડતીનો ગંભીર આરોપ લાગ્યો છે. આ ઘટનાની ફરિયાદ મળતાં જ જાપાની પોલીસે 40 વર્ષીય સ્વિમરને કસ્ટડીમાં લીધો હતો અને મંગળવારે તેમને સ્પર્ધામાં ભાગ લીધા વગર જ ભારત પરત રવાના કરી દીધો હતો.

આ ગંભીર બાબત સામે આવ્યા બાદ પેરાલિમ્પિક કમિટી ઓફ ઈન્ડિયા હવે તેમના પર આજીવન પ્રતિબંધ મૂકવા અંગે ગંભીર વિચારણા કરી રહી છે. મીડિયા અહેવાલો અનુસાર આ ઘટના સોમવારે તે હોટેલમાં બની હતી જ્યાં ભારતીય પેરા સ્વિમિંગ ટીમ રોકાઈ હતી. હોટેલની એક મહિલા હાઉસકીપિંગ કર્મચારી જ્યારે પોતાના નિયમિત કામ માટે શમ્સ આલમ શેખના રૂમમાં ગઈ હતી, ત્યારે તેની સાથે કથિત દુર્વ્યવહાર અને છેડતી કરવામાં આવી હતી. પીડિત મહિલાએ તાત્કાલિક સ્થાનિક હોટેલ મેનેજમેન્ટ અને આયોજન સમિતિને જાણ કરી હતી. સ્થાનિક આયોજકોએ આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ભારતીય ટીમના ઉચ્ચ અધિકારીઓ અને જાપાની પોલીસને તાત્કાલિક જાણ કરી હતી.

### 13 દેશોના 400થી વધુ ખેલાડીઓ લેશે ભાગ

## કોમનવેલ્થ ગેમ્સ 2030 પહેલા અમદાવાદમાં કબડ્ડીનો મહાકુંભ શરૂ

નવી દિલ્હી

ગુજરાતનું આર્થિક પાટનગર અમદાવાદ હવે ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ હબ બનવા જઈ રહ્યું છે. 2030 કોમનવેલ્થ ગેમ્સની યજમાની પહેલા, અમદાવાદ શહેર આગામી 23થી 31 ઓક્ટોબર દરમિયાન વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'પ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026'ની યજમાની કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આ 9 દિવસીય મહાસંગ્રામમાં 13 દેશોની 23 ટીમો વચ્ચે ખરાખરીનો ખેલ જોવા મળશે. 62 મેચોમાં રમાશે વર્લ્ડ ક્લાસ કબડ્ડી એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયા (AKFI) દ્વારા અને ઈન્ટરનેશનલ કબડ્ડી ફેડરેશન (IKF)ની મંજૂરીથી આયોજિત આ ચેમ્પિયનશિપમાં 400થી વધુ ખેલાડીઓ મેદાનમાં ઉતરશે. ટુર્નામેન્ટ દરમિયાન કુલ 62 મેચો રમાશે, જેમાં 39 મેન્સ અને 23 વુમન્સ મેચોનો સમાવેશ થાય છે. આ પ્રથમ વખત છે જ્યારે બંને કેટેગરીમાં કોમનવેલ્થ ચેમ્પિયન્સનો તાજ કોઈ ટીમને પહેરાવવામાં આવશે. 30 ઓક્ટોબરે સેમિફાઈનલ અને 31 ઓક્ટોબરે ગ્રાન્ડ ફાઈનલ મુકાબલો રમાશે. ભારતીય ટીમની કમાન કોના હાથમાં? બુધવારે યોજાયેલી કર્ટન-રેઝર પ્રેસ કોન્ફરન્સમાં ઓફિશિયલ જર્સી, એન્થમ, લોગો અને માસ્કોટનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ભારતીય મેન્સ ટીમની કેપ્ટનશીપ સ્ટાર ડિફેન્ડર સુરજીત સિંહને સોંપાઈ છે, જ્યારે નવીન કુમાર વાઈસ-કેપ્ટન રહેશે. વુમન્સ ટીમનું નેતૃત્વ નિધિ શર્મા કરશે અને રિતુ વાઈસ-કેપ્ટન તરીકે ફરજ બજાવશે. આ સ્પર્ધામાં ભારત ઉપરાંત શ્રીલંકા, બાંગ્લાદેશ, નાઈજીરીયા, કેન્યા, તાન્ઝાનિયા, કેનેડા, સિંગાપોર, મલેશિયા, યુગાન્ડા, ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમો ભાગ લઈ રહી છે. જ્યારે IKFના જનરલ સેક્રેટરી તેજસ્વી ગેહલોતે તેને કબડ્ડીની આંતરરાષ્ટ્રીય પહોંચ વધારવા અને ખેલાડીઓને નવું વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.

# ICC T20 વર્લ્ડ કપ-2027નું શેડ્યૂલ જાહેર

### ટુર્નામેન્ટની ત્રીજી આવૃત્તિમાં 4 ગ્રૂપમાં ટીમો વહેંચાઈ

મુંબઈ

આઈસીસીએ U19 મહિલા T20 વર્લ્ડ કપ-2027નું શેડ્યૂલ જાહેર કર્યું છે. 21 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી દરમિયાન બાંગ્લાદેશ-નેપાળમાં 16 ટીમો રમશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત 22 જાન્યુઆરીએ કાઠમંડુમાં વેસ્ટ ઈન્ડિઝ સામે અભિયાન શરૂ કરશે. ટુર્નામેન્ટની ત્રીજી આવૃત્તિમાં 4 ગ્રૂપમાં ટીમો વહેંચાઈ છે. ફાઈનલ 6 ફેબ્રુઆરીએ ચટગાંવમાં રમાશે. આઈસીસી દ્વારા 'ICC અંડર 19 મહિલા T20 વિશ્વ કપ-2027'નું સંપૂર્ણ શેડ્યૂલ સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યું છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય મહિલા ટીમ પોતાના ટાઈટલને બચાવવા માટે પોતાના અભિયાનની શરૂઆત 22 જાન્યુઆરીએ નેપાળના કાઠમંડુ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે કરશે. ટૂર્નામેન્ટ 21 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી દરમિયાન બાંગ્લાદેશ અને નેપાળની સંયુક્ત યજમાનીમાં યોજાશે.

આ ટુર્નામેન્ટની આ ત્રીજી આવૃત્તિ છે, જેમાં 16 મહિલા ટીમોને ચાર-ચાર ટીમોના ચાર અલગ અલગ ગ્રૂપમાં વહેંચવામાં આવી છે. તમામ મેચો ચટગાંવ, સિલહટ અને કાઠમંડુના વિવિધ સ્ટેડિયમમાં રમાશે. બે વખતની ચેમ્પિયન ભારતીય મહિલા ટીમને ગ્રૂપ Aમાં નેપાળ, વેસ્ટ ઈન્ડિઝ અને આયર્લેન્ડ સાથે રાખવામાં આવી છે. આ ગ્રૂપની તમામ લીગ મેચો




કાઠમંડુ ખાતે રમાશે. ટૂર્નામેન્ટની શરૂઆત 21 જાન્યુઆરીએ બાંગ્લાદેશ અને UAE ની મહિલા ટીમો વચ્ચેના ઉદ્ઘાટન મુકાબલાથી થશે. તે જ દિવસે ગત આવૃત્તિની ઉપવિજેતા ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમ સિલહટમાં નાઈજીરિયા સામે ટકરાશે. આ ઉપરાંત કાઠમંડુના અપર મુલપાની ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર શ્રીલંકા અને સ્કોટલેન્ડ તથા ઈંગ્લેન્ડ અને USA ની ટીમો સામસામે ટકરાશે. યજમાન નેપાળ 22 જાન્યુઆરીએ આયર્લેન્ડ સામે પોતાની સફર શરૂ કરશે. તે જ દિવસે ચટગાંવમાં ન્યુઝીલેન્ડ સામે સમોઆ અને દક્ષિણ આફ્રિકા સામે પાકિસ્તાનની મહિલા ટીમ મેદાનમાં ઉતરશે. ટૂર્નામેન્ટનો ગ્રૂપ રાઉન્ડ 26 જાન્યુઆરી સુધી ચાલશે. ગ્રૂપ સ્ટેજમાંથી ક્વોલિફાય થનારી ટીમો 'સુપર સિક્સ' રાઉન્ડમાં પહોંચશે, જ્યાં ટીમોને બે ગ્રૂપમાં વહેંચવામાં આવશે. આ બંને ગ્રૂપની ટોચની બે-બે ટીમો સેમિફાઈનલમાં પ્રવેશ મેળવશે.



### હોમ અને કાર લોન મોંઘી થઈ શકે છે

# હજુ વધી શકે છે લોનના હપ્તા! વ્યાજ દરો વધારવા મુદ્દે RBIમાં ખેંચતાણ

મુંબઈ

દેશમાં મોંઘવારીનું દબાણ વધતાં ભારતીય રિઝર્વ બેંક (RBI) સામે વ્યાજદર અંગેનો પડકાર વધી રહ્યો છે. RBIએ લગભગ ચાર વર્ષ બાદ રેપો રેટમાં 0.25 ટકાનો વધારો કરીને તેને 5.50% કર્યો છે. સાથે જ નાણાકીય નીતિનું વલણ પણ તટસ્થમાંથી વધુ કડક બનાવ્યું છે. નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠકની કાર્યવાહીની વિગતો પરથી સંકેત મળે છે કે મોંઘવારીને કાબૂમાં રાખવા ભવિષ્યમાં વ્યાજદરમાં વધુ વધારો કરવાની જરૂર પડી શકે છે. જોકે, ઝડપથી વ્યાજદર વધારવાથી આર્થિક વિકાસ પર અસર થવાની




ચિંતા પણ છે. RBIની નાણાકીય નીતિ સમિતિએ આ મહિને સર્વસંમતિથી રેપો રેટમાં 25 બેઝિસ પૉઈન્ટનો વધારો કર્યો હતો. આ સાથે રેપો રેટ 5.50% થયો છે. નીતિનું વલણ પણ 'ન્યુટ્રલ'માંથી 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' કરવામાં આવ્યું છે. આ ફેરફાર મોંઘવારીને અંકુશમાં રાખવા વધુ કડક પગલાં લેવાની તૈયારીની શરૂઆત હતી. રેપો રેટ એ વ્યાજદર છે, જેના પર RBI બેંકોને ધિરાણ આપે છે. તેમાં વધારો થાય તો બેંકો માટે નાણાં મેળવવાનો ખર્ચ વધી શકે છે. તેની અસર હોમ લોન, કાર લોન અને અન્ય ધિરાણના વ્યાજદર પર પડી શકે છે. જોકે, ગ્રાહકોના વ્યાજદરમાં કેટલો અને ક્યારે ફેરફાર થશે તે બેંકોના નિર્ણય તથા લોનની શરતો પર આધારિત રહેશે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે કાચા તેલના ભાવમાં વધારો અને ચોમાસામાં ઓછા વરસાદને કારણે ખાદ્ય ચીજવસ્તુઓની મોંઘવારીનું દબાણ વધ્યું છે. સપ્ટેમ્બર 2026માં ભારતમાં છૂટક મોંઘવારીનો દર વધીને 5.54% થયો હતો. આ દર બજારના અંદાજ કરતાં વધુ હતો અને RBIની 6%ની ઉપલી મર્યાદાની નજીક પહોંચ્યો હતો.

### 10 ગ્રામ સોનાની કિંમત ₹1.43 લાખ થઈ, ચાંદી ₹2.01 લાખે આવી

# સોનું 3 દિવસમાં ₹3 હજાર, ચાંદી ₹9 હજાર સસ્તી થઈ

### તહેવારો વચ્ચે સોના અને ચાંદીની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે

મુંબઈ

સોના-ચાંદીની કિંમતોમાં 22 ઓક્ટોબરે સતત ત્રીજા કારોબારી દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 953 રૂપિયા ઘટીને 1.43 લાખ રૂપિયા પર આવી ગયું છે. એક કિલો ચાંદીની કિંમત 8,002 રૂપિયા ઘટીને 2.01 લાખ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ત્રણ દિવસમાં સોનું 3,200 હજાર રૂપિયા અને ચાંદી 10 હજાર રૂપિયા સસ્તી થઈ છે. કોમોડિટી નિષ્ણાત અજય કેડિયાના જણાવ્યા અનુસાર ડૉલર સામે રૂપિયો મજબૂત થવો અને ક્રુડ ઓઈલના ભાવમાં તેજી તેનું મુખ્ય કારણ છે. આ પહેલાં ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ હતી. 31 ઓગસ્ટે સોનું 1.56 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે 30




સપ્ટેમ્બરે ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું. એ જ રીતે 1 કિલો ચાંદીની કિંમત 2.37 લાખ રૂપિયાથી ઘટીને 2.22 લાખ રૂપિયા પર આવી ગઈ. શું આ ઘટાડો લાંબો ચાલશે? નિષ્ણાતોનું માનવું છે કે હાલમાં સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહી શકે છે: અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પહેલી વાર વ્યાજદરો વધારી છે. તેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. જોકે અમેરિકા-ઈરાન યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે. રોકાણકારો ફરીથી સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે. રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો જોવા મળી રહ્યા છે. કોઈપણ મોટા ઘટાડા પર ખરીદીની તક પણ ઊભી થઈ શકે છે. સર્ટિફાઈડ સોનું જ ખરીદો: હંમેશાં બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નું હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. આ નંબર અલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ પ્રકારનો હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી સોનું કેટલા કેરેટનું છે તે જાણી શકાય છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત અનેક સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે. મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકને ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં કોઈ ગંધ હોતી નથી. નકલી ચાંદીમાંથી તાંબા જેવી ગંધ આવે છે.

### વીજ સંચાલિત વાહનોના વેચાણમાં દસ દિવસમાં 26 ટકાથી વધુનો વધારો

# નવરાત્રીમાં વાહનોનું રિટેલ વેચાણ 11 લાખને પાર...

મુંબઈ

સમાપ્ત થયેલી નવરાત્રીમાં દેશમાં વાહનોનો વેચાણ આંક ૧૧ લાખ વ ાહનોને પાર કરી ગયો હતો. ૨૦૨૫ની નવરાત્રીમાં ૧૨.૦૧ લાખની સામે વર્તમાન વર્ષની નવરાત્રીમાં વાહનોનો વેચાણ આંક ૬.૫૨ ટકા નીચો રહ્યો છે. જો કે ૨૦૨૫માં નવરાત્રી ૧૧ દિવસની હતી જ્યારે વર્તમાન વર્ષમાં આ તહેવાર દસ દિવસ ચાલ્યો છે. ૨૦૨૪ની નવરાત્રીની સરખામણીએ વાહનોના એકંદર વેચાણમાં વર્તમાન વર્ષની નવરાત્રીમાં ૨૬.૭૫ ટકા વધારો જોવા મળ્યો હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના ડેટામાં જણાવાયું હતું. ૨૦૨૪ની નવરાત્રીમાં વેચાણ આંક ૮.૮૫ લાખ વાહનો રહ્યો હતો.




૧૧,૨૩,૦૮૬ વાહનોના વેચાણનો અર્થ નવરાત્રીના દસ દિવસમાં દૈનિક ૧.૧૨ લાખ જેટલા વાહનોનું રિટેલ વેચાણ થયાનું કહી શકાય એમ છે. વર્તમાન વર્ષની નવરાત્રીમાં વીજ સંચાલિત વાહનોનું વેચાણ ૨૬.૭૮ ટકા જેટલુ ઊંચુ રહ્યું છે. ગયા વર્ષની નવરાત્રીમાં ૯૨૬૨૮ની સરખામણીએ વર્તમાન વર્ષના આ તહેવારમાં વીજ વાહનોનો વેચાણ આંક ૧,૧૭,૪૩૭ સાથે ૨૬.૭૮ ટકા વધુ રહ્યો છે. ઈ-વ્હીકલ્સમાં ટુ વ્હીલર્સમાં ૩૩.૪૦ ટકા જ્યારે ઊતારૂ વાહનોના વેચાણમાં ૨૬ ટકા વૃદ્ધિ જોવા મળી છે. ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ગુડસ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)માં કપાત બાદ વાહનોની ખરીદીમાં શરૂ થયેલો ઉત્સાહ છેલ્લા એક વર્ષથી જળવાઈ રહ્યાનું જોવા મળ્યું છે. વર્તમાન વર્ષની નવરાત્રીમા ઊતારૂ વાહનો તથા ટુ વ્હીલર્સના વેચાણમાં ઘટાડો થયો છે પરંતુ અન્ય વાહનો જેમ કે કમર્સિઅલ વ્હીકલ્સ તથા ટ્રેકટર્સના વેચાણમાં સાધારણ વધારો જોવા મળ્યો છે.

# સેન્સેક્સ 460 પોઈન્ટ ઘટીને 73,249 પર બંધ

- **નિફ્ટી પણ 124 પોઈન્ટ ઘટ્યો, મીડિયા અને IT શેરોમાં વધુ વેચવાલી રહી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 22 ઓક્ટોબરે ઘટાડો રહ્યો. સેન્સેક્સ 460 પોઈન્ટ ઘટીને 73,249 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 124 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 22,688 પર બંધ થયો. મીડિયા, FMCG અને IT શેરોમાં આજે વધુ વેચવાલી જોવા મળી.

જિયો IPOનો આજે બીજો દિવસ જિયો IPOનો આજે બીજો દિવસ છે. તેમાં 23 ઓક્ટોબર સુધી બોલી લગાવી શકાશે. કંપની આ મારફતે 30,188 કરોડ રૂપિયા ભેગા કરવા માગે છે. તેમાં ઓછામાં ઓછું 13,428નું રોકાણ કરવું પડશે. આ પહેલાં ગઈકાલે એટલે કે 20 ઓક્ટોબરે શેરબજારમાં ઘટાડો



રહ્યો હતો. સેન્સેક્સ 143 પોઈન્ટ ઘટીને 73,710 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 78 પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો અને તે 22,811 પર બંધ થયો હતો.

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આઉટસોર્સિંગથી પટ્ટાવાળાની ભરતીનો મામલો ચર્ચામાં

# ટેન્ડર વિના જ ત્રણ એજન્સીઓને રૂ. 5 કરોડનું કામ!

# AMCમાં 180 પટ્ટાવાળાની ભરતીને મંજૂરીથી સવાલોનો મારો

## ત્રણ એજન્સીઓ પાસેથી 60-60 પટ્ટાવાળા લેવાનો નિર્ણય; કરારપત્ર અને ડિપોઝિટની શરતોમાં પણ છૂટની જોગવાઈ, ત્રણ મહિનામાં ટેન્ડર કરવાની શરતે દરખાસ્ત મંજૂર થતાં વહીવટી પારદર્શિતા સામે સવાલો

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં આઉટસોર્સિંગથી પટ્ટાવાળાની સેવા મેળવવા માટેની આશરે રૂ. 5 કરોડની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપતાં મહાનગરપાલિકાની વહીવટી પ્રક્રિયા ચર્ચાના કેન્દ્રમાં આવી છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા વિના જ ત્રણ એજન્સીઓ પાસેથી કુલ 180 પટ્ટાવાળાની સેવા મેળવવાનો નિર્ણય લેવાયો છે. આ વ્યવસ્થા અંતર્ગત દરેક એજન્સી પાસેથી 60-60 પટ્ટાવાળા લેવામાં આવશે. આગામી ત્રણ મહિનામાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની શરત સાથે આપવામાં આવેલી આ મંજૂરીએ નિયમોના પાલન, સરકારી નાણાંના ખર્ચ અને વહીવટી જવાબદારી અંગે અનેક સવાલો ઊભા કર્યા છે.



AMCના વિવિધ વિભાગોમાં પટ્ટાવાળાની અછત હોવાના કારણસર આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. જોકે, સામાન્ય રીતે આઉટસોર્સિંગની સેવાઓ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને એજન્સીઓની પસંદગી કરવામાં આવે છે. ત્યારે ટેન્ડર પૂર્ણ થાય તે પહેલાં જ ત્રણ એજન્સીઓ પાસેથી સેવા મેળવવાની મંજૂરી આપવામાં આવતાં આ વચગાળાની વ્યવસ્થાની જરૂરિયાત અને તેની શરતો અંગે ચર્ચા શરૂ થઈ છે.

દરખાસ્તમાં એજન્સીઓને કરારપત્ર ભરવા અને ડિપોઝિટ જમા કરાવવાની શરતોમાંથી મુક્તિ આપવાની જોગવાઈનો પણ ઉલ્લેખ છે. આવી છૂટ કયા આધાર પર આપવામાં આવી, તેની પાછળ કઈ વહીવટી જરૂરિયાત હતી અને આ નિર્ણયમાં નાણાકીય હિતોની પૂરતી સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી છે કે નહીં, તે અંગે સ્પષ્ટતા જરૂરી બની છે. યોજના મુજબ, ત્રણેય એજન્સીઓ પાસેથી 60-60 પટ્ટાવાળા મેળવવામાં આવશે. દરેક એજન્સીના નવ કર્મચારીઓને સેક્રેટરી ઓફિસમાં અને બાકીના 51 કર્મચારીઓને AMCના અન્ય વિભાગોમાં ફાળવવાનું આયોજન છે. આમ, કુલ 27 પટ્ટાવાળા સેક્રેટરી ઓફિસમાં અને 153 પટ્ટાવાળા અન્ય વિભાગોમાં કામગીરી કરશે. આ સેવાઓના વર્ક ઓર્ડર અને પગારની ચુકવણી સંબંધિત વિભાગો દ્વારા કરવામાં આવશે.

અગાઉની દરખાસ્તોમાં 164 પટ્ટાવાળાના ખર્ચ અને 288 પટ્ટાવાળાને બે વર્ષ માટે રાખવાની વ્યવસ્થાનો ઉલ્લેખ થયો હતો. આ ખર્ચની ગણતરી પ્રમાણે એક પટ્ટાવાળા પાછળ વાર્ષિક આશરે રૂ. 2.77 લાખ, એટલે કે માસિક લગભગ રૂ. 23,150નો ખર્ચ થતો હોવાનું જણાવાયું છે. બીજી તરફ, પટ્ટાવાળાઓને વાસ્તવમાં રૂ. 12 હજારથી રૂ. 15 હજાર જેટલો માસિક પગાર મળતો હોવાની ચર્ચા છે.

જોકે, આ રકમમાંથી કર્મચારીનો વાસ્તવિક પગાર, એજન્સીના સર્વિસ ચાર્જ, લાગુ પડતા કર અને અન્ય ખર્ચ કેટલા છે તેની સત્તાવાર વિગતો વિના કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકાય તેમ નથી. તેમ છતાં, જાહેર નાણાંમાંથી થનારા ખર્ચમાં પારદર્શિતા જળવાય તે માટે આ તમામ વિગતો સ્પષ્ટ થવી જરૂરી છે.

AMCમાં કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થયા બાદ નવી ટેન્ડર પ્રક્રિયા શરૂ થવામાં વિલંબ થતો હોવાની ચર્ચા વચ્ચે આ નિર્ણય વધુ મહત્ત્વનો બન્યો છે. જો ટેન્ડર પ્રક્રિયા ત્રણ મહિનામાં પૂર્ણ કરવાની શરત છે, તો ત્યાં સુધીની વ્યવસ્થાની દેખરેખ, એજન્સીઓની પસંદગીના માપદંડ અને ખર્ચની જવાબદારી અંગે સ્પષ્ટતા થવી જોઈએ. મહાનગરપાલિકામાં કર્મચારીઓની અછત દૂર કરવી જરૂરી છે, પરંતુ તેની સાથે નિયમોનું પાલન અને જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ પણ એટલો જ મહત્ત્વનો છે. હવે AMCના સત્તાધીશો ટેન્ડર વિના અપાયેલી મંજૂરીના આધાર, એજન્સીઓને અપાયેલી છૂટછાટ અને રૂ. 5 કરોડના ખર્ચની વિગતો અંગે કેટલી પારદર્શિતા દાખવે છે તેના પર સૌની નજર છે.

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા થલતેજ વોર્ડમાં યોગ અને વેલનેસ સેન્ટરનું ખાતમુહૂર્ત

## મેયર હિતેશ બારોટ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભૂમિપૂજન સંપન્ન: સ્થાનિકોમાં હરખની હેલી

અમદાવાદ

તંદુરસ્ત અને નિરોગી શહેરના સંકલ્પ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉત્તર પશ્ચિમ ઝોનમાં વિકાસ કાર્યોની શ્રૃંખલાને આગળ ધપાવવામાં આવી રહી છે. આ જ કડીરૂપે થલતેજ વોર્ડના રહીશોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને ઉત્તમ બનાવવાના હેતુથી એક ભવ્ય 'યોગ અને વેલનેસ સેન્ટર'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ ગરિમાપૂર્ણ ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન સમારોહમાં અમદાવાદના મેયર હિતેશ બારોટ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અત્યંત



હર્ષોલ્લાસ અને મંગલમય વાતાવરણમાં થઈ હતી. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ સહિત કોર્પોરેશનના વિવિધ હોદ્દેદારો અને સ્થાનિક અગ્રણીઓ પણ વિશેષ રૂપે હાજર રહ્યા હતા.

શહેરના નાગરિકો તેમના દૈનિક જીવનમાં યોગ અને ધ્યાન અપનાવીને સ્વસ્થ તેમજ તનાવમુક્ત જીવનશૈલી જીવી શકે તે માટે આ વેલનેસ સેન્ટરને તમામ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. અહીં નાગરિકો માટે યોગાભ્યાસ, પ્રાણાયામ અને સ્વાસ્થ્ય સંબંધી માર્ગદર્શન માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે. આ ખાતમુહૂર્ત સમારોહમાં વોર્ડ પ્રમુખ, મહામંત્રી, વિવિધ સમિતિઓના ચેરમેન, સ્થાનિક કોર્પોરેટરો, વિવિધ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ઉત્સાહી કાર્યકર્તા ભાઈઓ અને બહેનોએ હાજરી આપી હતી. તમામ ઉપસ્થિત મહાનુભાવોએ આ નૂતન પ્રકલ્પના શુભારંભને વધાવી લીધો હતો.

# અમદાવાદમાં ખાકીનો રોફ: સ્ટેટ મોનિટરિંગ સેલની ડ્રાઇવમાં ફિલ્મી દ્રશ્યો

## લાખોની ગાડી મૂકીને બૂટલેગર અંધારામાં ફરાર, ખાકીની ટીમો કામે લાગી

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના દાવાઓ વચ્ચે બૂટલેગરોની દાદાગીરી કેટલી હદે વધી ગઈ છે, તેનો વધુ એક ધ્રુજાવી દેતો કિસ્સો અમદાવાદના શાહીબાગ વિસ્તારમાંથી સામે આવ્યો છે. શહેરના વ્યસ્ત વિસ્તાર ગણાતા ખંડુભાઈ હોલ અને ઈન્દિરા સર્કલ પાસે દારૂની હેરાફેરી અટકાવવા પહોંચેલી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમ પર બૂટલેગરોએ જીવલેણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. રેડ કરવા ગયેલી પોલીસ પર જ ગાડી ચઢાવી દેવાની બૂટલેગરોની આ હરકતે ખાકીને સખત પગલાં લેવા મજબૂર કરી હતી. મૂળ બાતમીના આધારે SMC ની ટીમ જ્યારે શાહીબાગના ખંડુભાઈ હોલ અને ઈન્દિરા સર્કલ નજીક વોચમાં હતી, ત્યારે દારૂ ભરેલી ગાડી સાથે બૂટલેગર ત્યાં આવી પહોંચ્યો હતો. પોલીસ ટીમે જ્યારે તેને ઘેરીને પકડવાની કોશિશ કરી, ત્યારે કાયદાનો ડર રાખવાના બદલે બેફામ બૂટલેગરોએ પોલીસકર્મીઓને કચડી નાખવાના ઈરાદાથી ગાડી સીધી તેમના પર ચઢાવી દેવાનો ઘાતક પ્રયાસ કર્યો હતો. પોલીસકર્મીઓનો જીવ જોખમમાં મૂકાતા SMC ટીમે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના જવાબી કાર્યવાહી કરવી પડી હતી. પોલીસકર્મીઓએ



પોતાના બચાવમાં અને ગુનેગારોને રોકવા માટે ફાયરિંગ કર્યું હતું. હવામાં અને ગાડીને ટાર્ગેટ કરીને થયેલા ફાયરિંગથી વિસ્તારમાં થોડીવાર માટે ભારે નાસભાગ અને સનસનાટી મચી ગઈ હતી. જો કે, ગોળીબાર અને અફરાતફરી વચ્ચે પણ ચાલાક બૂટલેગર પોતાની ગાડી લઈને ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસની કડક કાર્યવાહી છતાં બૂટલેગર હાથમાં ન આવતા હાલ SMC ની અલગ-અલગ ટીમો અને અમદાવાદ પોલીસ તેને દબોચી લેવા માટે એક્શન મોડમાં આવી ગઈ છે.

### ડિલિવરી એપ્સ બની ડ્રગ્સ પેડલર્સની નવી ઢાલ

# પોર્ટર એપના માધ્યમથી ચાલતા MD ડ્રગ્સના ખતરનાક રેકેટનો પર્દાફાશ

અમદાવાદ

શહેરમાં હવે નશાના કારોબારીઓએ ગુનાખોરી આચરવા માટે અત્યંત ચાલાક અને આધુનિક રસ્તાઓ અપનાવવાનું શરૂ કરી દીધું છે. સામાન્ય નાગરિકો માટે ઘર બેઠા સામાન મોકલવાની સુવિધા પૂરી પાડતી ઓનલાઈન લોજિસ્ટિક્સ અને ડિલિવરી સર્વિસ એપ્સ હવે ડ્રગ્સ માફિયાઓ માટે નશાની હેરાફેરી કરવાનો અડ્ડો બની રહી છે. પોર્ટર એપનો દુરુપયોગ કરીને ચોરીછૂપીથી નશાકારક પદાર્થો સપ્લાય કરવાની એક અત્યંત ચોંકાવનારી મોડેસ ઓપરેન્ડી બહાર આવતા સુરક્ષા એજન્સીઓ અને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. ગત ૧૯ ઓક્ટોબરે હાંસોલથી ગોતા તરફ મોકલવામાં આવી રહેલા એક સાધારણ દેખાતા ઈયરબડના બોક્સમાંથી જીવલેણ ૦.૭૭ ગ્રામ મેફેડ્રોન એટલે કે એમડી ડ્રગ્સનો જથ્થો નાના ચિલોડા સર્કલ પાસેથી ઝડપાઈ ગયો છે. આ સમગ્ર પર્દાફાશ પાછળ એક વેપારીની સતર્કતા સૌથી મોટું કારણ બની રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જે પાર્સલ મોકલવામાં આવી રહ્યું હતું તેની પ્રક્રિયા અને શંકાસ્પદ હિલચાલ પરથી મૂળ વેપારીને જ અંદરખાને શંકા ગઈ હતી. જો વેપારીએ સમય સૂચકતા વાપરીને તાત્કાલિક આ બાબતે ગંભીરતા ન દાખવી હોત, તો આ ઝેરી પદાર્થ કોઈપણ ચેકિંગ વગર સીધો તેના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી જાત. વેપારીની સમયસરની જાગરૂકતાના કારણે જ આ મોટું રેકેટ સમયસર પકડાઈ ગયું અને ડ્રગ્સ માફિયાઓનો નાપાક મનસૂબો નિષ્ફળ ગયો હતો. આ ગંભીર અને સનસનીખેજ મામલો સામે આવતા જ નરોડા પોલીસ સ્ટેશન દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે આ પ્રકરણે ત્રણ અજાણ્યા મોબાઈલધારકો વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે એક મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે, જ્યારે આ કાળા કારોબાર સાથે જોડાયેલા અન્ય શખ્સો અને માસ્ટરમાઈન્ડ્સને સકંજામાં લેવા માટે પોલીસની ટીમોએ ચક્રો ગતિમાન કરી દીધા છે.

# દશેરાના દિવસે ફાફડા જલેબી ન લાવવા પર ખીલ્યો પતિનો રોષ...!!!

અમદાવાદ

દશેરાના પર્વ પર ફાફડા અને જલેબી ખાવાની પરંપરા અને શોખ ભારે વિવાદનું કારણ બન્યો છે. તહેવારના દિવસે પત્ની માટે ફાફડા જલેબી લાવવાનું ભૂલી ગયેલા પતિએ ગુસ્સામાં આવીને પત્ની પર હાથ ઉપાડી દેતા મામલો પોલીસ કે અભયમ હેલ્પલાઈન સુધી પહોંચ્યો હતો. વીસ વર્ષના લાંબા લગ્નજીવન બાદ માત્ર એક નાની એવી ખાણીપીણીની વસ્તુને લઈને શરૂ થયેલો આ વિવાદ આખા વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ઘટનાની વિગતો એવી છે કે દશેરાના પવિત્ર દિવસે ઉત્તર વિસ્તારમાં રહેતી એક મહિલાએ નોકરી પરથી પરત ફરતા પતિને રસ્તામાં ફાફડા અને જલેબી લઈ આવવા માટે યાદ કરાવ્યું હતું. પરંતુ પતિ જ્યારે ઘરે પહોંચ્યા ત્યારે તેમના હાથ ખાલી હતા. તેઓ તહેવારની મુખ્ય મિઠાઈ અને ફરસાણ લાવવાનું ભૂલી ગયા હતા. આ વાતથી નારાજ થઈને પત્નીએ પતિ સાથે બોલવાનું બંધ કરી દીધું હતું અને મૌન ધારણ કરી લીધું હતું.

### ગુજરાતભરમાં ડ્રગ્સ સપ્લાય કરવાનો ખેલ નિષ્ફળ!

# 25 કરોડના ઘાતક ડ્રગ્સ સાથે યુપી-દિલ્હીના 3 કુખ્યાત પેડલરો ઝડપાયા

અમદાવાદ

યુવાનોની પેઢીને બરબાદ કરવા માટે ગુજરાતની ધરતી પર રચાઈ રહેલા ડ્રગ્સના વિશાળ અને ખતરનાક નેટવર્ક પર ગુજરાત પોલીસ અને ક્રાઈમ બ્રાંચે સકંજો કસીને સણસણતો પ્રહાર કર્યો છે. અમદાવાદ શહેરમાંથી અંદાજે રૂપિયા ૨૫ કરોડની જંગી કિંમતના પ્રતિબંધિત ડ્રગ્સના જથ્થા સાથે ઉત્તર પ્રદેશ અને દિલ્હીના ત્રણ કુખ્યાત ડ્રગ્સ પેડલરોને ઝડપી પાડવામાં આવ્યા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા સંયુક્ત રીતે પાર પાડવામાં આવેલા આ સનસનાટીભર્યા ઓપરેશને ગુજરાતભરમાં ડ્રગ્સ સપ્લાય કરવાના મોટા રેકેટનો પર્દાફાશ કરી નાખ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર,



પકડાયેલા આ કુખ્યાત શખ્સો દ્વારા બહારના રાજ્યોમાંથી ગુજરાતના અલગ-અલગ શહેરો અને વિસ્તારોમાં આ કરોડો રૂપિયાનું ઝેર સપ્લાય કરવાનું મોટું પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. ડ્રગ્સ માફિયાઓ દ્વારા અમદાવાદને મુખ્ય સેન્ટર બનાવીને રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ આ હેરોઈન કે એમડી ડ્રગ્સ પહોંચાડવાના નાપાક મનસૂબા ઘડવામાં આવ્યા હતા. જો કે, સુરત અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચની સુંઘ શક્તિ અને બાતમીદારોના નેટવર્કે આ સમગ્ર કાવતરાને સમયસર ઉઘાડું પાડી દીધું હતું.

ગુજરાતમાં ડ્રગ્સની હેરાફેરી અટકાવવા માટે અગાઉથી જ કડક વલણ અપનાવવામાં આવ્યું છે, ત્યારે આ બંને ક્રાઈમ બ્રાંચની ટીમોએ બાતમીના આધારે સાયન્ટિફિક અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી ટ્રેપ ગોઠવી હતી. દિલ્હી અને ઉત્તર પ્રદેશથી ડ્રગ્સનો આસમાની જથ્થો લઈને આવેલા ત્રણેય ઈસમો પોલીસના સળિયા પાછળ આવી ગયા છે.

## સંક્ષીપ્ત સમાચાર

### અમદાવાદના લાલ દરવાજા ખાતે મજૂરોના લોહી-પસીનાની કિંમત ચૂકવતી ભાજપ સરકાર સામે પ્રચંડ ટાંકણું

દેશ અને રાજ્યમાં ગરીબ, શ્રમિકો અને મજૂરોના હકના મોટા મોટા દાવા કરતી ભાજપ શાસિત સરકારોની અસલી અને મજૂર વિરોધી પોલ હવે ખુલ્લી પડી ગઈ છે. અમદાવાદના ઐતિહાસિક લાલ દરવાજા વિસ્તારમાં આજે વિવિધ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના નેતાઓ અને હજારો શ્રમિકોએ રસ્તા પર ઉતરીને સરકાર સામે આરપારની લડાઈનું એલાન કરી દીધું છે. INTUC, AITUC, CITU સહિતના અગ્રણી યુનિયનોના સંયુક્ત મંચ દ્વારા યોજાયેલા આ ભવ્ય અને આક્રમક પ્રદર્શને સરકારની ઊંઘ હરામ કરી દીધી છે. ગુજરાત ઈન્ટુકના ઉપપ્રમુખ અને વરિષ્ઠ શ્રમ નેતા શ્રી અશોક પંજાબીની કડાકાભેર આગેવાનીમાં યોજાયેલા આ આંદોલને શ્રમિક વર્ગમાં ચાલી રહેલા દબાયેલા રોષને વિસ્ફોટક રૂપ આપી દીધું છે. પ્રદર્શનને સંબોધતા વરિષ્ઠ નેતા અશોક પંજાબી અને અન્ય યુનિયનના અગ્રણીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારની કામદાર વિરોધી નીતિઓની ધૂળધાણ બોલાવી હતી. તેમણે અત્યંત ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સરકાર જાણી જોઈને 'ઈન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલ' જેવી ન્યાયિક પ્રણાલીને નબળી પાડી રહી છે અથવા તેનું પતન કરી રહી છે.

### વ્હોટ્સએપ પર APK ફાઈલ મોકલી વૃદ્ધનો ફોન હેક, પેન્શન કાર્ડના નામે રૂ.2.40 લાખ ઉપાડી લીધા!

અમદાવાદના દરિયાપુરના 65 વર્ષીય વૃદ્ધ ગુલામનબી શેખને 'બેંક ઓફ બરોડામાંથી પેન્શન કાર્ડ બનાવી આપીશ' કહી, એક ગઠિયાએ વોટ્સએપ પર APK ફાઈલ ડાઉનલોડ કરાવી. વૃદ્ધનો મોબાઈલ હેક કરી, તેમના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ 2.40 લાખ રૂપિયા ઉપાડી લીધા. સાયબર ફ્રોડની જાણ થતાં વૃદ્ધે દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં રહેતા 65 વર્ષીય વૃદ્ધને 'બૅંક ઓફ બરોડામાંથી બોલું છું અને તમારું પેન્શન કાર્ડ બનાવી આપીશ' તેવી લાલચ આપી એક ગઠિયાએ વ્હોટ્સએપ પર શંકાસ્પદ APK ફાઈલ ડાઉનલોડ કરાવી હતી. જે બાદ વૃદ્ધનો મોબાઈલ ફોન હેક કરી તેમના બૅંક ખાતામાંથી ટુકડે- ટુકડે કુલ 2.40 લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. આ સમગ્ર મામલે ભોગ બનનાર વૃદ્ધને સાયબર ફ્રોડ થયાની જાણ થતા દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.દરિયાપુર ખાતે નગીના પોળ, તંબુ ચોકી પાસે રહેતા અને કાલુપુર ટોપીવાળાની પોળમાં પર્સ (પાકીટ) બનાવવાની મજૂરી કરતા 65 વર્ષીય ગુલામનબી રસુલમીયા શેખનું બૅંક એકાઉન્ટ બેંક ઓફ બરોડાની દરિયાપુર શાખામાં છે.

### વસ્ત્રાપુરમાં સેકન્ડ હેન્ડ થાર માટે સગા ભાણેજે જાહેરમાં મામાને જાહેરમાં ઢીબી નાખ્યા

અમદાવાદના વસ્ત્રાપુરમાં સેકન્ડ હેન્ડ થારની માલિકી હક બાબતે વિવાદ થયો હતો. ગુરુકુળ રોડ પર વડાપાઉંની દુકાન પાસે નાસ્તો કરી રહેલા વેપારી અને તેના મિત્ર પર ભાણેજ સહિતના 3 શખસોએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં 2 યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં સેકન્ડ હેન્ડ થાર (Thar) ગાડીની ખરીદી અને તેની માલિકીના હકને લઈને એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગુરુકુળ રોડ પર આવેલી એક વડાપાઉંની દુકાન પાસે નાસ્તો કરવા ગયેલા વેપારી અને તેના મિત્ર પર સગા ભાણેજ સહિતના શખસોએ હુમલો કરી દીધો હતો. આ મારામારીમાં બે યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વસ્ત્રાપુર પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, 21 ઑક્ટોબરના રોજ સાંજના સુમારે ગુરુકુળ રોડ પર આવેલી વડાપાઉંની દુકાન પાસે 23 વર્ષીય જીગર પુરોહિત પોતાની મંગેતર સાથે નાસ્તો કરી રહ્યા હતા, જ્યારે તેના મિત્ર જીનક શાહ થાર પાસે ઊભા હતા.

### દિવાળી વેકેશનમાં જતા પહેલા ઓનલાઇન રૂમ બુક કરાવતા હોય તો સાવધાન, નવરંગપુરાના વૃદ્ધે 9 લાખ ગુમાવ્યા

અમદાવાદના 75 વર્ષીય વૃદ્ધ દિવાળી વેકેશન માટે Airbnbથી રૂમ બુકિંગ કરવા જતાં ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે. હેકરોએ કસ્ટમર સપોર્ટના નામે APK ફાઈલો ડાઉનલોડ કરાવી તેમના મોબાઈલનો એક્સેસ મેળવી લીધો હતો.

બેંક ખાતામાંથી ઈ-મેઈલ આઈડી બદલી કુલ 17 ટ્રાન્ઝેક્શન દ્વારા 9,77,800 રૂપિયા ઉપાડી લેવાયા હતા. આ અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નવરંગપુરા વિસ્તારમાં રહેતા 75 વર્ષીય વૃદ્ધ દિવાળી વેકેશન માટે ઓનલાઈન Airbnbથી રૂમ બુકિંગ કરવા જતાં હેકરે તેમના એકાઉન્ટમાંથી રૂપિયા પડાવી લીધા છે. રૂમ બુકિંગ માટે કસ્ટમર સપોર્ટ તથા કાર્ડ વેરિફિકેશનના નામે અજાણ્યા નંબરો પરથી મોકલાયેલી એપીકે ફાઈલો ડાઉનલોડ કરાવીને હેકર્સે તેના મોબાઈલનો એક્સેસ લઈ લીધો હતો. ત્યારબાદ વૃદ્ધના બૅંક ખાતામાંથી ઈ-મેઈલ આઈડી બદલીને કુલ 17 ટ્રાન્ઝેક્શનથી 9,77,800 રૂપિયાની રકમ ઉપાડતા છેતરપિંડીનો ભોગ બનેલા વૃદ્ધે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI